કિં. ₹૨૦/-
પાના નં-૧

ડિસેમ્બર ૨૦૧૬
જાન્યુઆરી ૨૦૧૭

સળંગ અંક:૬૯
વર્ષ : ૧૨

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ



## ભુજ જ્ઞાતિઃ ૩૦મો સમુહ લગ્ન સમારંભ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID

## રાજકીય ક્ષેત્રે જ્ઞાતિ મહિલાઓનું પદાર્પણ

સ્નેહ મિલન અમદાવાદ... ૧૪ | સમસ્ત કંસારા સમાજ યુવક-યુવતિ પરિચય મેળો...૧૭ | યુથ કોર્નર- જી.એસ.ટી. ...૨૯

KANSARA
Dream Dare Do

Rollers for Bearings
World - Class Worldwide

Kansara Modler Limited
an Indo-German Joint Venture

A-41(B), M.I.A. Phase II, Basni, Jodhpur - 342005.
Tel: +91 291 2741656, 5120656 Fax : +91 291 270657
Website : www.kansara.com Email : info@kansara.com

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૨ ● અંક : ૩
ડિસેમ્બર '૧૬ – જાન્યુઆરી '૧૭

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન / ડિઝાઈન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**
પ્રશાંત બીજલાણી

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**
દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૭૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂ. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

'જ્ઞાતિસેતુ'ના વાચકોને વર્ષ ૨૦૧૭ની હાર્દિક શુભકામના.

ગત વર્ષ આપણા સમાજના સોના ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા બહોળા વર્ગ માટે ખૂબ જ પડકારજનક અને કંઈક અંશે નિરાશાજનક રહ્યું. વર્ષની શરૂઆતમાં સેન્ટ્રલ એક્સાઈઝ મુદ્દે પડેલ હડતાળથી ખાસ કરીને નાના વેપારી અને કારીગર વર્ગને આર્થિક નુકસાની વેઠવી પડી. વર્ષ દરમિયાન સતત મંદીનો માહોલ રહ્યા બાદ નવેમ્બર માસમાં થયેલ નોટબંધીની જાહેરાત 'પડ્યા પર પાટુ' સમાન હતી. ભારત સરકાર પાસે નોટબંધીનો આ નિર્ણય લેવા માટે કદાચ વ્યાજબી કારણો હશે પરંતુ તેની તત્કાલીન આડઅસર રૂપે સમગ્ર દેશમાં રીટેઈલ વેપાર - ધંધા - ઉદ્યોગને કમરતોડ ફટકો પડેલ છે. તેમાં પણ સમાજના છેવાડાના કારીગર વર્ગ તેમજ નાના મોટા વ્યવસાય કરતા લોકો માટે રોજીંદી આવક તેમજ રોજગારીનો પ્રશ્ન પણ વિકરાળ બની ગયેલ છે. નવા વર્ષમાં સ્થિતિમાં હકારાત્મક સુધારો થાય અને સમાજના પરિવારમાં શુખ, શાંતિ અને સમૃદ્ધિમાં વધારો થાય તેવી શુભ કામના.


વર્તમાન સમયની પડકારજનક સ્થિતિમાં ભુજ જ્ઞાતિ દ્વારા સમૂહ લગ્નનું સફળતાપૂર્વક આયોજન થયું જે પ્રસંશનીય ગણી શકાય. તેવી જ રીતે અંજાર જ્ઞાતિ સંસ્થા દ્વારા સમાજવાડીના નિર્માણનું કાર્ય વિવિધ પડકારો વચ્ચે સુચારૂ રૂપે આગળ વધી રહેલ છે તે માટે કાર્ય સાથે સંકળાયેલા સર્વેની જહેમત અભિનંદનને પાત્ર છે.

અમદાવાદ સમાજે આ વર્ષે વાર્ષિક સ્નેહ મિલન દરમિયાન નવા પ્રકારના યુવા કેન્દ્રિત કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જાણીતા વ્યક્તિત્વ વિકાસ તજજ્ઞ શ્રી સંજયભાઈ રાવલનું વ્યક્તિત્વ વિકાસ પર પ્રેરક પ્રવચન રાખ્યું હતું.

આપણો સમાજ હવે રાજકીય ક્ષેત્રે પણ પોતાની ઓળખની પ્રસ્થાપિત કરી રહેલ છે. ખાસ કરીને સમાજની મહિલાઓ આ ક્ષેત્રમાં સફળતા મેળવી રહેલ છે. નગરપાલિકાની ચૂંટણી બાદ ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં આ વખતે આપણા સમાજની મહિલાઓએ જ્વલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. ગ્રામ પંચાયતના સભ્યો તેમજ નખત્રાણા જેવા નગરમાં સરપંચ પદે ચૂંટાવા બદલ તેમને હાર્દિક અભિનંદન. સમાજની મહિલા શક્તિને વંદન.

**– અતુલ સોની**

# અધ્યક્ષ સ્થાનેથી....



**શ્રી મનુભાઈ કોટડિયા**

*'સેતુ'ના સર્વે વાચકોને નવ-વર્ષ શુભેચ્છા.*

'સેતુ'ને ગૌરવ છે કે એ કચ્છના અંતરિયાળ ગામડાંઓથી લઈને દેશ વિદેશમાં અનેક સ્થળે વસતા આપણા પરિજનો સુધી પહોંચી શક્યું છે, એમના વચ્ચે સંવાદ સ્થાપી શક્યું છે, સમાજના પ્રબુધ્ધ વર્ગને એમના વિચારો પ્રસ્તુત કરવા તેમજ યુવાવર્ગને એમની સર્જનાત્મક પ્રતિભા ઉજાગર કરવામાં 'સેતુ' એનું નમ્ર યોગદાન આપી શક્યું છે. નિયત સમયે 'સેતુ' ન મળે તો વાચક અચૂક એની પૃચ્છા કરે છે, જે એની લોકપ્રિયતાનું તેમજ આપણા સમાજમાં મેળવેલા એના આગવા સ્થાનનું સૂચક છે. 'સેતુ' એનું આ સ્થાન જાળવવા સતત પ્રયત્નશીલ રહેશે.

આ તબક્કે સેતુના પ્રકાશન - વિતરણ અંગે કેટલીક વિગતોથી વાચકોને વાકેફ કરવાનું આવશ્યક થયું છે. આશા છે, વાચકો, આ બાબત અવશ્ય ધ્યાનમાં લેશે.

સેતુના પ્રત્યેક અંકનો પ્રકાશન - વિતરણ ખર્ચ અંદાજે રૂા. ૨૦થી ૨૫ હજાર થાય છે. સભ્યો તરફથી મળતું લવાજમ અને થોડી જાહેરાતની આવકથી આ ખર્ચની પૂર્તિ થાય છે. પરંતુ અફસોસ સાથે કહેવું પડે છે કે આજની તારીખમાં લગભગ ૭૦% જેટલા સભ્યોનું એક કરતાં વધુ વર્ષોનું લવાજમ મળવાનું બાકી છે. જાહેરાતની આવક બાબત પણ એ જ સ્થિતિ છે. આ અંગે રીમાઈન્ડરો આપવાનું ઉચિત લાગતું નથી કારણકે 'સેતુ' કમર્શિયલ નથી. એના વાચકો તેમજ વિજ્ઞાપન દાતાઓ ગ્રાહકો નથી પરંતુ 'સેતુ' પરિવારના માનવંતા સભ્યો છે. અને એટલે જ લવાજમ બાકી હોવા છતાં એમને 'સેતુ'ના અંકો મોકલવાનું બંધ કર્યું નથી.

'સેતુ'ના એ સભ્યો, જેમનું લવાજમ બાકી છે, તેમને સહુને બાકી રહેતું લવાજમ તાત્કાલિક મોકલી દેવા વિનંતી છે. 'સેતુ'ના સભ્ય તરીકે જેઓ કાયમ રહેવા ઇચ્છતા હોય તેમને વાર્ષિકને બદલે આજીવન સભ્યપદ મેળવવા તેનું આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/- મોકલવા નમ્ર નિવેદન છે. સાથે સાથે એક અન્ય વિનંતી એ પણ છે કે જો તેઓને 'સેતુ' મંગાવવામાં રસ ન હોય તો તે બાબત પણ જરૂરથી જણાવે. જેથી મેઈલિંગ લીસ્ટમાં એમનું નામ (એમની ઇચ્છા મુજબ) ન રાખીએ.

**મનુભાઈ કોટડિયા**
**અધ્યક્ષ – 'જ્ઞાતિસેતુ'**

## 'જ્ઞાતિસેતુ'ના લવાજમ તથા MED+AID અંગે....

**"MED+AID" માટે દાન ચેક અથવા રોકડમાં સ્વીકારવામાં આવશે.**
**બહારગામથી ચેક ડિપોઝીટ કરવા અથવા નેટ દ્વારા ફંડ ટ્રાન્સફર કરવા બેંક એકાઉન્ટની વિગત નીચે આપેલ છે.**

| | | 'જ્ઞાતિસેતુ' માટે | મેડિકલ સહાયતાના દાન માટે |
|---|---|---|---|
| **A/c. Name** | : | Shri Kachchhi Maru Kansara Soni Gnyati Mandal | Shri Kachchhi Maru Kansara Soni Gnyati Mandal |
| **A/c. No.** | : | 20008658973 | 730 5010 1000 5790 |
| **Bank** | : | Allahabad Bank | Vijaya Bank |
| **NEFT/IFSC** | : | ALLA0211929 | VIJB0007305 |
| **Branch** | : | S.P. Nagar Branch, Ahmedabad. | Manek Chowk |

**ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : (૦૭૯) ૨૨૧૪ ૪૦૦૮ ઈ-મેલ : medaidfund@gmail.com**

# પંચીકરણ – તત્ત્વ દર્શન (૪)

પ્રીન્સી એન. સોની - નખત્રાણા

પાંચ તત્ત્વોના મિશ્રણની પ્રક્રિયા "પંચીકરણ." આ સંદર્ભમાં ગત અંકે આપણે સૂક્ષ્મ દેહના કોષ્ટક અને તેની પહેલી પ્રક્રિયા વિશે સમજ મેળવી.

આજે આપણે સૂક્ષ્મ દેહના કોષ્ટક સમજવા અંગેની અન્ય પ્રક્રિયા વિશે સમજ મેળવીશું. અગાઉ આપણે પચ્ચીસ તત્ત્વોને જાણ્યા, પણ તેનું સ્વરૂપ ઓળખવા માટે તે તત્ત્વોથી જે જે જ્ઞાન, ક્રિયા વગેરે થાય છે તે અંગેની સમજ હોવી જરૂરી છે.

- **અંતઃકરણ પંચક :**

અંતઃકરણ એટલે દેહની અંદર જ્ઞાન, સુખ આદિનું સાધનારૂપ કરણ એટલે કે ઇન્દ્રિયનું સ્વરૂપ. કંઈ કામ કરવાનું થાય ત્યારે પ્રથમ સ્ફુરણ થાય છે ત્યારે અંતઃકરણના દેવતા વિષ્ણુ તેના પ્રકાશક બને છે.

મનનાં દેવતા ચંદ્રમાં છે. તેના કારણે મનમાં સંકલ્પ - વિકલ્પ થયા કરે છે. કોઈ કામનું સ્ફુરણ થયા બાદ તે કામ કરવું અથવા ન કરવું તેનો નિશ્ચય ચંદ્રમાના પ્રકાશ દ્વારા મનમાં નિશ્ચિત થાય છે.

બુધ્ધિના દેવ બ્રહ્મા વડે ેત કાર્યના નિશ્ચયો થાય છે. ચિત્ત દ્વારા નિશ્ચિત કરેલ કામ કઈ રીતે કરીએ તો સારું થાય તેનું ચિંતવન થાય છે. તે ચિત્તના દેવતા નારાયણ દ્વારા થાય છે.

અહંકાર કહેતાં, આ કામ હું જ કરીશ એવું અભિમાન થાય છે. તેના દેવતા રૂદ્રને લીધે અભિમાન થાય છે.

અંતઃકરણ મૂળ સ્વરૂપે તો એક જ છે પણ તેમાં સંકલ્પ - વિકલ્પ, નિશ્ચય આદિ વૃત્તિઓ જુદી જુદી છે. તેથી મન, બુધ્ધિ આદિ નામ પણ જુદા જુદા પડ્યા છે. જેમ મૂળ સ્વરૂપે એક છે. તે રસોઇ કરતો હોય તો રસોઇયો, ભણાવતો હોય તો શિક્ષક, જ્યોતિષ જાણતો હોય તો જ્યોતિષી અને નાડી જોતો હોય તો વૈદ્ય કહેવાય છે. તેમ એક અંતઃકરણમાં વૃત્તિભેદથી મન, બુધ્ધિ, ચિત્ત આદિ જુદા જુદા નામ કહ્યાં છે.

- **પ્રાણપંચક :**

વ્યાન નામે વાયુ શરીરના બધા સ્થાનમાં રહીને સાંધાઓને વાળવારૂપી કામ કરે છે. સમાનવાયુ નાભિસ્થાનમાં રહે છે.

મનુષ્ય જે અન્ન જળને ખાય-પીએ છે તે અન્નાદિકને જઠરાગ્નિમાં પાકીને તેના સ્થુળ, મધ્યમ અને સૂક્ષ્મ એવા ત્રમ ભાગ થાય છે. તેમાં અન્નનો ઘણો સૂક્ષ્મભાગ છે જે થાય છે, તે શરીરમાં હૃદય ઉપર આવીને મન - બુધ્ધિને પુષ્ટ કરે છે. અને જળનો જે સૂક્ષ્મ ભાગ થાય છે તે પ્રાણને પુષ્ટ કરે છે અને અન્ન તથા જળનો બીજો સ્થુળ ભાગ મળ તથા મુત્રરૂપ અસાર થઈ ગુદા અને લિંગ દ્વારા શરીરમાંથી બહાર નીકળી જાય છે.

બાકી રહેલા અન્ન-જળના મધ્યમ રસરૂપી ભાગને સમાનવાયુ, નાડી (નસ) દ્વારા આખા શરીરમાં રોમેરોમે પહોંચાડે છે, કે જે રસનાં પરિણામરૂપ રૂધિર - માંસ આદિથી આખું શરીર પુષ્ટ થાય છે. જેમ બગીચામાં માળી હોય છે તે કૂવામાંથી પાણી કાઢીને ધોરિયા દ્વારા ઠેકઠેકાણે સર્વ વૃક્ષને સરખું પહોંચાડે છે, જેથી વૃક્ષો પ્રફુલ્લિત થાય છે, તેમ સમાન વાયુરૂપી માળી દેહરૂપી અન્ન જળના રસરૂપી પાણીને નાડી દ્વારા પહોંચાડીને આખા શરીરને પુષ્ટ કરે છે.

ઉદાન નામે વાયુ કંઠ સ્થાનમાં રહે છે, ને મનુષ્ય જે અન્ન જળ ખાય પીએ છે, તેના જુદા જુદા વિભાગ કરે છે. તેમજ કંઠમાં 'કિતા' નામે અતિ સૂક્ષ્મ નાડીમાં સ્વપ્ન તથા હેડકી દેખાડે છે.

પ્રાણ નામે વાયુ હૃદય સ્થાનમાં રહી રાત્રિ-દિવસ મળીને ૨૧,૬૦૦ શ્વાસોચ્છવાસ રૂપી કર્મ કરે છે. અપાન વાયુ ગુદા સ્થાનમાં રહીને મળનો ત્યાગ કરે છે.

- **જ્ઞાનેન્દ્રિય પંચક :**

શ્રોત્ર ઇન્દ્રિય (કાન)ના દેવતા દિક્પાલ છે. તેથી શબ્દો સંભળાય છે. તેના વિના બહેરો શબ્દ સાંભળે નહીં.

ત્વચા ઇન્દ્રિયના દેવતા વાયુ છે. તેથી શીત, ઉષ્ણ, કોમળ અને કઠિન સ્પર્શ જણાય છે.

ચક્ષુ ઇન્દ્રિયના દેવતા સૂર્ય છે. તેથી વિવિધ પ્રકારના રૂપ જુએ છે, તે વિના અંધ.

જિહ્વા ઇન્દ્રિયના દેવતા વરૂણ છે, તેથી ખારા, ખાટા, મીઠા વગેરેનો સ્વાદ જણાય છે. તે વિના ન જણાય.

ઘ્રાણ ઇન્દ્રિયના દેવતા અશ્વિનીકુમાર છે. તેથી સુગંધ - દુર્ગંધનો ખ્યાલ આવે છે.

આ પાંચેય ઇન્દ્રિયોને આપણે જાણનાર તથા સાક્ષી છીએ. માટે આપણે તે નથી.

- **કર્મેન્દ્રિય પંચક :**

વાચા (વાણી) ઇન્દ્રિયના દેવતા અગ્નિ છે. તેથી શબ્દ બોલાય છે. તેના વિના મૂંગો બોલી શકે નહીં.

પાણિ (હાથ) ઇન્દ્રિયના દેવતા ઇન્દ્ર છે. તેથી પદાર્થોની આપ-લે થાય છે.

પાદ (પગ) ઇન્દ્રિયના દેવતા ઉપેન્દ્ર (વિષ્ણુ) છે, જેને લીધે જવા-આવવા રૂપી ક્રિયા થાય છે.

શિશ્ન (ઉપસ્થ) ઇન્દ્રિય, તેના દેવતા પ્રજાપતિ છે. તેથી મુત્ર અને રતિભોગ થાય છે. તે વિના નપુંસક.

ગુદા ઇન્દ્રિયના દેવતા મૃત્યુ (યમ) છે. જેને કારણે મળનો ત્યાગ થાય છે.

- **વિષય પંચક :**

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ – એ પાંચ વિષય છે. તેથી પણ આત્મા ભિન્ન છે. તે વિષયરૂપ નથી એમ જાણી તેના વિષયોમાં આસક્ત થયા વિના તે બંધનોનો સમજપૂર્વક ત્યાગ કરવો.

કેમકે એક એક વિષયમાં આસક્ત થઈને એક એક જંતુ નાશ પામે છે. ત્યારે એક મનુષ્ય જો એ પાંચેય વિષયોમાં આસક્ત થાય તો તેનો નાશ કેમ ન થાય?

હવે પ્રશ્ન એ થાય કે કયા કયા વિષયમાં આસક્ત થવાથી કયા કયા જંતુઓનો નાશ થાય છે!

તો શબ્દ વિષયમાં હરણ મરણ પામે છે. જેમ કોઈ હિંસા કરવાવાળો પારધી વનમાં ગાયન કરતો હોય, તેના નાદમાં આસક્ત થઈ હરણ નજીક આવી તે રાગને સાંભળે છે કે તરત પારધી દગાથી હરણને મારે છે. આમ હરણનું શબ્દઆસક્તિથી નાશ થાય છે.

સ્પર્ષ વિષયમાં હાથી મરણ પામે છે. જે દેશમાં હાથીઓ ઘણા હોય છે, તે દેશમાં તે હાથીના દાંતને લેવા માટે જંગલી લોકો જંગલમાં મોટા ખાડા કરે છે, ને તે ખાડા ન દેખાય તે માટે ઉપર વાંસો નાખી ઘાસ પાથરી જમીન બરોબર કરી રાખે છે. ખાડાની જે તરફ હાથીઓનું ટોળું આવતું હોય, તેની સામી બાજુ લાકડાની એક હાથણી રંગ દઈ તૈયાર કરી મૂકે છે. તે જોઈ પેલા દૂરથી આવતા હાથીઓમાંથી કોઈ હાથી એ ખરી હાથણી છે એમ ધારી તેને સ્પર્શ કરવા જેવો દોડે છે, તેવો તરત ખાડામાં પડી મૃત્યુ પામે છે.

રૂપ વિષયના સેવનથી પતંગિયાનો નાશ થાય છે, તે પ્રકટ જોવામાં આવે છે. પતંગિયો દીવાનું રૂપ જોઈ, તેમાં પડી મરે છે.

રસ વિષયથી માછલાનો નાશ થાય છે. તે મચ્છીમારના માછલા મારવાનો લોઢાનો કાંટો ખાવાના રસની લાલચથી મોઢામાં નાખે છે અને તેમાં ભરાઈને મરે છે. તેથી રસ વિષય પણ દુઃખનો હેતુ છે.

ગંધ વિષયથી ભ્રમર મરણ પામે છે. તે ખીલેલા વિકસિત કમળ ઉપર દિવસે ભ્રમર સુગંધની લાલચથી બેસી રહે છે. સાંજ પડે ત્યારે કમળ બીડાઈ જાય છે, તો પણ તે ગંધના લોભથી બહાર નીકળતો નથી. તેવામાં તે ભ્રમર મૃત્યુ પામે છે. આમ ગંધ વિષય પણ દુઃખનો હેતુ છે. માટે એ પાંચ વિષયોમાં દોષદૃષ્ટિ કરી તેઓનો ત્યાગ કરવો.

આમ ઉપર્યુક્ત પ્રક્રિયાનું સદ્‌ગુરૂના ઉપદેશથી સમજીને તે વિલક્ષણ હું સદ્રુપ, ચિદ્રુપ, આનંદ સ્વરૂપ અભોક્તા, અસંગ આત્મા છું. એમ ભૌતિક તથા અનાત્મા જે સૂક્ષ્મ છે અહંતા - મમતાનો ત્યાગ કરવો.

પંચીકરણ અધ્યાત્મના જ્ઞાનનું પ્રથમ સોપાન છે. તે પ્રથમ પગથિયું છે આટલું સીમિત નથી. અર્થાત્ તે આટલેથી નથી થઈ જતું. સ્નાતક અને અનુસ્નાતક શિશુ મંદિરમાં જવું જેટલું જરૂરી છે તેટલું જ જ્ઞાનમાર્ગ દ્વારા સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટે પંચીકરણ સમજવું જરૂરી છે.

પંચીકરણ અધ્યાત્મવિદ્યાના મહત્ત્વનો પ્રમાણગ્રંથ છે. તેના ચિંતનથી વેદાંત વિષયક પ્રક્રિયાઓ સમજવી અતિ સરળ બની જાય છે. તેના કેટલાક અંશોનો આશરો લઈ તત્ત્વ - અધ્યાત્મને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અધ્યાત્મના જ્ઞાનમાર્ગનો પરિચય આપવાના ઉદ્દેશથી પંચીકરણના અંશોને મઠારીને અહીં વ્યક્ત કર્યા છે. પ્રથમ કૃતિથી લઈ અત્યાર સુધીમાં લખવામાં કંઇ ભૂલચૂક થઈ ગઈ હોય તો તે બદલ ક્ષમાપ્રાર્થી છું.

*देहाभिमाने गलिते विज्ञाने परमात्मनि ।*
*यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥*

અસ્તુ.

*મો. ૭૦૬૯૮ ૬૫૦૯૯*
*ઈ-મેઈલ :* ***kattapinnu@gmail.com***

***પ્રલોભનોને ટાળે, પ્રતિકૂળતાઓને સ્વીકારે એ જ પ્રસન્નતાને ટકાવે છે.***

*મોરલા રે! મુંકે ડે, તોજો કોડીલો કંઠ*
*મુંજી રીસાયલી વડરીકે છેલા છેલા સડ કરી ગિના.*

**– દુલેરાય કારાણી**

***(પત્નીના અવસાન શોકે રચાયેલા ઉર્મિ કાવ્યની એક પંક્તિ 'સોનલ બાવની'માંથી)***

# ભુજ જ્ઞાતિ આયોજીત ૩૦મો સમૂહ લગ્ન

મહેશ બારમેડા




આર્યાવર્તના આથમણા છેડા કચ્છ ધરણી માં આશાપુરાની પાવન ધરા પર તથા કાલીકા માતાજીની ધજાનો ફડફડાટ ગુંજે છે તેવી ભુજની ધરા પર ભારત વર્ષમાં વસતા જ્ઞાતિજનોના હૃદયમાં અંકિત થયેલી જ્ઞાતિ ભાવનાની તસવીરને ઉજાગર કરનાર ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ આયોજીત ૩૦મા સમૂહ લગ્નોત્સવમાં સર્વે દાતા, ૯ નવદંપતી, મુખ્ય મહેમાનો, અતિથિ વિશેષશ્રીઓની ઉપસ્થિતિમાં જ્ઞાતિજનોને આવકાર આપવામાં આવેલ. શબ્દોથી સ્વાગત નવીનભાઈ હેડાઉએ કરેલ. મુહુર્ત મુજબ લગ્નવિધિ સંપન્ન થયા બાદ સત્કાર સમારંભ તા. ૧૩-૧૨-૨૦૧૬ના રોજ સંપન્ન થયેલ.

સત્કાર સમારંભ સમયસર બપોરે ૩.૧૦ કલાકે શરૂ કરવામાં આવેલ. જેમાં મુખ્ય મહેમાનોમાં નખત્રાણા પ્રમુખ અને સમારંભના મુખ્ય મહેમાન ભરતભાઈ બેચરલાલ બગ્ગા, સમારંભના પ્રમુખ ભુજ જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ બગ્ગા, મહામંડળના પ્રમુખ સમાજશ્રેષ્ઠી પ્રભુદાસભાઈ ગુજરાતી, મહામંત્રી પ્રેમજીભાઈ સોલંકી, લગ્નવિધિના આચાર્ય મૈત્રેય સુમનભાઈ વ્યાસ, જગદીશભાઈ ચૌહાણ, મુખ્ય દાતા પરિવાર સન્માન ખર્ચના દાતા સ્વ. કિશોરભાઈ જટુભાઈ ચનાણી, જાહેરાત ખર્ચના સૌજન્ય સ્વ. ઝવેરીલાલ શિવજી બુધ્ધભટ્ટી, ધાર્મિક ખર્ચના સૌજન્ય સ્વ. દયારામ મુરજી ચૌહાણ, લગ્ન પત્રિકાના સૌજન્ય સ્વ. પોપટલાલ પદમશી પોમલના પરિવારજનોએ સહયોગ આપેલ. ૫૪ સહયોગી દાતાઓ સમૂહ લગ્ન પત્રિકામાં સહયોગી દાતા રહેલ.

અતિથિ વિશેષ શ્રી કલ્પનાબેન સાકરીયા, ડૉ. ભક્તિબેન કટ્ટા, જયેશભાઈ ગુજરાતી, જગદીશભાઈ મોતીલાલ બુધ્ધભટ્ટી, ધીરજભાઈ ઓધવજી બારમેડા, પ્રભુલાલ શાંતિલાલ ગુજરાતી, આનંદભાઈ જેઠાલાલ બુધ્ધભટ્ટી, ગોવિંદભાઈ ધનજી બુધ્ધભટ્ટી, જૈમિન જેઠાલાલ બારમેડા, પ્રકાશભાઈ ભગતલાલ બારમેડા, શશીકાંતભાઈ હરિરામ બારમેડા રહેલ. દીપ પ્રાગટ્ય મહેમાનોના હસ્તે કરી શુભારંભ થયેલ.

સૌપ્રથમ લગ્નવિધિના આચાર્ય મૈત્રેય સુમનભાઈ ગોરનું જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ બગ્ગાએ સ્વાગત કરેલ અને ગોરબાપાએ નવદંપતીઓને આશીર્વચન પાઠવેલ. ત્યારબાદ નવદંપતીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. કન્વીનર શ્રી ભરતભાઈ હિંમતલાલ બગ્ગા, ભાવેશ બુધ્ધભટ્ટી, દયારામભાઈ પોમલએ નવદંપતીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ.

ચેતનભાઈ બારમેડાએ સમૂહ લગ્ન સમિતિનો અહેવાલ આપેલ. જેમાં નવરાત્રિના શુભારંભે ફોર્મ ભરવાનું શરૂ થતાં સમૂહ લગ્ન સમિતિનું કામકાજ શરૂ થાય છે. ૩ મહિનાથી ચાલતી તૈયારી માટે વિવિધ સમૂહ લગ્ન સમિતિની રચના કરવામાં આવે છે. દરેક સમિતિના કન્વીનર આ પ્રમાણે હતા. ★ ***લગ્ન નોંધણી સમિતિ :*** મુળજીભાઈ કટ્ટા, ★ ***રસોડા સમિતિ :*** અશોકભાઈ બુધ્ધભટ્ટી, ★ ***ધાર્મિક સમિતિ :*** સંદીપ વ્રજલાલ, ★ ***સ્ટેજ સમિતિ :*** જીગરભાઈ બુધ્ધભટ્ટી, ★ ***મંડપ***



*સમિતિ :* સંજય બુધ્ધભટ્ટી, ★ *ભેટ સોગાદ સમિતિ :* દયારામભાઈ પોમલ.

મુખ્ય દાતાને સ્મૃતિચિહ્ન આપીને સન્માન કરવામાં આવેલ. જેમાં જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ બગ્ગાએ પ્રભુદાસભાઈ ગુજરાતી, ભરતભાઈ બેચરલાલ બગ્ગાએ મુખ્યદાતાનું સન્માન કરેલ. ત્યારબાદ સહયોગી દાતા ૫૪નું શાલ ઓઢાડીને અતિથિ વિશેષશ્રી તથા ઘટક પ્રમુખોના હસ્તે સન્માન કરવામાં આવેલ. અતિથિ વિશેષ જ્ઞાતિના ડૉ. ભક્તિબેન કટ્ટાએ પોતાના વક્તવ્યમાં જ્ઞાતિસેવા માટે કોઈપણ સંકોચ વગર પોતાની સેવા ઉપલબ્ધ છે અને 'રોગ વિશે કઈ રીતે સારવાર કરવી?' અંગે માહિતી આપેલ.

દર વર્ષે સમૂહલગ્નમાં ઘટતી નવદંપતીની સંખ્યા વિશે ભુજ જ્ઞાતિએ સવારથી જ પરિપત્ર જાહેર કરેલ. જેમાં જ્ઞાતિજનો પાસે સૂચન મંગાવવામાં આવેલ. આવેલ સૂચન વિશે જ્ઞાતિ વતી પ્રતિભાવ ચંદુભાઈ ચનાણીએ આપેલ. પ્રભુદાસભાઈએ પણ ઘટતી સંખ્યા વિશે ચિંતા વ્યક્ત કરેલ. પણ ભુજ જ્ઞાતિ તેના કારણો જાણી અને આવનાર સમૂહ લગ્નમાં કેમ સંખ્યા વધે તેના પ્રયત્ન કરશે તેવું જણાવેલ. ભરતભાઈ બગ્ગાએ નવદંપતીને શુભ આશિષ આપી તેમના માતા-પિતાને પોતાની ફરજો વિશે વાત કરેલ કે તમે વહુને દીકરી ગણજો અને મન મોટું રાખી સલાહ સૂચન આપતા રહેજો. વડીલોની ફરજ છે કે સંબંધ ટકાવી રાખવા માટે એકબીજાની ભૂલોને માફ કરવી. જ્ઞાતિ પ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગાએ 'સમાજ અને પરિવારમાં વડીલોનું મહત્ત્વ કેટલું?' તેનું ઉદાહરણ આપીને જ્ઞાતિજનોને તેની મહત્ત્વતા સમજાવેલ. વડીલો, પરિવારને જોડે છે, સમાજની પ્રગતિમાં ઉપયોગી અંગ છે. તેમનો આદર કરો. નવદંપતીને વડીલોનું માન-સન્માન જાળવવા કહેલ.









આભારવિધિ ભુજ યુવક મંડળના પ્રમુખ રાહુલભાઈ ચનાણીએ આપેલ. મહિલા મંડળના પ્રમુખ રોહિણીબેન બુધ્ધભટ્ટી, ડૉ. કલ્પનાબેન સાકરીયાએ નવદંપતીને ગૌ-દાન કવર અર્પણ કરેલ.

મહિલા મંડળ દ્વારા 'મા અમૃતમ' યોજનાના ફોર્મ ભરાવવામાં આવેલ અને જ્ઞાતિજનોને જરૂરિયાતમંદો માટે સેવા આપેલ.

સંચાલન મહેશ બારમેડાએ કરેલ. સાથે જીગર બુધ્ધભટ્ટી, સંજય બુધ્ધભટ્ટી, ચેતન બારમેડા, રાજેશ સોલંકી, મહેશ ગુજરાતી, હિતેશ પોમલ, રાહુલભાઈ ચનાણીએ કરેલ.





# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**લતા સોલંકી**

બાળ દિવસ એટલે બાળકોનો મનગમતો દિવસ. બાળકોના પ્યારા નહેરૂ ચાચાનો જન્મદિવસ. ૧૪ નવેમ્બર, ૨૦૧૬ના રોજ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા ખાસ દિવસ નિમિત્તે બાળકો માટે "જસ્ટ ફોર ફન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં બાળકોએ હોંશે હોંશે ભાગ લીધો હતો.

અરૂણાબેન બુધ્ધભટ્ટી અને ખુશાલીબેન બુધ્ધભટ્ટી કાર્યક્રમના ચેર પર્સન રહ્યા. તેઓએ બાળકોને જુદી જુદી રમતો રમાડી ખુશખુશાલ કર્યા હતા. કાર્યક્રમના અંતે બાળકોને મહિલા મંડળના પ્રમુખ રોહિણીબેન બુધ્ધભટ્ટી અને અન્ય સદસ્યોના હસ્તે ભેટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન લતાબેન સોલંકીએ કર્યું હતું. શીતલબેન, ભાવનાબેન, રીટાબેન, જયશ્રીબેને સહયોગ આપ્યો હતો. જુદી જુદી ગેમમાં વિજેતા બાળકોને મહિલા મંડળે અભિનંદન આપ્યા હતા.

***રમાડવામાં આવેલ ગેમ તથા તેમાં વિજેતા થયેલ બાળકો:***

★ **કૃષ્ણ હનુમાન** : ***પ્રથમ*** : હેમ બીમલભાઈ પરમાર, ***દ્વિતીય*** : હેમ રાજુભાઈ પોમલ.

★ **પાસિંગ ધ પાર્સલ** : ***પ્રથમ*** : તનીષા જયેશભાઈ બુધ્ધભટ્ટી, ***દ્વિતીય*** : શિવાની ઉમેશભાઈ છત્રાળા.

★ **દેડકા દોડ** : ***પ્રથમ*** : દેવ પારસભાઈ કટ્ટા, ***દ્વિતીય*** : મંથન બિપીનભાઈ પોમલ.

★ **મ્યુઝીકલ ચેર** : ***પ્રથમ*** : શિવાની ઉમેશભાઈ છત્રાળા, ***દ્વિતીય*** : આદિત્ય હીરેન બીજલાણી વિજેતા થયા હતા.

બાળકોએ રમતગમતનો આનંદ માણ્યો હતો અને ફરી બાળ દિવસ જલ્દી આવે એવી ભાવના વ્યક્ત કરી હતી.

★

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા તા. ૧૨-૧૨-૨૦૧૬ના રોજ યોજાયેલ સમૂહ લગ્નમાં "મુખ્યમંત્રી અમૃતમ્ 'મા' યોજના" અને "મુખ્યમંત્રી અમૃતમ 'મા' વાત્સલ્ય યોજના"ના નિઃશુલ્ક કાર્ડ બનાવવાનો કેમ્પ ગોઠવવામાં આવેલ. ટુંકમાં આ કાર્ડને "મા" કાર્ડ કહેવામાં આવે છે. "મા" કાર્ડ બનાવવાથી કુટુંબને ગુજરાત સરકારે નક્કી કરેલી આશરે ૧૬૧ હોસ્પિટલમાં વરસે બે લાખ સુધીની સારવાર નિઃશુલ્ક મળે છે. જેથી આકસ્મિક આવેલી ગંભીર બીમારીમાં આર્થિક ટેકો મળી રહે છે.

કેમ્પનું ઉદ્‌ઘાટન જ્ઞાતિ પ્રમુખ શ્રી દિલીપભાઈ અને મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રોહિણીબેનના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવેલ. લતાબેન સોલંકી ચેરપર્સન રહ્યા હતા. મહેશભાઈ કંસારાએ માર્ગદર્શન આપી ફોર્મ ભરી આપવાની કિંમતી સેવા આપી હતી. પૂર્વ જ્ઞાતિ પ્રમુખ શ્રી ઈન્દુભાઈ હરિરામ સોલંકીએ નિઃશુલ્ક એફીડેવીટ બનાવી અમૂલ્ય સહયોગ આપ્યો હતો. ભાવનાબેન બુધ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી, અરૂણાબેન બુધ્ધભટ્ટીએ વ્યવસ્થા સંભાળી હતી. નગર પાલિકાના ઉપપ્રમુખ શ્રીમતી સુશીલાબેન આચાર્યએ કેમ્પની મુલાકાત લઈ મહિલા મંડળના કાર્યને બિરદાવી અભિનંદન આપ્યા હતા. મહિલા મંડળના સભ્યો નીલાબેન, ભાવનાબેન, પ્રીતિબેન, જયેષ્ઠાબેન, શીતલબેન, ખુશાલીબેન અને જયશ્રીબેને સહયોગ આપ્યો હતો. જ્ઞાતિ અગ્રણીઓએ કેમ્પની મુલાકાત લઈ 'સારૂં કામ થઈ રહ્યું છે' કહી ખુશી વ્યક્ત કરી હતી.

***ખાસ નોંધ*** : જે જ્ઞાતિજનો "મા" કાર્ડ બનાવવા માંગતા હોય તેઓ લતાબેન સોલંકીનો સંપર્ક કરશે તો તેઓને માર્ગદર્શન પૂરું પાડી કાર્ડ બનાવવામાં મદદરૂપ થશે.

સંપર્ક : ૯૭૨૫૩ ૨૦૪૪૪

★

રોજીંદા જીવનની ઘટમાળ તન-મનને થકવી નાખે છે અને માનવ મન તરોતાજા થવા ઝંખે છે. મનને તરોતાજા કરી જીવનમાં નવા જોમ અને ઉત્સાહ ભરવાના શુભ આશય સાથે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા તા. ૨૫-૧૨-૨૦૧૬ના રોજ આનંદ મેળાનું આયોજન કરવામાં આવેલ. આનંદ મેળાનું ઉદ્‌ઘાટન જ્ઞાતિ પ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગાના હસ્તે કરવામાં આવ્યું હતું. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટી, દિલીપભાઈ અને મહિલા મંડળના સદસ્યોએ આનંદ મેળામાં દરેક સ્ટોલની મુલાકાત લઈ સ્ટોલ ધારકોને પ્રોત્સાહિત કર્યા હતા. મહા મંડળના પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી, મહામંત્રી પ્રેમજીભાઈ સોલંકી, મંત્રી શ્રી ઈન્દુભાઈ સોલંકીએ પણ મેળાની મુલાકાત લઈ મહિલા મંડળની પ્રવૃત્તિને બિરદાવી હતી. દિલીપભાઈએ જણાવ્યું હતું કે સ્ટોલ ધારક ભાઈ-બહેનો આનંદ મેળા પછી પણ પોતાના કામથી આર્થિક ઉપાર્જન ચાલુ રાખે અને કુટુંબને મદદરૂપ થાય એજ આનંદમેળાની ફળશ્રુતિ કહેવાય. યુવક મંડળના સભ્યોએ પણ મુલાકાત લીધી હતી.

મેળામાં ભુજ ઉપરાંત માધાપર, દહીંસરા, અંજાર, માંડવીના ભાઈ-બહેનોએ પણ સ્ટોલ રાખ્યા હતા. સ્ટોલમાં વૈવિધ્ય હતું. ક્રાફ્ટ, શૃંગાર, મોતીકામ, કટલરી, ઘર વપરાશની વસ્તુઓ, જુદી જુદી ગેમ સાથે ખાણીપીણીની વિવિધ ડિશોએ આકર્ષણ જમાવ્યું હતું. લોકોએ મનભરીને મેળો માણ્યો હતો. જ્ઞાતિજનો તરફથી ડોનેશન મળ્યું હતું. લતાબેન સોલંકીએ "મુખ્યમંત્રી અમૃતમ મા યોજના" અને






"મા વાત્સલ્ય યોજના"ની ઉપયોગી જાણકારી આપી હતી.

અરૂણાબેન, શીતલબેન, ભાવનાબેન અને ખુશાલીબેને ચેરપર્સન તરીકે પ્રસંશનીય કામગીરી બજાવી હતી. માલવીબેન, જયશ્રીબેન, કીમબેન, નીલાબેન, રીટાબેને વ્યવસ્થા સંભાળી હતી. પ્રીતિબેન, જયશ્રીબેન છત્રાળાએ અને અન્ય સભ્યોએ સાથ સહકાર આપ્યો હતો.



## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ - નલીયા : હોદ્દેદારો

### જ્ઞાતિ સમાજ




હરેશ ત્રિકમદાસ બારમેડા
પ્રમુખ




નરેન્દ્ર હંસરાજભાઈ પરમાર
ઉપપ્રમુખ

### યુવક મંડળ



પરેશ માવજીભાઈ પરમાર
પ્રમુખ




રાજેશ બાબુલાલ સાકરીયા
ઉપપ્રમુખ

### મહિલા મંડળ



ભામીની હરેશ બારમેડા
પ્રમુખ



પ્રેમીલાબેન નરેન્દ્ર પરમાર
ઉપપ્રમુખ



જાગૃતિબેન રાજેશ સાકરીયા
મંત્રી



લતાબેન દીપક ગુજરાતી
મહામંત્રી



શીલાબેન જયેશ પરમાર
ખજાનચી

## સ્નેહમિલન કાર્યક્રમ અહેવાલ

*– અનિલભાઈ બગ્ગા*

શ્રી અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિ આયોજિત સ્નેહ મિલન સાથે જનરલ મિટીંગ અને લાણા ભરવાનું આયોજન તા. ૯-૧-૨૦૧૬ને રવિવારે સાંજે ૫.૦૦ કલાકે જ્ઞાતિની સમાજવાડી કમ્પાઉન્ડમાં આ કાર્યક્રમ રાખેલ. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહેલ.

આ કાર્યક્રમ સાથે જનરલ મિટીંગ હોતાં દર વરસની જેમ જ્ઞાતિના વહીવટનો નાણાંકીય અહેવાલ રજૂ કરવામાં આવ્યો તથા લાણા ભરવાનું કાર્ય કરવામાં આવેલ. જ્ઞાતિના સમાજ ભવનનું બાંધકામ ચાલુ હોતા તેનાથી જ્ઞાતિજનોને માહિતગાર કરેલ.

પ્રમુખ શ્રી ફોરમભાઈ પોમલે જ્ઞાતિજનોને આ સમાજવાડી બાંધકામ માટે ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરેલ. જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ હેડાઉ તથા પ્રકાશભાઈ બારમેડાએ જ્ઞાતિજનોને આ સમાજવાડી બાંધકામ અંગે વિગતવાર જાણકારી આપેલ. લાણા નોંધવાનું કામ સહ ખજાનચી જગદીશભાઈ છત્રાળાએ જવાબદારી સંભાળેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્યો ભરતભાઈ કંસારા, ઈશ્વરલાલ બારમેડા, શિવલાલભાઈ મૈચા, શાંતિલાલ બુધ્ધભટ્ટી, શૈલેષભાઈ પોમલ, કિશોરભાઈ બુધ્ધભટ્ટી, સુરેશભાઈ વીસા પરમાર, મનનભાઈ પોમલ, સંદીપભાઈ બુધ્ધભટ્ટી, શશીકાંત બારમેડાએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ બુધ્ધભટ્ટીએ કર્યું હતું.

આ કાર્યક્રમમાં યુવક મંડળ કારોબારી કમિટીની મુદત પૂરી થતાં સંદીપભાઈ બુધ્ધભટ્ટીએ પ્રમુખપદેથી રાજીનામું આપ્યું હતું. તેમના સ્થાને અરૂણભાઈ વીસા પરમારની સર્વસંમતિથી યુવક મંડળના પ્રમુખ તરીકે પસંદ કરી નિમણુંક કરાઈ.

મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પિંકીબેન કટ્ટા, અંજનાબેન પોમલ, રીમાબેન પોમલ તથા પુજાબેન બારમેડા અને મહિલા મંડળના કારોબારી સભ્યોએ પણ હાજરી આપેલ. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અલ્પાહાર રાખેલ. સર્વે જ્ઞાતિજનો એકબીજાને મળ્યા હતા અને ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો એમ જ્ઞાતિના મંત્રી શ્રી અમિતભાઈ બગ્ગાએ યાદીમાં જણાવ્યું હતું.

## અંજાર જ્ઞાતિ યુવક મંડળ અને મહિલા મંડળ આયોજીત નવરાત્રી કાર્યક્રમ અહેવાલ

*– અંજના એન. પોમલ*

અંજાર જ્ઞાતિ યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા આસો સુદ-એકમથી દશેરા તથા શરદ પૂનમના રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રામકૃષ્ણ મહાવીર નગર પાર્ટી પ્લોટ મધ્યે રાખવામાં આવ્યું હતું.

ગત સાલ મુજબ આ સાલ પણ રાત્રિના રાસ-ગરબાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં રોજના ૬ ઈનામો પૈકી ૩ બાળકોના તથા ૩ મોટાઓના રાખવામાં આવ્યા હતા. તે ઉપરાંત અન્ય સ્પર્ધાઓમાં બેસ્ટ જોડી, બેસ્ટ ગ્રુપ, કલરકોડ સ્પે. જેવી સ્પર્ધાઓ મંડળ તરફથી રાખવામાં આવી હતી અને છેલ્લા પાંચ દિવસ સ્વૈચ્છિક સ્પર્ધાઓમાં બાળકો તથા મોટાઓમાં યોગ્યતા મુજબ એટલે કે જજીસ ચોઈસ તેમજ બેસ્ટ કપલ, બેસ્ટ પર્સનાલીટી, સ્ટેમિના ઍવોર્ડ રાખવામાં આવ્યા હતા. તેમજ પ્રિયા મૈચા, દિપાલી બારમેડા, ભક્તિ હેડાઉ, દિપીકા મૈચા, ફેની કટ્ટા, મયુરી મૈચા, એકતા બુધ્ધભટ્ટી તથા પ્રિયલ ગુજરાતીએ ગ્રુપ ગરબો રજૂ કર્યો હતો તથા આઠમના દિવસે બહેનોએ માથે ગરબાનો રાસ કર્યો હતો. ગ્રુપ ગરબો તથા માથે ગરબો લઈ રાસ-ગરબા દ્વારા પોતાની કલા પ્રદર્શિત કરી હતી તે ખૂબ જ સરસ હતી. આ દરેક બહેનોને જ્ઞાતિ આગેવાનો દ્વારા ભેટ તથા રોકડ પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

રોજના ૩ બાળકોના ઈનામોના દાતા સાવિત્રીબેન બારમેડા હતા તથા ૩ મોટાઓના ઈનામોના દાતા સ્મિતાબેન વીસાપરમાર હતા. ઈનામોમાં નવતર પ્રયોગ તરીકે પર્યાવરણ પ્રેમી એવા સ્મિતાબેને પર્યાવરણ બચાવ અભિયાન (ગો ગ્રીન)ની શરૂઆત કરી ઈનામો સાથે વૃક્ષના રોપા આપ્યા હતા.

દશેરાના તથા શરદ પૂર્ણિમાના યુવક મંડળ દ્વારા અલ્પાહારનું આયોજન રાખવામાં આવ્યું હતું તથા પ્રતિદિન ૫-૬ બહેનો દ્વારા માતાજીને મિષ્ટાન્નની અલગ અલગ પ્રસાદી ચડાવવામાં આવતી.

બીજા નોરતા રવિવારના રોજ મહિલા મંડળ દ્વારા શ્રી કાલીકા માતાજી મંદિર મધ્યે કુમારીકાઓ માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિની કુમારીકાઓ, પૂ. દેવેનભાઈ ગોરના પરિવાર, બાવાજીના પરિવાર,

કારોબારી, યુવક મંડળ તથા મહિલા મંડળના સભ્યો માટે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા મંડળ તરફથી તેમજ જ્ઞાતિજનો દ્વારા રોકડ તેમજ ભેટ સોગાદો દરેક કુમારીકાઓને આપવામાં આવી હતી. એ જ દિવસે સાંજે મંદિર મધ્યે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજથી શક્તિ મહિલા મંડળી આમંત્રિત કરવામાં આવી હતી. આ ગરબામાં સર્વે જ્ઞાતિ બહેનોએ ભક્તિનો આનંદ માણ્યો હતો.

આસો સુદ આઠમ દિવસે દર વર્ષ મુજબ આ વર્ષે પણ શ્રી કાલીકા મંદિર મધ્યે હવન રાખવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિના ગોરબાપા પૂ. દેવેનભાઈએ પૂજા કરાવી હતી. જેમાં હવનમાં બેસવાનો લાભ ભક્તિબેન મીતેશભાઈ હેડાઉએ લીધો હતો.

આસો સુદ નોમના શ્રી કાલીકા માતાજી મંદિર મધ્યે દેવકી પૂજન રાખવામાં આવ્યું હતું. જેમાં દર સાલ જ્ઞાતિના ગોરને વધારે ચડતરની રકમ મળી રહે તે માટે જેઓ વધારે ચડતર આપે, તેઓને પૂજાનો લાભ મળતો. જેમાં આ વર્ષે નાના કે મોટા દરેક જ્ઞાતિજનોને પૂજાનો લાભ મળે તેવા હેતુને ધ્યાનમાં રાખી જ્ઞાતિના ગોર પૂ. દેવેનભાઈ, જ્ઞાતિ પ્રમુખ ફોરમભાઈ પોમલ તથા કારોબારી સભ્યો દ્વારા જૂની પરંપરામાં થોડી ફેરબદલી કરવામાં આવી હતી. જેમાં પૂ. ગોરબાપાને જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા લ્હાણો આપવો તથા મંદિરમાં ઉપસ્થિત જોડીઓમાંથી ચિઠ્ઠી દ્વારા લક્કી ડ્રો માં જેમનું નામ નીકળે તેઓને પૂજાનો લાભ મળે. જેમાં દેવકી પૂજનમાં રીમાબેન શૈલેષભાઈ પોમલને તથા જુગલ કાનજીભાઈ મૈચાને ૬૪ જોગણીની પૂજાનો લાભ મળ્યો હતો. અગાઉથી ચાલી આવતી આ દેવકી પૂજામાં મુખ્ય સહયોગ માતા પંથીઓનો હોય છે. પૂજા પહેલાની પૂર્વ તૈયારી તેમજ ખાજા બનાવવા મુખ્ય છે. જેમાં જ્ઞાતિની બહેનોનો પણ સહયોગ હોય છે. તમામ જ્ઞાતિજનોના સાથ, સહકાર દ્વારા જ બધા કાર્યક્રમો સારી રીતે થતા હોય છે.

## મારૂ કંસારા સોની જ્ઞાતિના પરિવારોનું સમૂહ લગ્નથી પણ એક પગલું આગળ

### છ પરિવારના યોજાયા ગ્રુપ લગ્ન

નખત્રાણા તાલુકાના મારૂ કંસારા સોની સમાજના છ જેટલા પરિવારોએ એકસંપ કરી, નખત્રાણાથી ૮ કિ.મી.ના અંતરે આવેલા કોટડા (જડોદર) ગામે પાટીદારોની વિશાળ સમાજવાડી ખાતે સમૂહ લગ્નથી પણ એક પગલું આગળ વધીને હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી વિદ્વાન પંડિતો મારફત લાજવાબ ગ્રુપ લગ્ન યોજીને દરેક સમાજને પ્રેરણાદાયક થાય તે રીતે ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ ગ્રુપ લગ્નમાં અબડાસા અને નખત્રાણા તાલુકાના મારૂ કંસારા સોની સમાજના છ જેટલા પરિવારોને વેવાઈઓએ બેઠકો યોજીને એક જ સ્થળે સૌ સાથે મળીને પોતપોતાના સગા સંબંધીઓને એક જ સ્થળે આમંત્રણ પાઠવીને લગ્નની પૂરતી વિધિ સહિત ગ્રુપ લગ્ન યોજયા હતા. આ પ્રસંગે સવારે ઠંડા પહોરમાં દરેક વરરાજાનો સંયુક્ત વરઘોડો નીકળ્યો હતો જેણે ગામમાં પણ અનેરું આકર્ષણ ઊભું કર્યું હતું.

ખાસ વિશિષ્ટતા તો એ હતી કે લગ્નની તમામ વિધિ અહીં જ કરવામાં આવી હતી અને દરેક પરિવારના સગાસંબંધી પણ અહીં જ આવ્યા હતા. પોતપોતાના ઘરે કોઈ જ જાતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો નહોતો. માત્ર આણાનો કાર્યક્રમ દરેક પરિવારે પોતપોતાની રીતે નક્કી કર્યો હતો.

આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લો સોના-ચાંદી મહામંડળના પ્રમુખ હીરાલાલ સોનીને સાંભળવાનો આગ્રહ રાખતા તેમણે નવદંપતીને સપ્તપદીના સોગંદ લગ્નના મંડપમાં લીધા પછી જવાબદારી કેવી રીતે નિભાવવી જોઈએ તે વાત સમજાવતા જણાવ્યું હતું કે, કન્યા પોતાના માતા-પિતાની હૂંફ છોડીને નવા ઘરે લક્ષ્મીના રૂપમાં પગ મૂકશે ત્યારે કાયમ માન-સન્માન આપવામાં આવે. સમાજના અગ્રણી હેમેન્દ્રભાઈ કંસારા, મણિલાલ ગોવિંદજી એડવોકેટ, ગંગારામભાઈ, નલિયાના રમેશભાઈ પોમલ, જેન્તીલાલ ગુજરાતી, કોટડાના વેલજીભાઈ, દયાપરના મોહનલાલ હીરજી, અંજારના કિરણભાઈ સોની, માનકુવાના દર્શનાબેન સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહ્યા હતા.

*સૌજન્ય : 'કચ્છમિત્ર'*

*કડેક કોસા વાયરા, કડેં થધી હલકાર,*
*કારાણી હર હાલમેં ખિલી કરે ખીંકાર.*

*– દુલેરાય કારાણી*
*(મિઠે મેરામણ જા મોતીડા)*

**કદીક ઉના વાયરા, કદીક ટાઢ ને ઠાર;**
**કારાણી હર હાલનો મલકી કરે સત્કાર.**

# શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર

**પાયલબેન પોમલ**

'જ્ઞાતિસેતુ' પરિવારને નૂતન વર્ષની ઘણી ઘણી શુભ કામનાઓ. રાયપુર મધ્યે તા. ૬-૧૧-૨૦૧૬ને રવિવારના રોજ શ્રી કૌશિકભાઈ કટ્ટાની અધ્યક્ષતામાં દિવાળી મિલન કાર્યક્રમનું આયોજન કરેલ હતું.

સવારે જ્ઞાતિજનોએ દિવાળી અને નવ વર્ષની શુભકામનાઓ આપતાં કાર્યક્રમમાં જનરલ મિટીંગમાં સામાન્ય ચર્ચા વિચારણા થઈ. એ બાદ શ્રીમતી ઉર્મિલાબેન વિનોદભાઈ પોમલનો કાર્યકાળ પૂર્ણ થતાં નવા અધ્યક્ષ માટે મહિલા મંડળ ચુનાવની પ્રક્રિયા શરૂ કરાઈ. જેમાં સર્વે મહિલા સભ્યોની ઉપસ્થિતિમાં શ્રીમતી કિરણબેન દીપકકુમાર બારમેડાનો અધ્યક્ષ તરીકે ચુનાવ થયો.

સાંજે શૈક્ષણિક પુરસ્કારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નર્સરીથી માસ્ટર ડિગ્રી ધારકો સુધી સર્વે વિદ્યાર્થીઓને દર વર્ષે શૈક્ષણિક પુરસ્કાર આપવામાં આવે છે.

કાર્યક્રમના અંતે શ્રી કૌશિકભાઈ કટ્ટાએ સર્વે જ્ઞાતિજનોને દિવાળી અને નવ વર્ષની શુભ કામનાઓ આપી.

મહિલા મંડળ તરફથી પણ સર્વે જ્ઞાતિજનોને નવ વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ આપવામાં આવેલ.

***શ્રી મારૂ કંસારા સોની સમાજ રાયપુર દ્વારા વર્ષ ૨૦૧૬-૨૦૧૮ માટે મહિલા મંડળની નવી કમિટીનું ગઠન કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.***


શ્રીમતી કિરણબેન
દીપકુમાર બારમેડા
અધ્યક્ષ


શ્રીમતી હર્ષાબેન
હર્ષદભાઈ પોમલ
સહ અધ્યક્ષ


શ્રીમતી પાયલબેન
જયેશભાઈ પોમલ
સચિવ


શ્રીમતી વામિનીબેન
ચેતનભાઈ બારમેડા
સહ સચિવ


શ્રીમતી ઉર્વશીબેન
દીપકભાઈ બારમેડા
કોષાધ્યક્ષ


શ્રીમતી વંદનાબેન
હિતેશભાઈ પોમલ
સહ કોષાધ્યક્ષ


શ્રીમતી દીપીકાબેન
જીતેશભાઈ કટ્ટા
કાર્યકારીણી સદસ્ય


શ્રીમતી યોગીતાબેન
મયુરભાઈ બારમેડા
કાર્યકારીણી સદસ્ય


શ્રીમતી ગ્રીષ્માબેન
હિતેશભાઈ બારમેડા
કાર્યકારીણી સદસ્ય


શ્રીમતી વિદ્યાબેન
પરેશભાઈ બારમેડા
કાર્યકારીણી સદસ્ય


શ્રીમતી શોભાબેન
દિનેશભાઈ બારમેડા
કાર્યકારીણી સદસ્ય


શ્રીમતી કલ્પનાબેન
વિજયભાઈ બારમેડા
કાર્યકારીણી સદસ્ય



*કારા ડુંગર કચ્છ જા, ધોરા ધણ ચરે,*
*સિજ ઉલથે સામાં મિલેં, ડિસધેં ડુખડાં ટરે.*
*સર સરોવર સાવરાં, છત્તર જેડી છાંઈ,*
*નર નિમરા નવાણમેં, નિત નિત ઉતે નાંઈ.*
*તરૂવર ટહૂકે મોરલો, ડે હૂંકારા ઢેલ,*
*પદમણિયું પાણી ભરીં, સોનરૂપે જી હેલ.*

***– મોરારજી મથુરાદાસ કામદાર***
***'તંબુરાનો તાર' કાવ્ય સંગ્રહમાંથી.***

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

અતુલ સોની

## વાર્ષિક સ્નેહ મિલન • પ્રસિધ્ધ વક્તા શ્રી સંજય રાવલનું વક્તવ્ય

અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે વાર્ષિક સ્નેહમિલન અને સામાન્ય સભાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. ગત તા. ૨૭-૧૧-૨૦૧૬ના રોજ નરોડા સ્થિત કચ્છી ભાનુશાળી સમાજવાડીમાં યોજાયેલ સમારોહમાં અમદાવાદ - ગાંધીનગરના જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. અમદાવાદ સમાજ હંમેશાં સામાજિક ક્ષેત્રે નૂતન અભિગન સાથે કાર્યક્રમનું આયોજન કરે છે. આ વર્ષે સમાજના તમામ વર્ગોને જીવન માર્ગદર્શન થાય તે માટે સુવિખ્યાત મોટીવેશનલ વક્તા શ્રી સંજય રાવલના એક વિશિષ્ટ વક્તવ્યનું આયોજન કરવામાં આવેલ.

સમારંભ પ્રમુખ શ્રી ભાઈલાલભાઈ ટોકરશી સોની તથા અતિથિ વિશેષ શ્રી કાનજી રવજી સોનીની ઉપસ્થિતિમાં જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા દીપ પ્રાગટ્ય સાથે સમારોહનો શુભ આરંભ થયેલ. પ્રારંભમાં જ્ઞાતિ પ્રમુખ શ્રી જયમીનભાઈ સોનીએ સૌને આવકાર આપેલ. માનદ્ મંત્રી શ્રી અતુલભાઈ સોની દ્વારા વક્તા શ્રી સંજયભાઈ રાવલનો પરિચય આપવામાં આવેલ. ત્યારબાદ શ્રી સંજય રાવલે તેમના વક્તવ્યની શરૂઆત કરી. આશરે બે કલાકના તેમના પ્રવચનતી ઉપસ્થિત શ્રોતાઓમાં ઉત્સાહનું મોજું પ્રસરી ગયેલ. વારંવાર તાળીઓના ગડગડાટ અને સુમધુર હાસ્યધ્વનિ સાથે સૌ જ્ઞાતિજનોએ એક એક વાતને વધાવી લીધેલ.

પ્રેરણાદાયી વક્તવ્યમાં શ્રી સંજયભાઈએ આગવી શૈલીમાં માતા-પિતા-વડીલો અને જાત પ્રત્યે સન્માન, ગુરૂઓના સન્માન, શારીરિક સ્વસ્થતા, દિલ અને મનના તાલમેલ જેવા દરેકને સ્પર્શે તેવા મુદ્દાઓ પર મન મૂકીને વાતો કરેલ. જેમના ઘરમાં વડીલોના માન જળવાય છે તેમને દરરોજ પ્રણામ કરવામાં આવે છે. તે ઘરમાં ઈશ્વરનો વાસ રહેલ છે તેમ જણાવી તેઓએ ભારતીય પરંપરાનું મહત્ત્વ સમજાવેલ. વક્તવ્યના અંતે તેઓ ઉપસ્થિત વડીલોને મળી પ્રણામ કરેલ.

સમારોહના પ્રમુખ શ્રી ભાઈલાલભાઈએ શ્રી સંજયભાઈનું શાલ ઓઢાડી સન્માન કરેલ તેમજ સ્મૃતિચિહ્ન અર્પણ કરેલ. ભોજન બાદના બીજા સેશનમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓનું સન્માન કરી દાતાશ્રી કાનજીભાઈ સોનીની વરદ્ હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવેલ. માનદ્ મંત્રી દ્વારા કચ્છ અને અન્યત્રથી અમદાવાદ સારવાર અર્થે અમદાવાદ આવતાં દર્દીઓને સહાયરૂપ થવા શરૂ કરવામાં આવેલ મેડિકલ સહાયતા યોજના “” વિશે વિસ્તૃત માહિતી આપેલ. આ કાર્ય માટે સ્વ. કાંતિલાલ નાગજીભાઈ બારમેડા, મેડિકલ ફંડમાં દાન આપનાર સર્વે દાતાઓનો આભાર માનવામાં આવેલ. ગત નાણાંકીય વર્ષના અહેવાલને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

**સમાજની સામાન્ય સભામાં બે વિશિષ્ટ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ :**

**(૧) સર્વે પરિવારમાં પરિવારજનોએ એમના વડીલોનું માન સન્માન જળવાય તે મુજબ કાર્ય કરવા.**

**(૨) પરિવારમાં ખાસ કરીને યુવા વર્ગ દારૂ, તમાકુ, ગુટખા જેવા તમામ વ્યસનથી દૂર રહે તે નિશ્ચિત કરવું.**

**ઉપસ્થિત સર્વે પરિવારોએ ઉપર મુજબ ઠરાવનો અમલ પોતાના પરિવારમાં કરશે તેવી જાહેરમાં ખાત્રી આપેલ.**

કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓએ સાથે મળીને અમદાવાદ જ્ઞાતિ મહિલા મંડળની રચના કરવાનું નક્કી કરેલ છે.


સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી મનુભાઈ કોટડિયા, નીલેશ સોની, ગીરીશભાઈ સોની, રાજેન્દ્રભાઈ સોની, જયેશ ઘડીયાળી, પ્રશાંત બીજલાણી, નીતિન સોની, ધવલ સોની, હર્ષદ સોની વગેરેએ ભારે જહેમત ઉઠાવેલ.


કાર્યક્રમનું સંચાલન માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ કરેલ.




## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ : વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમની તસવીરી ઝલક



















**વ્યક્તિ ચિત્ર**

# સ્વ. દિલીપભાઈ કંસારા : એક અનોખું વ્યક્તિત્વ

**હંસરાજભાઈ કંસારા, કિરીટભાઈ વિઠ્ઠલદાસ કંસારા - અમદાવાદ**



**સ્વ. દિલીપભાઈ કંસારા**

ગત તા. ૪-૧૦-૨૦૧૬ના રોજ આપણા અમદાવાદ સમાજની એક પ્રેરક પ્રતિભાનું અકાળે અવસાન થયું. ત્યારે એમની વય માત્ર ૫૭ વર્ષની હતી. તેઓશ્રી આર્કિટેક્ટ હતા. અમદાવાદ મધ્યે એમની ખ્યાતિપ્રાપ્ત ફર્મ હતી. આપણા સમાજની એક સતત પ્રગતિશીલ પ્રતિભાની જ્યોત આમ અચાનક બુઝાઇ જશે એવો તો કોઈનેય ક્યાંથી ખ્યાલ આવે?

૧૨ નવેમ્બર, ૧૯૫૯ના રોજ આપણા સમાજના એક સંભ્રાંત પરિવારમાં એમનો જન્મ થયો. એમના પિતાશ્રી બેંકમાં બ્રાંચ મેનેજર હતા. દિલીપભાઈએ બારમા ધોરણ સુધીનો અભ્યાસ પીંડવાડામાં રાજસ્થાનમાં કર્યો. ત્યારબાદ મોરબીની એન્જિનિયરીંગ કોલેજમાં એક વર્ષનો ડિપ્લોમા લઈ તેઓશ્રીએ અમદાવાદની પોલિટેકનિકમાંથી સિવિલ એન્જિનિયરનો અભ્યાસ કર્યો. થોડો સમય ગવર્નમેન્ટ સર્વિસની સાથે આર્કિટેક્ટ ડિઝાઈનિંગ ક્ષેત્રે અભ્યાસ કરી, અનુકૂળ સમય થતાં તેમણએ પોતાની ફર્મ શરૂ કરી.

સ્વ. દિલીપભાઈને જ્યારે મળીએ ત્યારે ગમે તેટલા busy હોય તો પણ તેમનો સદાય હસતો ચહેરો સદૈવ યાદ રહેશે. એમને દરેકને આવકારવામાં, તેની આગતાસ્વાગતા કરવામાં અનેરો આનંદ આવતો. કોઈનું પણ કામ કરવાનું હોય તો પોતાના કામને બાજુ પર મૂકી દેતા અને બીજાનું કામ એકદમ ચોક્સાઇપૂર્વક કરીને જ જંપતા. કોઈને પણ મદદ કરવાની હોય ત્યારે તેઓશ્રી એક હાથે આપે તેની બીજા હાથને ખબર પણ ન પડે. પોતાના વ્યવસાયમાં નવી નવી ટેકનોલોજી સાથે હંમેશાં અપડેટ રહેતા હતા. એટલે તેમની ઓફિસમાં કામ કરવા આવતા ટ્રેઈનીઝને પણ ઉત્સાહ રહેતો હતો.

Always Energetic – રાત અને દિવસ, ઘરમાં, ઓફિસમાં, કોઈ ફંકશનમાં કે રસ્તા પર હંમેશાં હસીને જ વાત કરે. વાતવાતમાં રમૂજ તો એવી કરે કે આપણને હસતા કરી દે. બધાના ખબરઅંતર પૂછે. તેમના સંપર્કમાં આવતી દરેક વ્યક્તિની ખૂબ જ કાળજી રાખે. તેમના ગમા-અણગમા સમજી તે પ્રમાણે તેની જરૂરિયાત પૂરી કરે. જીવનમાં તેમણે કર્મયોગ અપનાવેલો. વ્યક્તિગત જીવન કે વ્યવસાયિક જીવન, કર્મ એ જ પૂજા. કર્મમાં પણ નિષ્ઠા એવી કે કામ દીપી ઊઠે. તેમના વ્યવહારમાં, વર્તનમાં પ્રામાણિકતા અને શાલીનતા છલકે.

તેમના કુટુંબ જીવનની વાત કરીએ તો તેમને તેમના માતા-પિતા માટે અપાર પૂજ્ય ભાવ હતો. માતા-પિતાની જવાબદારી તેમણે એટલી સુપેરે નિભાવી કે આખી જિંદગી શ્રવણ બનીને રહ્યા. તેમનો પડ્યો બોલ નિભાવી જાણ્યો અને તેમને કોઈ વાતમાં ઓછું ન આવે તેનું સદૈવ ધ્યાન રાખ્યું.

તેમના પત્ની મમતાબેન માટેની લાગણીની શું વાત કરીએ? ઘણાં બધાં સ્મરણો છે, જે ક્યારેય વિસ્મૃતિ ન બની શકે. તેમણે દાંપત્ય જીવનની દરેક ક્ષણને સુખમય બનાવવાનો હંમેશાં પ્રયત્ન કર્યો. પતિ ખરા પણ ક્યારેય માલિકીભાવ બતાવ્યો નહીં. હંમેશાં મિત્ર બનીને રહ્યા.

પુત્રી નિરાલી અને કન્હા સાથેના સંસ્મરણો અવિસ્મરણીય છે. આમ પણ પિતા અને પુત્રીનો એક વિશિષ્ટ સંબંધ હોય છે. તેમની પણ ખૂબ જ કાળજી લેતા. બંને સંતાનને સર્વોત્તમ શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરી.

તેમનામાં કૌટુંબિક સંબંધો, સામાજિક સંબંધો અને વ્યવસાયિક સંબંધોનો ત્રિવેણી સંગમ હતો. તેઓ કોઈને એકવાર મળે પછી ક્યારેય ભૂલતા નહીં.

આવા હતા અમારા સ્નેહાળ દિલીપ કંસારા. એક નિરાળું પ્રેમાળ વ્યક્તિત્વ. આમ અકાળે Exit કરી અમને બધાંને વિલાપ કરતા મૂકી ગયા. ભગવાન એમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

## શોકાંજલી

*સ્વ. દિલીપભાઈના અકાળે અવસાનની આપણું મંડળ સખેદ નોંધ લે છે. એમના અવસાનથી આપણા સમાજે એક પ્રતિભાસંપન્ન સહયોગી ગુમાવ્યો છે.*

*ઈશ્વર એમના પરમ આત્માને ચરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે એમના પરિવારજનો તેમજ આપણને સહુને એમના અવસાનનો આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.*

**જયમીન સોની**
**પ્રમુખશ્રી**
**કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**

**મનુભાઈ કોટડિયા**
**ચેરમેન**
**"જ્ઞાતિસેતુ"**

## સમસ્ત કંસારા સમાજ આયોજીત સાતમો યુવા પરિચય મેળો : વિહંગાવલોકન

*– કે. એમ. માવાણી*

અમદાવાદમાં નવદીપ હોલ ખાતે તાજેતરમાં તા. ૦૮-૦૧-૨૦૧૭ના રોજ સમસ્ત કંસારા સમાજ દ્વારા આયોજીત યુવક પરિચય મેળાનો કાર્યક્રમ સંપન્ન થયો. સમસ્ત કંસારા સમાજની બે દસકાની વિકાસયાત્રાની આ ફળશ્રુતિ છે.

- **યુવા પરિચય મેળાની શરૂઆત :**

શ્રી ભરતભાઈ શેઠની લાલ દરવાજા પાસેની ઓફિસમાં સમસ્ત કંસારા સમાજનો કાર્યારંભ બે દસકા પૂર્વે થયો. તેની સાથોસાથ આ જ ઓફિસમાં શરૂઆતના વર્ષોમાં સમાજનો યક્ષ પ્રશ્ન અને વાલીઓને સતત મુંઝવતો પ્રશ્ન પોતાના સંતાનની યોગ્ય પાત્ર પસંદગીનો ઉકેલ શોધી આપવા માટે દર શનિ-રવિવારે વાલીઓને મળવા બોલાવવાથી માંડીને 'કંસારા ટાઈમ્સ'માં તેની રજૂઆતો થતી. તે પ્રવૃત્તિ સાથે સંસ્થાના પોતીકા (માલિકી) મકાનમાં તથા વિશાળ જગ્યામાં યુવા પરિચય મેળામાં વિશાળ વટવૃક્ષમાં પરિણમી છે.

- **સુંદર નયનરમ્ય નજારો :**

તા. ૮મી જાન્યુઆરીએ નવદીપ હોલને મહિલા કલ્યાણી મંડળની બહેનોએ નવવધૂને શણગાર સજવાનો હોય તેવી નયનરમ્ય અને નયનગમ્ય સજાવટ કરી હતી. હકીકતે પરિચય મેળા, એ યુવા હૈયાઓનો મહોત્સવ છે. ફાગણીયો લહેરાતો હોય અને વસંતના વધામણા થતા હોય તેવા આનંદ ઉલ્લાસના વાતાવરણમાં સંપૂર્ણ બેઠક વ્યવસ્થા ભરપાઈ થઈ ગઈ હતી.

રંગબેરંગી સુંદર વેશભૂષામાં સજ્જ નવયુવતીઓ અને યુવાનોની આંખો કશુક ગોતવા અને કશુક પામવા માટે ઉત્સુક જણાતી હતી. મંચ ઉપર તેમના એક પછી એક પરિચય માટેના પ્રવેશથી લાગતું હતું કે,

*"તમારા અહીં જ પગલા થવાના,*
*ચમનમાં બધાને ખબર પડી ગઈ છે.*
*ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ,*
*ફૂલોનીયે નીચી નજર થઈ ગઈ છે."*

જ્યારે દરેક યુવા-યુવતી તથા વાલીઓને હાથમાં (સૌજન્ય : કવિ રમેશ) પરિચય પુસ્તિકા મળી ત્યારે સભાગૃહમાં યુવાન ભાઈઓ તથા તેમના વાલીઓને મનમાં શંકા ઊભી થઈ ગઈ કે મેળામાં યુવતીઓની સંખ્યા ત્રીજા ભાગની જ હોવાથી ચૂકી તો નહીં જાઉંને! વળી યુવતીઓની પરિચય મેળાએ તેમની ઉચ્ચ અભ્યાસની ડિગ્રીના નામ સાંભળી કેટલાક ઓછું ભણેલા યુવાનોના દિલમા લખલખુ પસાર થઈ જતું હતું.

- **શ્રેષ્ઠ સફળ આયોજન :**

પરિચય મેળાના પરિપક્વ અનુભવો તથા અગાઉના કાર્યક્રમોમાં થયેલ ભૂલોનું પુનરાવર્તન નહીં કરવાની જીદ (આકરી પ્રતિજ્ઞા) પ્રમુખશ્રીથી માંડીને બધાએ કરી લીધી હતી. તેથી મારા જેવા ટીકાકારને માટે આયોજકોએ ક્યાંય કચાશ જ રહેવા દીધી ન હતી. ઉડીને આંખે વળગે તેવી એક વાત હતી કે, માત્ર યુવા ભાઈ-બહેનો તથા વાલીઓને પરિચય મિલન માટે જ જોગવાઈ કરવી. જેતી ઉદ્‌ઘાટન વિધિ વગેરે મર્યાદિત સમયમાં પૂર્ણ કરવામાં આવેલ. પરિણામે યુવા પરિચય મેળો ખરા અર્થમાં યુવા-પરિચય અને મિલન માટે પરિણામલક્ષી બની રહ્યો.

આ કાર્યક્રમની એક ઉજળી બાબત એ છે કે, કાર્યક્રમ નિર્ધારીત સમયે શરૂ અને પૂર્ણ થયો. યુવા-યુવતીની એકંદરે ધાર્યા કરતા ઘણી વધારે હાજરી હતી. વિશાળ એલ.ઇ.ડી. સ્ક્રીન બંને બાજુએ, બેસવાની સુંદર અને પૂરતી વ્યવસ્થા તથા મન ભરીને એકબીજાને પરિચય કેળવવાની મોકળાશ તથા અત્યંત કડકાઈપૂર્વકનો નિયંત્રિત અને નિમંત્રિત હાજરીથી કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા.

- **એક ભેખધારીને સો-સો સલામ :**

યુવા પરિચય મેળાની શરૂઆત અગાઉ જણાવેલ તે પ્રમાણે શ્રી ભરતભાઈ શેઠની ઓફિસમાં થઈ. આજે સાડા આઠ દસકા (૮૫ વર્ષ)ને ઉંબરે આવીને ઊભેલ શ્રી હરિશ્ચંદ્ર કંસારા (દાદા)ને આ કાર્યક્રમમાં વિશિષ્ટ બહુમાન શ્રી રાજેશભાઈ કંસારા પ્રમુખશ્રી ધાતુ પરિવાર સેવા અને શ્રી બટુકભાઈ કંસારા પ્રમુખશ્રી સમસ્ત કંસારા સમાજના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

હાથ પગ ચાલે ત્યાં સુધી પેન્શનની રકમ મળે તેમાંથી લગભગ બધી રકમ (છેલ્લા ઘણા વર્ષોથી) એટલે કે ખાસ અર્થમાં તન-મન-ધનથી સમસ્ત કંસારા સમાજને બધી રીતે પગભર કરવા, દોડતો કરવા જેમણે જાત ઘસી નાંખી છે, તેમની સેવાઓને બિરદાવી, તેમનું અદકેરું સન્માન કરવામાં આવ્યું ત્યારે દૂરથી પણ શ્રી હરિશ્ચંદ્રભાઈ કંસારાની આંખમાં લાગણીના પૂર ઉમટ્યા તે જોવા મળ્યું! આ તકે સમગ્ર સભામંડપમાં સહુ કોઈએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવ્યા!

આવા જ એક મૌન સેવક જેમણે આઠ દસકાની ઉપર ત્રણ વર્ષ વિતાવ્યા છે, તે શ્રી વિનુભાઈ લાલાણી છે. જેઓ સમસ્ત કંસારા સમાજની સ્થાપના કાળથી તથા યુવા પરિચયના કાર્યક્રમોમાં શરૂઆતથી જ શ્રી હરિશ્ચંદ્રભાઈની સાથે રહીને પાયાના પથ્થર તરીકે નિયમિત રીતે અને પૂરી નિષ્ઠા તથા પારદર્શિતાથી યુવાનોને પણ શરમાવે તેવા જોમ-જુસ્સાથી કાર્ય કરી રહેલ છે. આ શ્રેણીમાં બીજા પણ કેટલાક નામો ઉમેરી શકાય છે, સમસ્ત કંસારા સમાજની મૂડી છે.

- **મેરેજ બ્યુરોની અસરકારક કામગીરી :**

ભાઈશ્રી હસમુખભાઈ એલ. ખાખી અને શ્રી અનંતભાઈ શેઠની ટીમ દ્વારા છેલ્લા બે-ત્રણ વર્ષમાં ધીમે ધીમે પણ અસરકારક રીતે મેરેજ બ્યુરોનું સંકલન થઈ રહ્યું છે. તેમણે જ્ઞાતિજનો માટે વેબસાઈટ મારફતે પણ માહિતીની આપ-લેનું આયોજન કર્યું છે. પરિચય મેળાના કન્વીનરો તરીકે તેઓ તથા તેમની ટીમે સુંદર આયોજન અને કાર્યક્રમનું સંકલન કર્યું. જ્યારે સેવાના વિવિધ વિભાગો જેવા કે ચા-નાસ્તા, ભોજન, બેઠક વ્યવસ્થા, સ્ટેજ સુશોભન, જીલ્લાવાર યુવક-યુવતીઓને સ્ટેજ ઉપર આમંત્રિત કરવા, કાર્યક્રમ સંચાલન, રજીસ્ટ્રેશન, ઉદ્‌ઘોષણા વગેરે ક્ષેત્રે વિવિધ જીલ્લાના કારોબારી સભ્યોએ અસરકારક જવાબદારી નિભાવી. જેતી કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો.

- **કાર્યક્રમની ફળશ્રુતિ :**

સંસ્થાના પ્રમુખ શ્રી બટુકભાઈ કંસારાએ યુવા-યુવતીઓને વાસ્તવિક્તા સ્વીકારી જીવનસાથીની પસંદગી કરવા પર ભાર મૂક્યો હતો. જ્યારે શ્રી રાજેશભાઈ કંસારાને ટૂંકમાં પણ મુદ્દાસર રીતે કાર્યક્રમને સફળ બનાવવા ઉપયોગી સૂચનો કર્યા હતા. જ્યારે શ્રી ભરતભાઈ શેઠે ટકોર કરી હતી કે, પરિચય મેળાને અંતે જ્યારે યુવા-યુવતીઓનું ગોઠવાઈ જાય ત્યારે અચૂક સંસ્થાને જાણ કરવી જોઈએ.

ઉત્તરોત્તર યોજાતા યુવા મેળામાં બહેનોની ઓછી સંખ્યા અને હાજર રહેવા છતાં મંચ ઉપર જાહેરમાં ન આવવાની વાત એ રાજેશભાઈ કંસારાના શબ્દોમાં “છાશ લેવા જવું અને દોણી સંતાડવી” જેવી વૃત્તિમાંથી સમાજને બહાર નીકળવાની યોગ્ય ટકોર છે.

અવલોકને એવું પણ જણાય છે કે, કંસારા જ્ઞાતિમાં દર હજાર પુરૂષોએ સ્ત્રીઓની સંખ્યા સતત ઘટતી જાય છે. ગુજરાતની વસ્તી ગણતરી પ્રમાણે હજાર પુરૂષ દીઠ સ્ત્રીનું પ્રમાણ ૯૨૦ છે જ્યારે કંસારા જ્ઞાતિમાં આ પ્રમાણ તેથી પણ નીચું હોઈ, યુવા-યુવતીઓ વચ્ચે સંખ્યાકીય અસમાનતાને લીધે લગ્નની ગંભીર સમસ્યા વધુને વધુ ગંભીર થતી જશે. ખેર, આ પ્રશ્ન સમાજશાસ્ત્રી અને અર્થશાસ્ત્રીઓનો છે, જે આ વિષયે પ્રકાશ પાડે, તેવી અભ્યર્થના.

## પરિચય મેળો + પરિવાર મેળો

***બાબુલાલ એમ. કંસારા, સંપાદક ‘કંસારા ટાઈમ્સ’***

તા. ૮મી જાન્યુઆરી, ૨૦૧૭નો સાતમો પરિચય મેળો સમસ્ત કંસારા સમાજની રાહબરી નીચે યોજાઈ ગયો. પરિચય મેળાની સફળતાની ઘણી વાતો - ઘણા નવા પરિબળોનો પરિચય આ મેળામાં અનુભવવા મળ્યો.

પ્રથમ તો કન્વીનર શ્રી હસમુખભાઈ ખાખી અને અનંતરાય શેઠનું આયોજન ખરેખર દાદ માંગી લે તેવું હતું. તેમનું આયોજન એટલું સુરેખ, સ્પષ્ટ અને પારદર્શી હતું કે કોઈપણ દીકરા-દીકરીને લેશમાત્ર સંકોચ ન થાય તે રીતે વ્યક્તિગત પરિચયની ગોઠવણી કરવામાં આવી. સાતમા પરિચય મેળામાં ૫૯૨ યુવાન - યુવતીઓ હોવા છતાં કોઈપણ પ્રસંગે પરિચયમાં ઉતાવળ કે ગુંચવાડો પેદા ન થાય તે રીતે કરેલી ગોઠવણ અને જીલ્લા પ્રમાણે કરેલી ગોઠવણ ઉત્કૃષ્ટ મેનેજમેન્ટનું એક ઉદાહરણ બની ગયું. યુવાન - યુવતીઓનો ઉત્સાહ સ્પષ્ટ વર્તાતો હતો. આ પરિચય મેળાની સફળતાનું મુખ્ય કારણ હતું.

બીજી ખાસ ઉડીને આંખ વળગે તેવી હકીકત એ હતી કે સ્ટેજ પર ભાષણો - પરિચય કે સન્માનમાં બગડતો સમય બચાવી, દીકરા-દીકરીઓને ભાગે ફાળવવામાં આવ્યો અને એથી જ દરેક કાર્યક્રમ નક્કી કરેલ સમય પ્રમાણે શરૂ પણ થયો અને પૂરો પણ થયો.

આપણે શિક્ષણ ક્ષેત્રે સન્માન કરીએ કે ન કરીએ પરંતુ આ પરિચય મેળામાં ભાગ લીધેલ દીકરા-દીકરીઓનાં શિક્ષણની વાત કરીએ તો ખરેખર અલગ અલગ વિભાગનાં અભ્યાસુઓનું પ્રમાણ નોંધપાત્ર હતું. તેમાં પણ આપણા કંસારા સમાજની યુવતીઓનો અભ્યાસ જેમાં કોમ્પ્યુટર કેળવણી અને મેનેજમેન્ટ ક્ષેત્રનો અભ્યાસ ખરેખર આવકારદાયક હતો. પરિચય મેળામાં દીકરા-દીકરીઓનું કેળવણી સ્તર સાતમા પરિચય મેળામાં નોંધપાત્ર હતું. તેમનો આત્મવિશ્વાસ, સ્ટેજ પ્રસ્તુતિ, બધું આત્મવિશ્વાસથી છલકાતું હતું.

બીજો એક દાખલો ટાંકુ તો અસ્થાને નહીં ગણાય. જ્યારે

પરિચય વિધિ પતી પછી અરસ-પરસ મળવાનાં પ્રસંગે પૂછીએ કે આ બહેન કે આ ભાઈ કોણ? ત્યારે તેમનાં વાલીઓ વતી દીકરા-દીકરીઓ ઉત્સાહથી કહેતા નજરે પડ્યા કે, ''એ તો હું જ છું.'' ત્યારે આપણા સમાજનાં જાગૃત દીકરા-દીકરીઓ માટે પણ ગર્વ લેવા જેવી વાત લાગે એ ચોક્કસ છે.

આ ઉપરાંત સમસ્ત કંસારા સમાજનું એક મુખ્ય ધ્યેય એ રહ્યું છે કે, ગોળ - ઘટકથી ઉપર જઈને કંઈક કરવું જોઈએ. એ વાત આ પરિચય મેળાએ સાબિત કરી આપી. ***આ પરિચય મેળામાં ભાગ લીધેલ ઉમેદવારો ફક્ત ગુજરાત કે સૌરાષ્ટ્રનાં જ નહોતા, પરંતુ રાજસ્થાન - મહારાષ્ટ્રનાં પણ હતા.*** સ્ટેજ પર તેમનો પરિચય સાંભળ્યા પછી દરેક કંસારા ભાઈઓને પણ અનુભૂતિ થઈ કે આપણો સમાજ અને તેના દીકરા - દીકરીઓ આટઆટલા વિસ્તારમાં આટઆટલા ભણતર સાથે વસે છે અને તેનો આનંદ અને આશ્ચર્ય દરેક જ્ઞાતિજનનાં ચહેરા પર સ્પષ્ટ દેખાઈ આવતો હતો.

પરિચય મેળામાં પરિચય વિધિ પછી અરસપરસ મળતા વાલીઓ અને વડીલો મળતા ત્યારે ઘણા કિસ્સામાં નીચે પ્રમાણેનાં શબ્દો પણ સાંભળવા મળતા હતા. જેમકે, ''અરે! આ તમારી દીકરી છે? અથવા તો આ તમારો દીકરો છે? લ્યો, આ તો આપણે જૂની ઓળખાણ નીકળી.'' ત્યારે આપણને ચોક્કસ એવું થાય કે આ એક પરિવાર મેળો પણ છે.

આમ પરિચય અને પરિવારોની ઓળખાણ વાતચીત કે વિચારોની આપ-લે જ્ઞાતિના સંબંધોને ઘણા નજદીક લાવવાનું કામ પણ કરતા ગયા. વાલીઓને ફક્ત એક જ વિનંતી કે પરિચય મેળા મારફત થતા વેવિશાળની જાણ મેરેજ બ્યુરોને ચોક્કસ કરશો. જેથી અમને પણ અમારા આ પ્રયોગથી મળેલ સફળતાનો આત્મસંતોષ મળે. ખાસ વાત તો એ કરવાની છે કે મેરેજ બ્યુરો દ્વારા આ સાતમા પરિચય મેળામાં વિશ્વાસ રાખી તમે તમારા દીકરા-દીકરીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા તે બદલ તમામ વડીલો તથા ભાગ લીધેલ યુવાન - યુવતીઓનાં અમે ખૂબ ખૂબ આભારી છીએ.

સમસ્ત કંસારા સમાજનાં મેરેજ બ્યુરો દ્વારા અમે આપને ખાત્રી આપીએ છીએ કે આગામી પરિચય મેળાનું આયોજન આપના આવા જ સહકારથી અમે વધારે શ્રેષ્ઠ રીતે કરીશું.

# અમદાવાદ મધ્યે સારવાર સુવિધા

## આદર્શ અમદાવાદ દ્વારા જરૂરિયાતમંદ નાગરિકો માટે વિનામૂલ્યે મોતિયાનું ઑપરેશન

૧. આ ઑપરેશન કરનાર ડો. હર્ષદ શાહ છેલ્લા ૩૫ વર્ષથી આંખના સર્જન તરીકે જાણીતા છે. તેમની સરદાર ચોક, નવાપુરા, રાણીપ, અમદાવાદ ખાતે આંખની હોસ્પિટલ છે.

૨. મોતિયો ઉતરાવવા માટેનો ખર્ચ કરી શકે તેમ ન હોય તેવા જરૂરતમંદ લોકો આ વિનામૂલ્યે ઓપરેશનનો લાભ લઈને મોતિયો ઉતરાવી શકે તે આ યોજનાનો હેતુ છે.

૩. ઇંજેક્શન વગરનું અને ટાંકા વગરનું ઓપરેશન કરાશે. એસઆઈસીએસ ઇઝરાયલ મેથડથી ઓપરેશન થશે. જેમાં ઇન્ડિયન ફોલ્ડિંગ નેત્રમણિ (લેન્સ) નાખી આપવામાં આવશે. ઓપરેશન બાદનું ચેક-અપ પણ થશે. આ બધું જ વિનામૂલ્યે થશે.

૪. તે માટે ઑપરેશન ઇચ્છતી વ્યક્તિએ 'મોતિયો છે' તેવું લખાણ આંખના ડૉક્ટર પાસેથી લખાવીને લાવવું પડશે. આવું લખાણ લઈને 'આદર્શ અમદાવાદ, નેહલ, જૈન ઉપાશ્રયની બાજુમાં, હોલસેલ હબની ઉપર, મણપ્પુરમ ફાઈનાન્સ ઉપર, કોમર્સ છ રસ્તા અને વિજય ચાર રસ્તા વચ્ચે, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૨૬૫૬૫૪૧૬ ખાતે બપોરે ૧૨થી ૫માં આવવાનું રહેશે. ત્યાંથી ડૉ. હર્ષદભાઈને ચિઠ્ઠી લખી અપાશે. ચિઠ્ઠીના આધારે ડૉક્ટર સાહેબ મોતિયાના ઑપરેશનની તારીખની જાણ કરશે.

૫. આદર્શ અમદાવાદને મળેલા ડોનેશનના આધારે વિનામૂલ્યે ઑપરેશન થાય છે. જરૂરિયાતવાળા વધુ ને વધુ લોકોને આ યોજનાનો લાભ લેવા વિનંતી છે.

## સમજુબા શ્યાણી ફિઝિયોથેરાપી સેન્ટર - બાપુનગરમાં માત્ર રૂા. ૧૦/- અને રૂા. ૨૦/-માં કસરત અને શેકથી સારવાર

અમદાવાદ સરદાર પટેલ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત સમજુબા ફિઝિયોથેરાપી સેન્ટરમાં મહિલા કોલેજની બહેનો દ્વારા આધુનિક સાધનો દ્વારા નિષ્ણાત ડૉક્ટરોને માર્ગદર્શન હેઠળ ડિજીટલ તેમજ લેસર મશીનથી સંપૂર્ણ એ.સી. સેન્ટરમાં માત્ર રૂા. ૧૦/- અને રૂા. ૨૦/-માં તમામ પ્રકારની સારવાર અને માર્ગદર્શન આપવામાં આવે છે. જેનો સમય સવારે ૯ થી ૧ અને બપોરે ૨ થી ૬ છે. આ સેવા પ્રવૃત્તિનો લાભ લેવા કોઈપણ દર્દીએ નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

***દિનેશ ચેમ્બર્સના ભોંયરામાં, શ્યામશિખર સામે, બાપુનગર, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૨૭૩૧૨૪૫***

## શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જૂનાગઢ

અનિલભાઈ બગ્ગા

### શૈક્ષણિક ઇનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ : અહેવાલ

શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જૂનાગઢ દ્વારા તા. ૨૫-૦૯-૨૦૧૬ના રોજ આયોજીત કરવામાં આવેલ શૈક્ષણિક ઈનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમનું સંકલન પ્રમુખ શ્રી પરેશભાઈ કે. બુધ્ધ, ઉપપ્રમુખ શ્રી વિજયભાઈ પરમાર, મહેશભાઈ છત્રાળા, વ્રજેશભાઈ હેડાઉ, મધુભાઈ પરમાર, કરશનભાઈ બુધ્ધ, રાજેશભાઈ બુધ્ધભટ્ટી, રાધેભાઈ સોલંકી અને મિરલ પરમારે કરેલ.

આ કાર્યક્રમની સાથે સાથે સવારે ૧૧ થી ૨ દરમ્યાન શ્રી મારૂ કંસારા મહિલા મંડળ આયોજીત દીવડા હરીફાઈ તેમજ સત્સંગ રાખવામાં આવેલ.

શ્રી પંચાવ જમણવાર બપોરનાં સૌએ સાથે મળીને પ્રસાદ લીધેલ. આ જમણવારની મુખ્ય કામગીરી શ્રી પરેશભાઈ બુધ્ધ, શ્રી મહેશભાઈ છત્રાળા, શ્રી બિપીનભાઈ બુધ્ધ, શ્રી ભૂપેન્દ્ર પરમાર, શ્રી મનુભાઈ બુધ્ધ, શ્રી અમિતભાઈ બુધ્ધ, શ્રી પ્રભુદાસ સોલંકી વગેરેએ સંભાળેલ. જે સમયસર સારી રીતે જમણવારનું કાર્ય કરેલ.

શૈક્ષણિક ઈનામ વિતરણ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું સાંજે ૫.૩૦ કલાકે જૂનાગઢ જિલ્લાનાં પોલીસવડા એસ.પી. શ્રી નીલેશભાઈ ઝાંઝડિયા સાહેબ, ડૉ. ડી.એમ. બારમેડા, અમદાવાદનાં શ્રી હિતેશભાઈ પોમલ, પ્રમુખ શ્રી પરેશભાઈ બુધ્ધ, શ્રી મહેશભાઈ છત્રાળા, શ્રી વ્રજેશ હેડાઉ, શ્રી ડૉ. શૈલેષ બારમેડા, શ્રી વિજયભાઈ પરમારનાં હસ્તે દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરેલ.

સૌપ્રથમ એસ.પી. શ્રી નીલેશભાઈએ પ્રવચનમાં જણાવેલ કે શ્રી મારૂ કંસારા જ્ઞાતિનાં બાળકો શૈક્ષણિક રીતે આગળ વધે પરંતુ વાલીઓને જણાવેલ કે ધોરણ-૧થી ૯ સુધી બહુ જ દબાણ કરીને ભણવાનું નહીં. ધોરણ-૧૦થી બાળક વિદ્યાર્થી કઈ લાઈનમાં તેની ઈચ્છા છે તે મુજબ અભ્યાસ કરાવવો. આમ વિદ્યાર્થીઓને જણાવેલ કે મારી કોઈપણ સમયે જરૂર જણાય તો વિના સંકોચે રૂબરૂ મળવા આવજો.

શૈક્ષણિક ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેશભાઈ બુધ્ધભટ્ટી, શ્રી રાજેશ કે. બુધ્ધ, શ્રી રાધેભાઈ સોલંકીએ કરેલ. સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત નાના બાળક ધૈર્ય પરમારે કેસીયો - ઢોલકનાં સથવારે 'દીકરો મારો લાડકવાયો' ગાઈને મંત્રમુગ્ધ કરેલ. ત્યારબાદ ગણપતિ નૃત્ય ડાન્સ, ગણપતિ બાપા મોર્યા – તેમાં દર્શન બુધ્ધ, રીધ્ધિ પોમલ વગેરેએ ભાગ લીધેલ. *ડાન્સ : સોલો ડાન્સ :* વત્સલ બારમેડા અને અનન્યા. *મલ્હારી ડાન્સ :* આનંદ બુધ્ધભટ્ટી, વત્સલ બારમેડા. *લીરો ડાન્સ :* દર્શન બુધ્ધ. અનન્યાએ તુહી રે તુહી રે નાની બેનને હોસ્ટેલમાં મૂકવા જવાની કરૂણતાં બતાવેલ. જૂનાગઢ મંગલ મૂર્તિનાં મંદબુધ્ધિનાં વિકલાંબ બાળકોની સંસ્થાએ બે સમૂહ નૃત્યો કરેલ તે જોઇને સૌ જ્ઞાતિજનોએ તાળીઓના ગડગડાટ હર્ષોલ્લાસ સાથે તેઓને આશરે સોળ હજાર રૂપિયાની ભેટસોગાદ આપેલ. ત્યારબાદ ફન્જીગની ડાન્સ રીધ્ધિ બુધ્ધભટ્ટી, રાધિકા બારમેડાએ કરેલ.

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દીકરી જન્મ જરૂરી છે તે અંગેની ભવાઈ 'રંગલો' નાટક આકર્ષણનું કેન્દ્ર હતું. આ 'રંગલા' નાટકનું મુખ્ય દિગ્દર્શન કુ. રીધ્ધિ પોમલ, મહિલા મંડળનાં પ્રમુખ શ્રી રંજનબેન પોમલ, ભાવનાબેન પોમલે કરેલ. 'રંગલો' ભવાઈમાં ૩૦ કલાકારોએ ભાગ લીધેલ. તેમાં મુખ્ય પાત્ર 'રંગલો'માં દર્શન બુધ્ધ, આબેહુબ રંગલાની ભૂમિકા ભજવેલ. તે ઉપરાંત ચિરાગ બુધ્ધ, અમિત પોમલ, હર્ષિદાબેન ભાવસાર, વૃશાલીબેન બુધ્ધ, હીનાબેન બુધ્ધ, સાક્ષી છત્રાળા, અર્ચનાબેન બુધ્ધ, દર્શના પરમાર, ઉર્વિ છત્રાળા, રીધ્ધિ બુધ્ધભટ્ટી વગેરેએ ભાગ લીધેલ. નિકુંજ પરમારે ગઝલ 'એરી સખી મંગલ ગાવોરી' સુંદર રીતે પેશ કરેલ. તેમાં તબલા પર દિવ્ય બુધ્ધભટ્ટી, રાજેશ બુધ્ધભટ્ટીએ ઢોલક બજાવેલ. છેલ્લે સાંચી મેવચાએ ફિલ્મ દિલવાલા ઉપર ડાન્સ કરેલ.

શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમમાં સ્ટેજ પર ડૉ. ડી.એન. બારમેડા, અમદાવાદનાં હિતેશભાઈ પોમલ, કેશોદ મંડળનાં પ્રમુખ શ્રી રૂપેશભાઈ પરમાર, ડૉ. ભૂમિ બુધ્ધભટ્ટી, સીએ પૂજન પરમાર, મહિલા મંડળના પ્રમુખ શ્રી રંજનબેન પોમલ, મુરલીધર બુધ્ધ, ભૂપેન્દ્ર પરમાર વગેરે હાજર રહેલ તેમજ તેમના હસ્તે શૈક્ષણિક ઈનામો આપવામાં આવ્યા.

શૈક્ષણિક ઈનામ વિતરણનાં સ્પોન્સર ધોરણ-૧૦થી ધોરણ-૧૨ ગો.વા. નંદલાલભાઈ પરમાર, ગો.વા. લાભકુંવરબેન નંદલાલ પરમાર - વંથલીવાળા, ધોરણ-૮થી ધોરણ-૯ ગો.વા. જેન્તીભાઈ સોલંકી - વેરાવળ, ધોરણ-૧થી ધોરણ-૭ ગો.વા. નરભેરામ ગોકળદાસ બુધ્ધના સ્મરણાર્થે ઈનામ આપેલ. ગો.વા.શ્રી કાકુભાઈ નરભેરામ બુધ્ધનાં સ્મરણાર્થે વિશેષ ઈનામો આપવામાં આવેલ.

શૈક્ષણિક ઈનામ વિતરણના કાર્યક્રમમાં ગ્રેજયુએટ થયેલાઓનું શિલ્ડ સર્ટી. સાથે બહુમાન કરવામાં આવેલ. તેમાં ડૉ. ભૂમિબેન બુધ્ધભટ્ટી બેચલર ઓફ ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી (પેથોલોજી)ની ડોક્ટરની ડિગ્રી મેળવેલ, તેઓનું

સન્માન સૌ જ્ઞાતિજનોએ ઊભા થઈને તાળીઓ પાડીને હર્ષોલ્લાસ સાથે તેમનાં માતા પ્રફુલ્લાબેન બુધ્ધભટ્ટીનાં હસ્તે શિલ્ડ અર્પણ કરેલ. તે સમયે વાતાવરણ ભાવવિભોર થઈ ગયેલ કારણકે માતાએ સંઘર્ષ કરીને ડોક્ટર બનાવેલ. સીએ પૂજન પરમારનું સન્માન શ્રી હિતેશભાઈ પોમલનાં હસ્તે કરવામાં આવેલ. ચિંતન ડી. પરમાર, ઇલે. એન્જીનીયર, MBA, B.Com., M.Com., I.T.I. થયેલ વિદ્યાર્થીઓનું શિલ્ડ સાથે બહુમાન કરવામાં આવ્યું.

ધોરણ-૧થી ૪ના તમામ વિદ્યાર્થીઓને ઇનામો આપવામાં આવેલ. ધોરણ-૫થી ૧૨ સુધીનાં પ્રથમ - બીજા નંબરમાં આવેલ વિદ્યાર્થીઓને સ્ટેજ પર બિરાજમાન મહાનુભાવોનાં હસ્તે આપવામાં આવેલ.

ગો.વા. હસમુખભાઈ હેડાવનાં સ્મરણાર્થે ધોરણ-૧૦થી ૧૨માં વધારે માર્ક લાવનાર ધોરણ-૧૦ના છત્રાળા વિશ્વા ૯૨.૮૩%, ધોરણ- ૮થી ૯, ધોરણ-૯માં દર્શન પરમાર ૯૨.૦૫%, ધોરણ-૫થી ૭માં ધોરણ-૬ના એશા તુષાર છત્રાળો ૯૨.૧૪% મેળવેલ. તેઓને સોનલબેન કંસારા - અમદાવાદનાં હસ્તે ઇનામો આપવામાં આવેલ.

ડૉ. ડી.એન. બારમેડા, હિતેશભાઈ પોમલ, ડૉ. કુ. ભૂમિ બુધ્ધભટ્ટી, ડૉ. શૈલેષ બારમેડા, સીએ પૂજન પરમાર વગેરેએ શૈક્ષણિક - સામાજીક વિષયો ઉપર પ્રવચનો આપેલ.

ઉપરોક્ત તમામ કાર્યક્રમ સંકલન, સંચાલન, માર્ગદર્શન પ્રમુખ શ્રી પરેશભાઈ બુધ્ધ, મધુભાઈ પરમાર, રાધેભાઈ સોલંકી, વ્રજેશભાઈ હેડાઉએ આપેલ.

છેલ્લે અલ્પાહાર કરીને સૌ છુટા પડ્યા. આ અલ્પાહારની કામગીરીમાં શ્રી વ્રજદાસભાઈ છત્રાળા, વૃંદાવનભાઈ બુધ્ધ, પ્રભુદાસ સોલંકી, દિનેશ આર. બુધ્ધ, ભૂપેન્દ્ર પરમાર, રાકેશ બુધ્ધ વગેરેએ ભારે જહેમત ઉઠાવેલ.

## જૂનાગઢ મહિલા મંડળના સહ સ્થાપક કવિતાબેન ચંદ્રકાંતભાઈ પરમારનું દુઃખદ અવસાન

### સ્મરણાંજલી

શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જૂનાગઢના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી મધુભાઈ અ. પરમારના ભાભી અને ચંદ્રકાંતભાઈના ધર્મપત્ની કવિતાબેન ચંદ્રકાંતભાઈ પરમાર ઉં.વ.-૪૮નું નાની ઉંમરે તા. ૪-૧૨-૨૦૧૬, રવિવારના રોજ દેહાવસાન થતાં જૂનાગઢ જ્ઞાતિ યુવક મંડળ, મહિલા મંડળ વજ્રઘાત સમાન આઘાત આંચકો અને દુઃખ અનુભવે છે. તેઓના સંયુક્ત કુટુંબ ઉપર આવી પડેલ આપત્તિમાં મારૂ કંસારા જ્ઞાતિજનો તથા યુવક મંડળ સહભાગી બને છે.

ગો.વા. કવિતાબેન ચંદ્રકાંતભાઈ પરમાર શ્રી મારૂ કંસારા મહિલા મંડળ - જૂનાગઢના સહ સ્થાપક હતા. શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જૂનાગઢના એક મદદનીશ તરીકે તેઓ કાર્ય કરતા હતા. ગો.વા. કવિતાબેનનો જૂનાગઢ મારૂ કંસારા મહિલા મંડળને આગળ વધારવામાં મહત્ત્વનો ફાળો હતો. તેઓ જ્ઞાતિને ઉપયોગી મહિલાઓ, બાળકો, યુવાવર્ગને શું શું કરવું જરૂરી છે તે માટેની વાતો કરતા. જ્ઞાતિના રીત-રિવાજના નાની ઉંમરે મોટા માહિતગાર હતા.

ગો.વા. કવિતાબેનની કોઠાસુઝ બહુ મોટી હતી. આ કોઠાસુઝને કારણે યુવા ઉંમરે મોટી વ્યક્તિ તરીકેની કુટુંબના વડા તરીકે ફરજ બજાવતા. તેઓને જ્ઞાતિ પ્રત્યે, પોતાના કુટુંબ પ્રત્યે નાના મોટા બધા પ્રત્યે અપાર લાગણી પ્રેમ હતો. તેઓ બાળકો સાથે બાળક, મોટા સાથે મોટા, સૌ સાથે હળીમળીને રહેવું — તેઓના સ્વભાવમાં હતું.

ગો.વા. કવિતાબેનને ઠાકોરજી પ્રત્યે અપાર શ્રધ્ધા હતી. તેઓ જ્યારે શ્રી ઠાકોરજી લાલા કાનાની સેવા કરતા ત્યારે તેનામય થતા. સતત ઠાકોરજીનું રટણ કરતા રહેતા. તેઓનો દેહવિલય થયો પરંતુ એ સ્થિતિમાં તેમનાં દર્શન કરતાં એવું લાગતું હતું કે આપણી સામે હસે છે. તેવું તેમનું દિવ્ય સ્વરૂપ હતું. ઈશ્વર ભગવાન તેમને જરૂરથી પોતાનામાં સમાવી લેશે તે નિર્વિવાદ છે.

ગો.વા. કવિતાબેન નંદલાલ ત્રિભોવનદાસ પરમારના પુત્રવધૂ થાય. ગો.વા. કવિતાબેન ગંભીર બીમારી સામે ઝઝુમતા રહ્યા હતા ત્યારે તેમના કુટુંબીજનોએ તેમની સેવા કરેલ તેમજ ઘરની ત્રણેય વહુઓ દિવસ-રાત જોયા વગર ગૌ.વા. કવિતાબેનની સતત સારસંભાળ રાખેલ તેમજ પ્રભુ ભક્તિ કરેલ, જે આજના યુગમાં દુર્લભ ગણાય. ત્રણેય વહુને અમારા વંદન તેમજ તેમના સમસ્ત કુટુંબીજનોને પણ વંદન.

ગો.વા. કવિતાબેનની આત્મ જ્યોતિ ઈશ્વરમાં - પ્રભુમાં વિલીન થાય અને તેઓને શાશ્વત શાંતિ ઉપલબ્ધ થાય. તેઓના અધૂરા કાર્યો આગળ ધપાવવા આ મંડળ અને જ્ઞાતિજનો અને તેઓના કુટુંબીજનો સખત મનોબળ પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના સાથે વિરમીએ છીએ.

***પરેશભાઈ કે. બુધ્ધભટ્ટી - પ્રમુખ***
***વિજયભાઈ વી. પરમાર - ઉપપ્રમુખ***
***મહેશભાઈ છત્રાળા - મંત્રી***

## કંસારા સોની યુથ ગર્લ્સ ગ્રુપ - નખત્રાણા



યુવતીઓ માત્ર ઘરમાં બેસી ન રહે પરંતુ વ્યવસાયિક અને પોતાની રૂચિ પ્રમાણે કાર્ય કરે તે માટે "કંસારા સોની યુથ ગર્લ્સ ગ્રુપ -નખત્રાણા"ની રચના કરવામાં આવેલ. આ ગ્રુપ – જેમાં આગામી સમયમાં જ્ઞાતિની યુવતીઓ દ્વારા શૈક્ષણિક, હસ્તકલા, ગૃહ ઉદ્યોગ, વાનગી, ચિલ્ડ્રન કોમ્પિટીશન, ટેલેન્ટ એજ્યુકેશન તેમજ સામાજીક રીતરીવાજો માટે માર્ગદર્શન સેમિનારો યોજવામાં આવશે. ગ્રુપની પ્રાથમિક મિટીંગ તા. ૫-૨-૨૦૧૭ના રોજ રાખવામાં આવેલ હતી. મિટીંગમાં આયોજનની રૂપરેખા પણ આપી દેવામાં આવી હતી. જ્ઞાતિની યુવતીઓ મોટી સંખ્યામાં આ ગ્રુપમાં જોડાઈ છે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**ઉચ્ચ શિક્ષણ સરસ્વતી સન્માન કાર્યક્રમ અને સમગ્ર ગુજરાતમાં પ્રથમ માનવ હૃદય પ્રત્યારોપણ કરનાર કચ્છી ડો. ધીરેન શાહના બહુમાનનો કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો...**

**● સમારંભમાં શારીરિક ઓર્ગન ડોનેટ કરવા તરફ વિશેષ ભાર મૂકવામાં આવ્યો. ●**

સમાજના પરિવારજનોના બાળકો તથા યુવાવર્ગને તેમને પોતાના અભ્યાસક્રમોમાં પ્રાપ્ત થતી સફળતા તેમજ વિવિધ ક્ષેત્રે ઍવોર્ડ, સન્માન મેળવનાર વિશિષ્ટ પ્રતિભાઓની નોંધ લઈને તેમના ઉત્કૃષ્ટ દેખાવના પ્રતીકરૂપે સમાજ દ્વારા તેમનું ઉચિત સન્માન કરવામાં આવે તે ખૂબ જ જરૂરી હોય છે.

આ પ્રકારની પૂર્વભૂમિકાના આધારે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે તા. ૨૯-૦૧-૨૦૧૭ના રોજ અમદાવાદમાં મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી ખાતે અતિ સુંદર રીતે એક કાર્યક્રમનું સફળ આયોજન કરીને ગત વર્ષ દરમિયાન ઉચ્ચ શિક્ષણમાં સફળતા પ્રાપ્ત કરનાર સમાજના ૨૦ છાત્રોને ધનસુખલાલ વીરજી સંઘવી - ઉચ્ચ શિક્ષણ પારિતોષિક, ઍવોર્ડ તથા પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. તે રીતે મંજુલાબેન હરખચંદ સાવલા વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક યોજના હેઠળ રાજ્ય અથવા રાષ્ટ્રીય સ્તરે રમતગમત ક્ષેત્રે સ્પર્ધાઓમાં વીજયી થનાર તેમજ શૈક્ષણિક વગેરે ક્ષેત્રે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર અન્ય ૯ જણાને પણ વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક, ઍવોર્ડ તથા પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન અમદાવાદ ખાતે તા. ૧૯-૧૨-૨૦૧૬ના રોજ સર્વપ્રથમ માનવ હૃદયનું સફળતાપૂર્વક પ્રત્યાર્પણ કરવાની જટિલ પ્રક્રિયામાં ઉત્કૃષ્ટ તબીબી કામગીરી કરીને કચ્છ અને સમગ્ર ગુજરાતનું નામ રોશન કરનાર મૂળ કચ્છમાં મુંદ્રા તાલુકાના રામાણિયા ગામના વતની અને હાલમાં અમદાવાદ સ્થિત કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાંતિલાલ શાહને સમારંભના પ્રમુખ હર્ષા એન્જિનિયર્સ લિમિટેડના શ્રી હરીશભાઈ રંગવાલા તથા નવનીત એજ્યુકેશન્સ લિમિટેડના શ્રી શાંતિલાલભાઈ ગાલા દ્વારા કરવામાં આવ્યું હતું. મંચસ્થ અન્ય અતિથિ વિશેષશ્રીઓમાં ડાયરેક્ટર એચ.સી.જી. કેન્સર હોસ્પિટલના ડૉ. રાજેન્દ્ર ટોપરાની, કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતામંદિરના પ્રમુખ શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલ, કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળના પ્રમુખ શ્રી જયમીનભાઈ સોની તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા, ઉપપ્રમુખ શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, શ્રી જગદીશભાઈ ઠક્કર, માનદ્ મંત્રી શ્રી હિમાંશુ ઠક્કર, ખજાનચી શ્રી મનુભાઈ કોટડિયા તથા 'કચ્છશ્રુતિ'ના તંત્રી શ્રી દિનેશભાઈ મહેતા ઉપરોક્ત સન્માન વિધિમાં સામેલ થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ દ્વારા અત્યાર સુધી કુલ ૭૩૪૯ ઑપન હાર્ટ સર્જરી કરવામાં આવી છે. તે ઉપરાંત સમગ્ર દેશમાં સૌપ્રથમ એઓર્ટિક ટીએવીઆર સર્જરીનો રેકોર્ડ અને અન્ય સિદ્ધિઓ તેમના નામે છે.

આ પ્રસંગે ડૉ. શાહ દ્વારા હૃદય પ્રત્યારોપણ વિશેની માહિતી પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનથી પ્રેક્ષકગણને આપવામાં આવી હતી તથા ગુજરાતમાં સૌપ્રથમ માનવ હૃદય પ્રત્યારોપણની સંપૂર્ણ પ્રક્રિયાની રસપ્રદ વીડિયો ક્લિપ પણ બનાવવામાં આવી હતી.

મનુષ્યનું શરીર અને તેના અંગો બીજી વ્યક્તિના નવજીવન માટે વપરાય તેનાથી વિશેષ કોઈ દાન હોઈ શકે નહીં તેવી પ્રતીતિ ઉપરોક્ત કાર્યક્રમમાં સહુએ મહેસૂસ કરી હતી. તે અન્વયે ઓર્ગન ડોનેટ કરવા સંબંધી જરૂરી ફોર્મ અનેક સભ્યશ્રીઓએ સ્થળ પર ભરીને આપ્યા હતા, જે સમારંભની સાર્થકતારૂપ ઘટના હતી. સમગ્ર કાર્યક્રમની તૈયારી સમાજના કાર્યકર્તા મનુભાઈ કોટડિયા તથા દિનેશભાઈ આર. મહેતાએ ખંતપૂર્વક કરી હતી.

# હાર્દિક શુભેચ્છા



**શ્રીમતી જીજ્ઞાબેન ભરતભાઈ સોની**
સરપંચ શ્રી નખત્રાણા જુથ ગ્રામ પંચાયત

**શ્રીમતી કુસુમબેન નારણભાઈ સોની**
સદસ્ય શ્રી ખોંભડી(મોટી) જુથ ગ્રામ પંચાયત





**શ્રીમતી ઉષાબેન વિનોદભાઈ સોની**
સદસ્ય શ્રી રવાપર ગ્રામ પંચાયત

**શ્રીમતી અલ્પાબેન વિજયભાઈ સોની**
સદસ્ય શ્રી ઘડુલી ગ્રામ પંચાયત





**શ્રીમતી રંજનબેન હસમુખભાઈ સોની**
સદસ્ય માધાપર ગ્રામ પંચાયત

**તાજેતરમાં યોજાયેલ ગ્રામ પંચાયત ચુંટણી માં સમાજના મહિલા પ્રતિનીધી તરીકે સરપંચ પદ તેમજ સદસ્ય તરીકે ચુંટાવા બદલ જ્ઞાતી સેતુ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા...**

# જે પોષતું તે મારતું, એવો ક્રમ કુદરતનો

મહેશકુમાર તુલસીદાસ છત્રાળા - અંજાર

*મિત્રો,*

એમ કહેવાય છે કે સ્વાર્થ અને મનુષ્ય બંને સગા ભાઈ છે. કેમકે પોતાના સ્વાર્થ માટે ક્યારેક આપણે અન્યની જીંદગી ખરાબ કરીએ છીએ. પોતાનો અહં રાખવા માટે આપણે ક્યારેક આપણા સંતાનોને ઊંધી અવળી બાબતો સમજાવી ગેરમાર્ગે દોરીએ, ક્યારેક ખોટું પ્રોત્સાહન આપીએ. સમય જતા સંતાનોને અને વડીલોને તકલીફ પડે છે, પણ સમય નીકળી ગયા પછી પસ્તાવો થવો એ યોગ્ય નથી. લગ્ન સમયે નવા કપડાંની શોભા છે, અન્યથા નહીં.

દીકરી પરણીને સાસરે જાય છે, ત્યાં તેને જીંદગીભર રહેવાનું છે. ક્યારેક દીકરીના માતા-પિતાને સામા પક્ષથી દુઃખ થાય છે. તેમનું વર્તન ગમતું નથી. તેમની ઈચ્છા મુજબ સામા પક્ષના લોકો વ્યવહાર કરતા નથી. દીકરી ક્યારેક માતા-પિતા, ભાઈને ફરિયાદ કરે છે અને કરવી જ જોઈએ. તે તેનો અધિકાર છે. બધા નહીં, એકાદ માતા-પિતા કે ભાઈ, બહેનને કહેશે કે પાછી આવી જા, અમે બેઠા છીએ. દીકરી પાછી જાય છે. સતતને સતત દીકરીના સાસરા પક્ષની વાતો વાગોળવી અને દીકરીને ખોટી વાતો સમજાવવી, માવતરે બેસાડી રાખવી તે યોગ્ય નથી.

પીવાલાયક પાણીનો ગ્લાસ ભરેલો છે. ત્રણ ભાઈબંધોને તરસ લાગી. એક ભાઈબંધ કહે, 'પાણી ખૂબ જ સરસ છે, પીવાની મજા આવશે.' બીજો કહે, 'પાણીમાં વાસ આવે છે, પીવાલાયક નથી.' ત્રીજો કહે, 'પાણી ખૂબ જ ગંદુ છે. તેમાં પોરા છે. મને તો જોઈને જ ઉબકા આવે છે.' એક જ પાણીના ગ્લાસને જોવાની દૃષ્ટિ તમે જોઈ તેમ સંસારરૂપી માયાજાળમાં આવું જ છે. તમારે જમાઈ કે વહુ બધી રીતે બરાબર ન હોય, પણ તેનામાં એકાદ ગુણ તો હશે જ. સુખી થવા માટે સારા ગુણ જોવા. તમે દીકરીને સામા પક્ષના અવગુણો જ બતાવશો તો દીકરી સાસરે જવાની જ નથી. દીકરીની ઉંમર હજુ પરિપક્વ નથી. તેથી તે સાચું સમજતી નથી. તમે જેમ કહેશો તે જ તેમ વર્તન કરશે. તેને સત્ય સમજાશે ત્યારે ઘણું મોડું થશે. તે જ દીકરી માતા-પિતા, ભાઈ સાથે ઝઘડો કરશે કેમકે તમે તેની જીંદગી બગાડી.

મારી માહિતી પ્રમાણે એક ગામની ઘટનામાં પૈસાદાર ઘરની દીકરી પરણીને સાસરે જાય છે. સામા પક્ષના લોકો મીડિયમ છે. એકાદ વખત સાસરામાં દીકરી સાથે મનદુઃખ થાય છે. દીકરીના માતા-પિતા અને ભાઈઓ પૈસાની તાકાતના જોરે દીકરીને ઘરે બેસાડે છે. દીકરીને દીકરી જન્મે છે. માતા-પિતાનો પૂરતો સાથ છે. પતિને પોતાની પત્ની અને દીકરીને તેડી જવા છે અને ઘર વસાવવું છે પણ માતા-પિતા તૈયાર નથી. તેમને માત્ર પોતાની જ દીકરી દેખાય છે. સમય પસાર થવા લાગ્યો. નાનકી બબુ ઉંમરલાયક થઈ. તેના મામાના લગ્ન થયા. તેના નાના અવસાન પામ્યા.

ખરો સમય હવે આવ્યો. ઘરે બેઠેલી દીકરી પસ્તાવા લાગી. ભોજાઈ સાથે રહેવાનું મુશ્કેલ બન્યું. સગા સંબંધીમાં જઈ શકાય નહીં. બધા મેણા મારે. હવે દીકરીને પરણાવવી છે. કોણ આગળ આવશે? સામો પક્ષ પૂછશે તેના પિતા કોણ? શું કહેશો? વિચારોની ગડમથલમાં દીકરીને વિચાર આવ્યો, મારા પતિ પાસે ચાલી જાઉં. સમજુતીનો દોર શરૂ થયો. હવે પતિ રાખવા તૈયાર નથી કેમકે દીકરીએ માતા-પિતા અને ભાઈની વાત માની અડધી જીંદગી માવતરે કાઢી. હવે જયારે તેની જ દીકરી લગ્નલાયક થઈ ત્યારે સમજુતીનો વિચાર આવ્યો. જે ખોટું છે, તે જીંદગીભર ખોટું જ છે.

નાનીમાને દોહિત્રીની ચિંતા થવા લાગી. એક વખત દીકરી અને મા વચ્ચે લગ્નની બાબતમાં ખૂબ જ તકરાર થઈ. બંને એકબીજા પર દોષ ઢોળવા લાગ્યા. ઝઘડો ખૂબ જ વધી ગયો. દીકરી માની સામે જેમતેમ બોલવા લાગી અને ગુસ્સામાં આવીને માએ દીકરીને થપ્પડ મારી. ત્યારે જ કહેવું પડે, 'જે પોષતું તે જ મારતું.'

મારો આ લેખ કોઈ એક માટે નથી. પોતા પર કોઈ લે નહીં. સમાજમાં થોડોક બદલાવ લાવવા, સમાજની સ્થિતિ સુધારવા, સમાજનો વિકાસ કરવા માટે આ લેખ લખેલ છે. કોઈની લાગણી દુભાય, દુઃખ થાય તો માફ કરશો. અનમોલ જીંદગી વિચારી - વિચારીને જીવીએ અને જીવવા દઈએ. આ લેખમાં ક્ષતિ હોય તો જણાવશો અને આ લેખ કેવો લાગ્યો તે જણાવશો. આપનો એક ફોન મને લખવાની પ્રેરણા આપશે.

*મો. ૯૯૨૫૩ ૧૭૬૦૮*

*ગંગા જમના માજીયું અખીયું, પે'જો હિયું હરદવાર*
*માજી કુખ તાં કાસી જેડી, પે'જો હિયું ગીરનાર.*

*– કવિ 'તેજ'*

*માની આંખો, એ જ ગંગા જમના અને પિતાનું હૃદય તે હરદ્વાર*
*માતાની કૂખ તો જાણે કાશી અને પિતાનું હૃદય તે ગિરનાર છે.*

# દીકરી તો પરમ ધર્મ છે

કુ. દિપાલી દિનેશભાઈ બારમેડા - નેત્રા



*કુ. દિપાલીબેન દિનેશભાઈ બારમેડા - નેત્રા (માતાજી)ના રહેવાસી છે. તેઓએ શૈક્ષણિક ક્ષેત્રે M.Com.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. વાંચન, શિક્ષણ, નૃત્ય વગેરે તેમના ખાસ શોખ છે. 'જ્ઞાતિસેતુ' મારફતે વાચકોને તેમના જ્ઞાન અને પ્રતિભાનો લાભ મળશે. અમને હર્ષ છે કે 'જ્ઞાતિસેતુ' પરિવારમાં આ રીતે નાના નાના ગામોએથી પણ શિક્ષિત કન્યાઓના શિક્ષણ અને સમજનો લાભ સમાજના પ્રત્યેક પરિવાર સુધી પહોંચાડવામાં 'સેતુ' સહાયક બને છે.* **– અતુલ સોની**

દીકરી તો ઈશ્વરનું માતા-પિતા પર વરદાન છે. જેને ત્યાં દીકરી જન્મે, તે ખરો ભાગ્યશાળી છે. દીકરી, દીકરી તો છે જ પણ આજ્ઞાંકિત શિષઅયા છે, હિતેચ્છુ સલાહકકાર છે અને સમય આવે બોસ પણ બની શકે છે. માતાની તે દીકરી જ નથી, તેની સહેલી પણ છે અને સલાહકાર પણ છે. દીકરી જેટલો માતા-પિતાને પ્રેમ આપે છે, અડધી અડધી થઈ જાય છે તેવું બીજું કોઈ જ નથી થતું. ઈશ્વરે દીકરી ઘડીને માતા-પિતા પર પરમ ઉપકાર કર્યો છે. દીકરીનો પ્રેમ પ્રારંભથી અંત સુધી એટલો ને એટલો જ રહે છે. મને એ નથી સમજાતું કે લોકો દીકરીને શા માટે દુઃખનો ભારો સમજે છે? લોકોનું મગજ વિકૃતિથી ભરેલું છે. માટે જ તેઓ દીકરીના અવતારને પારખવામાં થાપ ખાય છે. જ્યારે હું સાંભળું કે લોકો દીકરી પ્રત્યે ભેદભાવથી જુએ છે કે તરત જ મને તેમના હલકાપણાની જાણ થઈ જાય છે. દીકરા કરતાં દીકરીને જ ઉતરતી ગણે છે. તેઓ પોતે જ હલકા છે.

પિતાને હંમેશાં દીકરી પર વધારે પ્રેમ હોય અને દીકરીને પિતા પર.

*કાલિદાસ જેવા મહાન કવિએ કહ્યું છે કે :*

***દીકરી તો ધન પારકું જ***
***વળાવી એને પતિ ઘેર આજે***
***મારો થયો સ્વસ્થ જ અંતરાત્મા***
***જાણો યથા થાપણ પાછી સોંપ્યે.***

મહાન કવિ કાલિદાસના આ વિચાર સાથે હું સહમત નથી. દીકરી પારકું ધન છે જ નહીં. તે તો પરમ ધન છે, જે આપણી પાસેથી જવાનું જ નથી. દીકરી પારકી થાપણ છે જ નહીં. તે તો હંમેશાં આપણી જ થાપણ છે. દીકરી હંમેશાં ગૃહસ્થાશ્રમને ઉજળી રાખે છે. માતા-પિતાના પ્રેમને બનાવી રાખે છે. જેને ત્યાં દીકરી જન્મે તે પતિ-પત્ની હંમેશાં પ્રેમ સંબંધે બંધાઈ જ રહેવાના.

સમય આવ્યે દીકરી પુરવાર થાય છે અને બાપની આબરૂ જાળવી રાખે છે. દીકરો ઉલાળિયો કરશે પણ દીકરી નહીં. દીકરો તો કદાચ એક કુટુંબને ઉજાળે પણ દીકરી તો બે કુટુંબને ઉજાળે છે. આપણી દુનિયાએ મહાન દીકરીઓ જોઈ છે. તેમાં ગાર્ગી, લોપામુદ્રા, અનસુયા, અરુંધતી, સીતા, કુંતી, ગાંધારી, લીલાવતી, દ્રૌપદી વગેરે છે. હાલમાં પણ આવી અનેક મહાન દીકરીઓ મોજૂદ છે.

જેમ રણમાં કરોડો પશુપંખી પાણીમાં એક એક ટીપા માટે ઝંખતા હોય છે અને જો એમાં મેઘરાજા વરસી જાય તો કલરવ કરતા કરતા નાચતા કૂદતા તેઓ પાણીને જેવી રીતે આવકારે છે, એમ જ્યારે દીકરી 'પપ્પા' કે 'મમ્મી' એવો શબ્દ બોલે ત્યારે દિલના હરએક તાર ઝંકૃત થઈ ઊઠે છે.

"દીકરી વહાલનો દરિયો" – કેટલી સરસ કલ્પના સમાયેલી છે આ એક નાના એવા વાક્યમાં. દીકરીનું કલ્પનાચિત્ર ખડું થાય છે અશાંત, વ્યાકુળ, બેચેન મન દરિયા કિનારે જઈ આહ્લાદક શાંતિનો અનુભવ કરે છે એમ જીવનમાં દીકરીનું સાંનિધ્ય અનુપમ શાંતિનો અનુભવ કરાવે છે. પૃથ્વીના પોણા ભાગને આવરીને પથરાયેલા જળ વિસ્તારને પણ ક્યાંક તો કિનારો સ્પર્શે છે, જ્યારે દીકરી તો અસ્તિત્વના પોણા નહીં, સમગ્ર હિસ્સામાં પથરાયેલી છે. તેને કોઈ જ કિનારો નથી. વિશાળતા, ઊંડાણ અને અસીમતાના પ્રતીક જેવા દરિયા સાથે સરખામણી પામેલી દીકરી નિર્મળ, સ્નેહ, નિઃસ્વાર્થ, લાગણી, નિઃસ્તમ વહાલનું વિરાટ સ્વરૂપ છે. ધન્ય છે આજનો સમાજ, જેને આવી અમૂલ્ય ભેટ મળી છે.

"દીકરી મા-બાપનો શ્વાસ છે. જે લીધા વગર પણ ન ચાલે અને છોડ્યા વગર પણ ન ચાલે."

## પ્રતિભાવ

***Dear Sirs,***

It is indeed a great pleasure to see Gnyati Setu improving by leaps and bounds. The articles covered are varied and are from all parts of Gujarat and the rest of the World. The Dipotsavi Cover is quite colourful and well designed. Our best wishes as always.

***Dr. Vimalbhai Jetha - Delhi***

# નાણાંકીય વ્યવહાર માટે આવશ્યક સૂચનો

શ્રીમતી બીના સમીર કંસારા, ટેક્ષ એડવોકેટ - ભુજ

## નવા વર્ષે સંકલ્પો

સર્વે વાચક મિત્રો, વડીલોને મારા નવા વર્ષના હેપ્પી ન્યુ યર. આવનાર વર્ષ આપ બધા માટે મંગલકારી, સાચા સ્વાસ્થ્ય વર્ધક અને પ્રગતિમય બની રહે તેવી શુભેચ્છા. નવું વર્ષ નવી આશાઓ, ઈચ્છાઓ સાથે લઈને આવે છે. સાથે આપણે પણ અનેક એવા સંકલ્પો કરીએ છીએ જે આપણા જીવનમાં સકારાત્મક પ્રભાવ લાવે. તો આવો, એવા સંકલ્પો પણ કરીએ જે આપણા આર્થિક પાસાઓને સ્પર્શે.

★ પ્રથમ તો આપણે આપણા દરેક નાણાંકીય વ્યવહારની નોંધ અવશ્ય કરવી. ચૂકવવાપાત્ર કે વસુલાત અંગે વિગતે નોંધ કરવી. યાદશક્તિને આધારે વ્યવહાર ન કરવા વધારે હિતાવહ છે.

★ Cashless Economy તરફ આગળ વધતું અર્થતંત્ર આપણને પાછળ ન મૂકે તેથી બનતા બધા આર્થિક વ્યવહાર બેંક મારફતે કરવા.

★ મહિનાના અંતે હિસાબી ચોપડાઓ તૈયાર કરવા અને બેન્ક પાસબુકમાં અવશ્યથી નોંધ કરાવવી.

***આપણે જાણીએ છીએ કે એવા કોઈ પણ વ્યવહારો જેમ કે દસ્તાવેજી વ્યવહાર, બેન્ક ખાતા ખોલાવા, શેર - ડીમેટ એકાઉન્ટ ખોલાવતી વખતે, લોન લેતી વખતે કે અન્ય કોઈ પણ વ્યવહારો કરતી વખતે PAN અવશ્ય આપવો પડે છે. અર્થાત્ કે આપણા દ્વારા કરવામાં આવેલ દરેક વ્યવહાર PAN દ્વારા નોંધને પાત્ર બની ચૂકી હોય. આવા સમયે આપણા દ્વારા આવા વ્યવહારની નોંધ આપણા ચોપડામાં કે સરવૈયામાં દર્શાવવામાં ભૂલ – આપણા માટે કાયદાની દૃષ્ટિએ પ્રશ્નો ઊભા કરે છે. માટે આવા વ્યવહારની નોંધ સરવૈયામાં અવશ્યથી કરવી.***

★ વેપાર કે વ્યવસાય સાથે સંકળાયેલ હોય તેમને પોતના ચૂકવવાપાત્ર વેરાઓ જેવા કે VAT, Service Tax, TDS, Advance Tax નિયત સમયમાં ચૂકવવા માટે પોતાના મોબાઈલમાં રીમાઈન્ડર રાખી દેવું. જેથી વ્યાજ કે દંડ ચૂકવવાથી બચી શકાય.

★ બચતને આપણે સૌ પ્રાધાન્ય આપીએ છીએ. બેન્ક ડિપોઝીટ મારફતે, પોસ્ટ ઓફિસના બચત ખાતાઓ મારફતે, મ્યુચ્યુઅલ ફંડ દ્વારા કે અન્ય કોઈ પણ માધ્યમ દ્વારા કરવામાં આવેલી બચત અંગે નોંધ અવશ્ય રાખવી. ઉપરાંત વ્યાજ કે અન્ય કોઈ આવક પર ટી.ડી.એસ. કપાયો હોય તો આવકવેરા રીટર્ન ભરી, આવક નિયત મર્યાદાથી ઓછી હોય તો કપાયેલ ટી.ડી.એસ. પરત મેળવી શકાય.

★ દરેક પ્રકારના પ્રીમિયમની ચૂકવણી અંગે ચૂક ન થાય અને સમયાંતરે બધા વીમા પ્રીમિયમ ભરી શકાય તે માટે બેન્ક મારફત ECS કરાવી લેવું. જેથી બેન્કમાંથી જ સમયસર પ્રીમિયમની ચૂકવણી થઈ શકે.

★ મોબાઈલના વધતા જતા ઉપયોગના ભાગરૂપે શક્ય તેટલા ખર્ચાઓ જેવા કે લાઈટ બીલ, મોબાઈલ બીલ, વેરાઓ, બસ - રેલવે બુકિંગ જેવા અનેક ખર્ચની ચૂકવણી મોબાઈલ વૉલેટ દ્વારા કરીને સમયની બચત કરી શકાય છે. અનેક પ્રકારના મોબાઈલ વૉલેટ આજે ઉપલબ્ધ છે. માત્ર ID - પાસવર્ડની સાચવણી કરીને તેનો ઉપયોગ કરવો.

★ દસ્તાવેજી વ્યવહાર, મિલ્કત - વાહનની ખરીદી-વેચાણ, હીરા-ઝવેરાતની ખરીદી જેવી અન્ય કોઈપણ ખરીદી ચોપડે ચડાવવામાં ચૂક ન થાય તેની નોંધ રાખવી. શક્ય હોય તો અગાઉથી આયોજન કર્યા બાદ વ્યવહાર કરવા હિતાવહ છે.

★ દરેક કરદાતાએ પોતાના ID અને પાસવર્ડ પોતાની નોંધપોથીમાં અવશ્યથી રાખવા અને સમયાંતરે VAT, Service Tax, Income Tax જેવા ભરવાપાત્ર વેરા કે ભરેલ વેરા અંગે નોંધ લેવી તેમજ ભરેલ રીટર્ન અંગે પણ નોંધ લેવી.

મોબાઈલ : ૯૮૭૯ ૩૫ ૮૦૧૦

*વૃક્ષ પોતાનું લીલું સ્વરૂપ ગુમાવ્યા વિના પણ ઘરડું થઈ શકે છે. સૂર્ય પોતાની ગરિમા અને ઉષ્મા ગુમાવ્યા વિના પણ આથમી શકે છે. વાયરો પોતાની ગતિશીલતા ગુમાવ્યા વિના પણ જંપી શકે છે. પુષ્પ પોતાની સુવાસ અકબંધ રાખીને પણ ખરી શકે છે. માત્ર મનુષ્ય પોતાની જીવનમયતા ગુમાવ્યા વિના મરી શકતો નથી. અરે! ઘણાખરા મનુષ્યો પોતાનાં મૃત્યુ પહેલાં જ મરી ચૂક્યા હોય છે. માત્ર સ્મશાનયાત્રા જ બાકી હોય છે.*

પાના નંબર-૩૧ ઉપર આપેલ "સામાન્ય જ્ઞાન"ના જવાબો

**જવાબો :** (૧) B, (૨) D, (૩) A, (૪) C, (૫) B, (૬) C, (૭) D, (૮) A, (૯) C, (૧૦) D, (૧૧) B, (૧૨) B, (૧૩) A, (૧૪) A, (૧૫) C, (૧૬) B, (૧૭) B, (૧૮) A, (૧૯) A, (૨૦) B.

# વ્હાઈટ હાઉસ - વૈશ્વિક સત્તાનું પાવરહાઉસ

પ્રો. રસિકભાઈ મહીચ્છા



નવેમ્બર માસમાં અમેરિકાના પ્રમુખપદની રસાકસી ભરેલી ચૂંટણી થઈ અને રિપબ્લિકનકર્ષના ડોનાલ્ડ ટ્રમ્પ વિજયી થયા છે. ૨૦ જાન્યુઆરી, ૨૦૧૭ના પ્રમુખપદની વિધિવત શપથવિધિ થશે અને કાયદેસર રીતે ચાર વર્ષ માટે વ્હાઈટ હાઉસમાં પ્રમુખપદની ઓફિસ સંભાળશે. બરાબર તે દિવસે વિદાય લેતા પ્રેસિડેન્ટ બરાક ઓબામાની બીજી ટર્મનો છેલ્લો દિવસ હશે. તો ચાલો, આપણે આ વખતે વિશ્વના પાવર હાઉસ વ્હાઇટનો પ્રવાસ કરીએ.

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં આવેલી ૧૬૦૦, પેન્સિલ્વેનિયા સ્ટ્રીટ પર લોખંડીન કલાત્મક ગ્રીલ મારફત દેખાતું લીલીછમ લોનવાળી સફેદ રંગની વિશાળ આલીશાન ઈમારત વ્હાઈટ હાઉસ છે. અમે યુ.એસ. કેપીટોલ જોઈને વ્હાઈટ હાઉસ જોવા ગયા હતા. સાંજનો સમય હતો અને વિશ્વભરના લોકો વ્હાઈટ હાઉસ જોવા ઉમટ્યા હતા. ફોટોગ્રાફી કરતા હતા. અમે પણ ફોટોગ્રાફી કરીએ ત્યાં સુધી વ્હાઈટ હાઉસ વિષે રસપ્રદ ઈતિહાસ ટૂંકમાં જાણીએ.

પ્રથમ નજરે સાદી જણાતી આ વિશાળ ઈમારત ૨૧૬ વર્ષ જૂની હોવા છતાં આજે પણ એટલી જ ભવ્ય અને અદ્યતન લાગે છે.

૧૭૮૯માં અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટનને અમેરિકાના પ્રમુખનું એક અલગ ઓફિશિયલ રહેઠાણ હોવું જોઈએ એવી જરૂરિયાત એમને લાગી હતી. અને તે માટે સેનેટને ભલામણ કરી હતી. તેથી પોટોમેક નદી પાસે ફેડરલ જીલ્લામાં જયાં વોશિંગ્ટન ડી.સી. શહેર આકાર પામવાનું હતું ત્યાં અંદાજીત ૧૮ એકર જમીનનો પ્લોટ પસંદ કરવામાં આવ્યો. તેમણે અમેરિકાના પ્રમુખનું રહેણાકની ઈમારતની ડીઝાઈન કેવી હોવી જોઈે તે માટે એક જાહેર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં વિશ્વના મહાન સ્થપતિઓએ વિવિધ ડીઝાઈનો બનાવીને મોકલી હતી. બધી એન્ટ્રીઓની તુલનાત્મક સમીક્ષા કરીને છેવટે જેમ્સ હોબોન નામના એક આયરીશ આર્કિટેક્ટની ડીઝાઈન અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખની ઓફિસ અને રહેઠાણ માટે પસંદ કરવામાં આવી હતી. તેની કૃતિ આયર્લેન્ડના ડબ્લીન શહેર પાસે આવેલ એક ઈમારત – લીનસ્ટર હાઉસના આધારે બનાવેલ હતી.



"વ્હાઈટ હાઉસ"

૧૩મી ઓક્ટોબર, ૧૭૯૨માં વ્હાઈટ હાઉસનો કોર્નર સ્ટોન મૂકવામાં આવ્યો અને તરત જ બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. નોન યુરોપિયન અને આફ્રિકન ઈમીગ્રેટેડ લેબર દ્વારા વ્હાઈટ હાઉસના બાંધકામ કરવામાં લાગલગાટ આઠ વર્ષ લાગ્યા હતા. તેના માટે ૨૩૨૩૭૪ ડોલરનો ખર્ચ થયો હતો. પરંતુ પ્રથમ રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટન તેમાં રહેવા જવા માટે ભાગ્યશાળી થઈ શક્યા ના હતા. બીજા રાષ્ટ્રપ્રમુખ જોહન એડમ્સ અને તેમના પત્ની અપીગેલ એડમ્સ પહેલી નવેમ્બર, ૧૮૦૦માં પ્રિસેડેન્ટ હાઉસના પ્રથમ રહેવાસી થયા હતા. પરંતુ તે વખતે પણ તેનું બાંધકામ પૂરું થયું ન હતું.

ત્યારબાદ આવનારા રાષ્ટ્રપ્રમુખો, ફર્સ્ટ લેડીઓ વ્હાઈટ હાઉસમાં જુદા જુદા સુધારા વધારા કરતા ગયા અને વિવિધ પ્રકારની સગવડતાઓ પણ ઉમેરતા ગયા. રાષ્ટ્રપ્રમુખ થોમસ જેફરસને વર્ષમાં બે દિવસ – નવા વર્ષ અને ૪થી જુલાઈના આમ નાગરિકને જોવા માટે વ્હાઈટ હાઉસ ખુલ્લો મૂક્યો.

ત્યાર પછી ૧૪ વર્ષ બાદ ૧૮૧૪માં અમેરિકા અને બ્રિટન વચ્ચે જયારે યુધ્ધ ચાલતું હતું ત્યારે બ્રિટીશના સૈનિકોએ વ્હાઈટ હાઉસમાં ભયાનક આગ લગાડીને તેના મોટાભાગને ખૂબ નુકસાન પહોંચાડ્યું હતું. વ્હાઈટ હાઉસનું ફર્નિચર તથા દીવાલો ભસ્મીભૂત થઈ ગયા હતા અને રહેવા માટે બિનઉપયોગી બની ગયું હતું. કેટલોક સમય અમેરિકન રાષ્ટ્ર પ્રમુખને રહેવા માટે વૈકલ્પિક વ્યવસ્થા

કરવી પડી હતી. ફરી એક્સપર્ટ આર્કિટેક્ટ્સ અને એન્જિનિયર્સના માર્ગદર્શન હેઠળ વ્હાઈટ હાઉસનું નવસર્જન કરવામાં આવ્યું. પ્રેસિડેન્ટ જેમ્સ માડીસન ૧૮૧૭માં રહેવા ગયા હતા. ફ્રેન્ચ ફર્નિચરથી વ્હાઈટ હાઉસને રાજમહેલ જેવું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. ૧૮૨૪માં તેના ઉત્તર અને દક્ષિણ પ્રવેશદ્વાર પણ બનાવવામાં આવ્યા. આગને કારણે બળી ગયેલી દીવાલો ગ્રે અને કેટલીક જગ્યાએ કાળી દેખાતી હતી. તેથી સમગ્ર ઈમારતને બિલકુલ વ્હાઈટ કલરનું પેઈન્ટ લગાડવામાં આવ્યું. તેથી તેનું આકર્ષણ અને પ્રભાવ અનેકગણું વધી ગયું. ત્યારબાદ લોકો પ્રેસિડેન્ટ હાઉસને હુલામણા નામથી "વ્હાઈટ હાઉસ" કહેવા લાગ્યા. છેવટે પ્રેસિડેન્ટ થીઓડોર રૂઝવેલ્ટે કાયદેસર રીતે પ્રેસિડેન્ટ હાઉસને ઓફિશિયલ નામ "વ્હાઈટ હાઉસ" આપી દીધું. ત્યારથી અમેરિકન પ્રેસિડેન્ટના નિર્ણયો વ્હાઈટ હાઉસના નિર્ણયો કહેવાવા લાગ્યા.

પછીની સદીઓમાં પણ વ્હાઈટ હાઉસમાં સુધારાનો દોર ચાલુ જ રહ્યો. જરૂરિયાત મુજબ તેનું વિસ્તરણ થતું રહ્યું. પશ્ચિમ અને પૂર્વ તરફની વિન્ગો જોડવામાં આવી. ફર્નિચરની ડીઝાઈન બદલાતી રહી, પ્લમ્બિંગ, વિદ્યુત સપ્લાય, ગેસ સપ્લાય લાઈનો પણ ઉમેરવામાં આવી. સ્વિમિંગ પુલ, લાઈબ્રેરી, ટેનિસ કોર્ટ, રોઝ ગાર્ડન અને કીચન ગાર્ડન વગેરે ઉમેરાયા. ત્યારબાદ થિયેટર રૂમ, બિલિયર્ડ રૂમ, જોગિંગ ટ્રેક પણ બન્યા.

તેમાં વળી સૌથી સુંદર તો અમેરિકન પ્રમુખની અંડાકાર ઓફિસ તો ૧૯૩૪માં બનાવવામાં આવી. જેને આજે પણ અમેરિકાના નાગરિકો ગર્વથી ઓવલ ઓફિસ તરીકે ઓળખે છે. આ ઓવલ ઓફિસમાં બેસીને અમેરિકાના પ્રમુખ સમગ્ર અમેરિકા જ નહીં, પણ વિશ્વ પરની સત્તાનું સુકાન સંભાળે છે.

***ચાલો, આપણે વ્હાઈટ હાઉસ વિષે કેટલીક રસપ્રદ વિગતો જાણીએ :***

★ વ્હાઈટ હાઉસમાં રહીને સત્તા સંભાળનાર પ્રેસિડેન્ટ બરાક ઓબામા ૪૩મા પ્રમુખ છે.

★ વ્હાઈટ હાઉસમાં કુલ ૧૩૨ રૂમો છે, ૪૧૨ દરવાજા છે, ૧૪૭ બારીઓ છે, ૮ સીડીઓ છે, ૨૮ ફાયરપ્લેસીસ અને ૩ લિફ્ટ છે.

★ વ્હાઈટ હાઉસના આજ લગી કુલ ચાર નામ પડ્યા છે. પહેલું નામ પ્રેસિડેન્ટ પેલેસ, બીજું નામ પ્રેસિડેન્ટ હાઉસ, ત્રીજું નામ એક્ઝિક્યુટીવ મેન્શન અને છેલ્લું ચોથું નામ વ્હાઈટ હાઉસ છે.

★ વ્હાઈટ હાઉસના કીચનમાં ૧૦૦૦ વ્યક્તિઓને જમાડી શકાય તેટલી વ્યવસ્થા છે.

★ વ્હાઈટ હાઉસ જોવા માટે રોજના ૬૦૦૦થી વધુ પ્રવાસીઓ વિશ્વભરમાંથી આવે છે. વ્હાઈટ હાઉસ જોવા માટેની પરમિટ ત્રણ મહિના અગાઉથી લેવી પડે છે.

★ વ્હાઈટ હાઉસના છ લેવલ છે. પૂર્વ અને પશ્ચિમ એમ બે વિભાગ પડે છે. તેનો ટોટલ બિલ્ટઅપ એરિયા ૫૫,૦૦૦ ચોરસ ફૂટ છે.

★ વ્હાઈટ હાઉસમાં અત્યાર સુધી ૧૭ લગ્નો થયા છે. જેમાં એક લગ્ન ખુદ પ્રેસિડેન્ટ ગ્રોવર ક્લીવલેન્ડનો સમાવેશ થાય છે. તેના લગ્ન ફર્સ્ટ લેડી ફ્રાન્સિસ ફોલ્સમ સાથે વ્હાઈટ હાઉસના બ્લ્યુ રૂમમાં ૧૮૮૬માં થયા હતા. છેલ્લે લેડી હિલેરી ક્લિન્ટનના ભાઈના લગ્ન ૫મ ૧૯૯૪માં વ્હાઈટ હાઉસમાં થયા હતા.

★ વ્હાઈટ હાઉસનો વહીવટી સ્ટાફ કુલ ૪૭૨ વ્યક્તિઓનો છે. જેમાં કીચન સ્ટાફ અને કોન્ટ્રાક્ટ લેબરનો સમાવેશ થતો નથી.

★ વ્હાઈટ હાઉસને વ્હાઈટ રાખવા માટે કુલ ૫૭૦ ગેલન વ્હાઈટ પેઈન્ટની જરૂર પડે છે.

★ વ્હાઈટ હાઉસમાં પ્રમુખના ધર્મપત્ની કે જે ફર્સ્ટ લેડી તરીકે ઓળખાય છે તેની પણ અલગ ઓફિસ અને સ્ટાફ હોય છે.

★ જ્યારે યુધ્ધ અથવા કટોકટી હોય ત્યારે દરરોજ પરિસ્થિતિની ચર્ચા કરવા માટે સિચ્યુએશન રૂમ પણ અલગ હોય છે.

★ ગાર્ડનની જાળવણી માટે ૧૩ જણનો ફુલટાઈમ સ્ટાફ છે.

★ વ્હાઈટ હાઉસના કેટલાક મહત્ત્વના રૂમો તેના રંગ પરથી ઓળખવામાં આવે છે. જેમકે બ્લ્યુ રૂમ, ગ્રીન રૂમ અને યલો રૂમ. આ રૂમોની દીવાલોના કલર મુજબ તેના પડદા અને ડ્રેપરીઝ હોય છે.

★ અમેરિકાના પ્રમુખ અને તેના કુટુંબને વ્હાઈટ હાઉસમાં રહેવા માટે કોઈ રેન્ટ આપવાનું નથી હોતું પણ કીચનમાં બનતા ભોજન, ડ્રિન્ક્સ અને ટોઈલેટ્રીઝનો ખર્ચ આપવાનો હોય છે.

★ વ્હાઈટ હાઉસમાં અન્ડરગ્રાઉન્ડ ભોયરું પણ છે જેમાં કટોકટી વખતે અથવા કુદરતી આફત દરમ્યાન પ્રમુખ અને તેનું કુટુંબ આશ્રય લઈ શકે છે.

વ્હાઈટ હાઉસ વિષે અવનવી રસમય વાતો સાંભળીને એવું લાગ્યું કે વ્હાઈટ હાઉસ માત્ર અમેરિકાના પ્રમુખને રહેવા માટેનું મકાન નથી પરંતુ વિશ્વની એક મહાન લોકશાહીનું અદ્ભુત મંદિર છે.

# Goods And Service Tax (GST)

*આ લેખ અંગ્રેજી ભાષામાં હોતાં એને 'સેતુ'ના અંગ્રેજી સેક્શનમાં લીધો છે. આપણા સમાજની આજની પેઢી ખાસ કરીને યુવાનો, જેઓએ અંગ્રેજી માધ્યમમાંજ અભ્યાસ કરેલો છે અને સ્નાતક - અનુસ્નાતક થયેલા છે, પરંતુ પેઢી દર પેઢી વિકસિત વ્યવસાય સાથે જ સંકળાયેલા છે તેમના માટે ખાસ પ્રકાશિત કરેલ છે.*

**– અતુલ સોની**

The seeds of Goods and Service Tax (Popularly known as GST) in India was ploughed in the year 2000 during the regime of the Vajpayee Government. It was the first time when the GST Bill was discussed by setting up an empowered committee. The committee was given the task designing the GST Model and overseeing the IT back end preparations for its roll out but the bill remained stalled for year due to various factor.

It was in 2014 during the regime of Modi Government when the GST Bill, officially known as The Constitution (One Hundred and Twenty Second Amendment) Bill, 2014 was introduced in Lok Sabha on 19th Dec., 2014 by the Union Finance Minister Shri Arun Jaitley and passed on 6th May, 2015.

The introduction of simplified tax system in the form of GST will certainly change the Federal system of Government in our Country by abolishing the existing multi layered taxes levied by the Centre and State Government at different stages of supply chain which is being collected through an inefficient and non transparent system. It will further enable the Government to stop pilferage and rationalize the overall taxation regime. A complete transparent chain of set-offs and better tax compliance resulting in lower tax burden on manufacturers would bring relief to industry, trade and agriculture. The decrease in the price of goods manufactured in India under GST would make Indian Goods more competitive in foreign Country and improve Export Business.

GST would further aim is in striking a balance between fiscal autonomy of this Centre and States. Under this Model, GST shall have two components viz. the Central GST (CGST) to be levied and collected by the Centre and the State GST (SGST) to be levied and collected by the respective States. It stall submitting the following taxes in its ambit.

■ **CENTRAL TAXES :**

1. Central Exicse Duty.
2. Additional Excise Duty.
3. The Excise Duty levied under the Medicinal and Toileteries preparation Act.
4. Service Tax.
5. Add. Customs Duty.
6. Sp. Add. Duty of Customs
7. Surcharges & Cesses.

■ **STATE TAXES :**

1. VAT / Sales Tax.
2. Entertainment Tax (unless it is levied by the Local Bodies)
3. Luxury Tax
4. Taxes on Lottery, Betting & Gambling.
5. State Cesses and Surcharges in so far as they relate to supply of goods & services.
6. Entry Tax not in lien of Octroi.

Integrated Goods and Service Tax (GST) to another interesting concept which would CGST plus SGST on all inter State transaction of taxable goods & Services. This would be collected by Centre so that the Credit chain is not disputed.

The implementation of GST would bring about following advantages :

- In the GST System, since all the taxes are integrated, the taxation burden is likely to be split equitable between the manfuacturer and services.
- It will further help in removing economic distortions and bring about development of a common national market.
- The GST will help in reducing taxation and filing costs and expand business

profitability, thereby attracting investments and promoting GDP growth.

- Simplification of Tax Norms can help in improving tax compliance and increasing tax revenue.
- It will also help to built transparent and corruption free tax administration.
- Enhance manufacturing and distribution efficiency, reduces cost of production of Goods & Services, increases demand and production of goods and services.
- Facilitates investment decision being made on purely economic concerns, independent of tax consideration.

**KEY HIGHLIGHTS OF MODE GST LAW :**

1. **Threshold limit for registration :**
The Model Law call for registration of supplier in the State from where the supplier make taxable supply of goods and / or services with an annual turnover of above Rs. 20 Lakhs, except for supply of goods on services from Norh-Eastern States, where the threshold has been set at Rs. 10 Lakh.

2. **Place of Registration :**
The supplier has take registration in the State friom where taxable goods & services supplied.

3. **Migration of existing Tax payer to GST :**
Every person already registered under existing Law will be issued a certificate of registration on provisional basis. This certificate shall be valid for a period of six months. Such person will have to furnished the requisite information within a six months and on furnishing of such information, final registration certificate shall be granted by the Central / State Government.

4. **TCS (Tax Collected at Source) on Online Sale of Goods or Services :**
Every E-Commerce operator engaged in facilitating the supply of goods and / or Services (like Amazon, Flipkart etc.) shall collect Tax at Source at the time of credit or at the time of payment whichever is earlier.

5. **Utilization of Credit :**
***Utilization of IGST :*** The amount of input tax credit on account of IGST available in the Electronic Credit ledger of dealer shall first be utilized towards payments of IGST and the amount remaining, if any, may be utilized towards the payment of CGST and SGST, in that order.

   ***Utilization of SGST :*** The amount of input tax credit on account of SGST available in the Electronic credit ledger shall first be utilized towards payments of SGST and the amount remaining, if any, may be utilized towards the payment of IGST.

   ***Utilization of SGST :*** The amount of input tax credit on account of CGST available in the electronic credit ledger shall first be utilized towards payment of CGST and the amount remaining, if any, may be utilized towards the payment of IGST.

   ***Note*** : The Input Tax Credit on accounts of CGST shall not be available for payment of SGST.

6. **Payment :**
Any tax, interest, penalty, fee etc. shall be paid via internet banking or using Credit / Debit cards or NEFT or RTGS. This amount shall be credited to the electronic cash ledger or dealer.

7. **Return :**
**Monthly Return :** Every registered taxable person shall have to E-file a monthly return within 20 days after the end of such month. Dealers paying tax under composition scheme shall have to furnish a return for each quarter within 18 days after the end of such quarter. every registered taxable person shall have to furnish an annual return for every financial year electronically on or before the 31st day of December following the end of such financial year.

# ગુજરાતમાં ચાલતા IAS તાલીમ કેન્દ્રો અંગે મંથન

ભીમજી નાકરાણી

IAS/IPS/GPSC... જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ખૂબ જ કઠિન છે, પરંતુ અશક્ય નથી. વાત સાચી છે. આજકાલ શહેર-શહેરમાં ખાનગી સંસ્થાઓ, જ્ઞાતિ અને સમાજ દ્વારા "IAS ટ્રેનિંગ સેન્ટર" નો શોખ જાગ્યો છે. ફેશન થઈ પડી છે. કોલર ઊંચા રાખીને સામાજિક સ્ટેટસ માટે આ પ્રકારના તાલીમ વર્ગ ચલાવવાની ભાવના કાબિલે દાદ છે. ચાલો થોડું મોડું પણ સૌને સમજાયું છે કે ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષામાં જતા થાય. આવી સમજણ કેળવી ચારેબાજુ સૌ લાગી ગયા છે. સેમિનાર, તાલીમ વર્ગો, લાઈબ્રેરી અને સમજણ શક્તિ કેળવવાની મહેનત!

સ્પર્ધાત્મક પરીક્ષા એટલે માત્ર IAS જ નહીં, સ્પર્ધાત્મક પરીક્ષા એટલે UPSC/IAS/IPS/GPSC/સ્ટાફ સિલેક્શન/બેંક/PSI/CA/CS/ICW/NDA/રેલવે, એન્જીનિયરિંગ સેવા/BSNL/કોર્પોરેટ સર્વિસ/ગૌણ સેવા/નેટ/સ્લેટ અને ભારત તેમજ ગુજરાત સરકારની અનેક સેવાઓને સમજવી પડે અને આ અંગેનો અભ્યાસક્રમ (સિલેબસ), રેફરન્સબુક, ફેકલ્ટી, વાતાવરણ, લાઇબ્રેરી, છેલ્લા પાંચ વર્ષના પેપર, મોક ટેસ્ટ, પરીક્ષાલક્ષી અભ્યાસ, ૨૪ કલાકની લાઈબ્રેરી, યુવાનોના ગ્રુપ, ગ્રુપ ચર્ચા, ઇન્ટરનલ ટેસ્ટ અને અંગ્રેજીનો અભ્યાસ તેમજ દેશના શ્રેષ્ઠ દૈનિક પત્રોનું વાંચન આવું તો ઘણું છે કે જે કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા આપનાર વિદ્યાર્થી, સેન્ટર કો-ઓર્ડિનેટર અને સેન્ટર (તાલીમ વર્ગ ચલાવનારને) મેનેજમેન્ટને જાણવું પડે, શીખવું પડે, અપડેટ થતા રહેવું પડે. સાથે સાથે આ સંસ્કાર વિદ્યાર્થીઓને ધોરણ ૧૧,૧૨ અને કૉલેજમાંથી આપવા પડે. આ ઉપરાંત દિલ્હી, મુંબઈ, ચેન્નઈમાં ચાલતા આ પ્રકારના તાલીમ વર્ગના અભ્યાસ માટે જઈને ત્યાંની પદ્ધતિ, સાહિત્ય અને વાતાવરણનો અભ્યાસ કરવો પડે, કરાવવો પડે. લોકસેવા ટ્રસ્ટ દ્વારા ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષમાં સ્પર્ધાત્મક પરીક્ષા જનજાગૃતિ અભિયાનથી ગુજરાતમાં એક જુવાળ આવ્યો છે. પરંતુ ઘણી વખત તેનો ગેરલાભ માત્ર પૈસા માટે વર્ગો ચલાવવા અને પોતાનું જ સાહિત્ય વેચતા સાવ સામાન્ય સ્તરના વેપારી લઈ જાય છે. અને આવી માનસિકતા ધરાવતા વેપારીના તાલીમ વર્ગમાં ગામડાનાં સામાન્ય વર્ગના યુવાનો ફસાય છે. અને લોકસેવા જેવી અભ્યાસ આપતી અને પરિણામલક્ષી સંસ્થાઓને આર્થિક ક્ષમતાના અભાવે મુશ્કેલીનો અનુભવ થાય છે. આવી સ્થિતિમાં સ્પીપાની ભૂમિકા સારી રહી છે. પરંતુ અહીં સંખ્યાની મર્યાદા છે. કોઈ સમાજ, સંસ્થા કે જ્ઞાતિગત તાલીમ કેન્દ્રો પાસે યોગ્ય ફેકલ્ટીઝ હોતા નથી. જે હોય છે તેમને સિલેબસનો પણ ખ્યાલ હોતો નથી. વિષયના વેઈટેજ મુજબ ટાઈમટેબલ વર્ક આઉટ થતું નથી. એમાંયે હવે UPSC/GPSC/બેંક અને સ્ટાફ સિલેક્શન જેવી પરીક્ષામાં 'એપ્ટીટ્યુડ' ટેસ્ટ, રીઝનીંગ, પ્રોબ્લેમ સોલ્વ, અને જીએમએ જેવી અઘરી બાબતોના ફેકલ્ટી તો ખૂબ ઓછા છે. હવે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં CSAT મેથડ આવી ગઈ છે. ૧ કલાકમાં ૧૦૦ પ્રશ્ન-સામે ટીક કરવાની છે. એટલે પરીક્ષાર્થી પાસે ખૂબ જ ઊંડાણનું નૉલેજ જોઈએ. અને આ નોલેજ માટે આ નોલેજના માર્ગદર્શન માટે ખૂબ જ ઊંડાણ પૂર્વકનું જ્ઞાન ધરાવનાર ફેકલ્ટી જોઈએ, જે ખુદ પણ સતત અભ્યાસશીલ હોય. આ માટે ઉત્તમ શિક્ષણ પદ્ધતિ જોઈએ. સારામાં સારા ફેકલ્ટીઓને અપડેટ રાખીને કામ કરવું જરૂરી છે. આજે લોકસેવા જેવી સંસ્થાઓ માત્ર એકજ ધ્યેય સાથે કામ કરે છે કે ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેસતા થાય અને આ માટે જ મહેનત કરવામાં આવે છે. 'સ્પીપા', 'સરદાર પટેલ સેવા સમાજ,' ઉમિયા IAS ટ્રેનિંગ સેન્ટર, જીટો, કેળવણી ધામ, ખોડલ ધામ, સમસ્ત પાટીદાર IAS ટ્રેનિંગ સેન્ટર કે અન્ય વ્યવસાયિક અને જ્ઞાતિની ૩૦ થી ૪૦ જેટલી સંસ્થાઓ પાસે અમદાવાદ, ભાવનગર, સુરત, રાજકોટ અને વલ્લભ વિદ્યાનગર ખાતે પોતાના ભવનો છે, ક્લાસરૂમ અને લાયબ્રેરીઓ છે. પગારદાર નિવૃત્ત પ્રાધ્યાપકો-કો ઓર્ડિનેટર છે. 'સ્પીપા' તો ગુજરાત સરકારની સંસ્થા છે. ભૌતિક વ્યવસ્થાઓની કોઈ ખામી નથી. અને લોકસેવાના જન જાગૃતિ અભિયાન પછી કોઈ સમાજ કે જ્ઞાતિ IAS ટ્રેનિંગ સેન્ટર ચલાવવામાં બાકી નથી. પરંતુ મોટાભાગની સંસ્થાઓ પાસે યોગ્ય ફેકલ્ટીનો અભાવ છે. એટલે ઘણી વખત આ બધું ચલાવનારા સારી ભાવનાથી ચલાવતા હોવા છતાં આ તાલીમ વર્ગોમાંથી પરિણામ લેવું શક્ય નથી. ગુજરાતના વિવિધ શહેરોમાં સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રો ચાલે છે. હાલ સુરત, ભાવનગર, રાજકોટ, વીવીનગર, વડોદરા, મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદમાં કુલ ૪૦ થી વધુ આ પ્રકારના તાલીમ કેન્દ્રો ચાલે છે. જ્યારે GPSC માટેના તાલીમ કેન્દ્રો તો તાલુકે તાલુકે ચાલતા હશે. પરંતુ પરિણામ કેટલું? અને તાલીમ લેનારા કેટલાં? એકાદ વખત GPSC કે IAS આપનારા યુવાનો તાલીમ વર્ગોનો પ્રારંભ કરે છે અને કચરો કહી શકાય તેવું સાહિત્ય આપે છે. હોદ્દો મેળવવાની હોડમાં લાગેલાં બિચારા યુવાનોને છેતરવાનો ખૂબ મોટો 'વર્ગ' ફાટી નીકળ્યો છે. કેટલાંક તો ૧૦૦ ટકા પાસ થવાની ગેરંટી આપી પૈસા લીધાના દાખલા પણ છે. અને આ આખી સિસ્ટમમાં ભ્રષ્ટાચાર નથી થતો તેમ કહી શકાય નહીં. જ્યારે રાષ્ટ્રકક્ષાએ UPSC માં ગુજરાતી યુવાનોને જો સફળતા અપાવવી હોય તો ગુજરાતી

સાંસદો અને રાજકીય માણસોએ 'લોબીઝ' રચવી પડે. બાકી અધકચરી તાલીમની વાત કરી યુવાનોને સ્વપ્ના દેખાડી કરવા ખાતર કરવાનો કોઈ અર્થ નથી. આ માટે સતત રાજ્ય અને દિલ્હી જેવા શહેરની 'રાવ' IAS સ્ટડી સેન્ટર જેવી સંસ્થાઓને સાથે રાખી, અને કોર કમિટી બનાવી આખા ગુજરાતમાં ચાલતા આવા સેન્ટરોના મેનેજમેન્ટ, કો-ઓર્ડિનેટર અને ફેકલ્ટીને સાથે સાંકળી તાલીમ આપી અભ્યાસક્રમના આધારે વિદ્યાર્થીઓને ૧૮ કલાકની મહેનત કરાવી, મોક ટેસ્ટ માટે ૧૦૦ પેપર કાઢી, 'સોલ્વ' પદ્ધતિથી કામ લઈ વિદ્યાર્થીઓને તૈયાર કરવા પડે. ગુજરાતમાંથી એક્સપર્ટની ટીમ બનાવવી પડે. એક આખો વર્ગ ઉભો કરી FY/SY/TY ના કોઈપણ શાખાના વિદ્યાર્થીઓને પણ તાલીમ આપવી પડે. અને આ બધું 'ફ્રી' કશું નહીં, ફી રાખવી જરૂરી છે. લાઈબ્રેરી જરૂરી છે. ડીવોટી પગારદાર રાખવા જરૂરી છે. આ બધું ઉદ્યોગપતિ, નિવૃત્ત IAS અધિકારીઓ, સમાજ અને કર્મશીલોએ કરવાનું છે. સરકારને તેની રીતે કરવા દેવું જોઈએ. સામાજિક મૂલ્યનિષ્ઠ અને જેમણે ઊંડાણપૂર્વક ક્ષેત્રે ખેડાણ કર્યું છે તેવા બિન કોમર્શિયલોએ આ એકમત બની ગુજરાતના હિત માટે કામ કરવું પડે. જેમકે લોકસેવાએ (અમદાવાદ) ગુજરાતમાં M.J. લાઈબ્રેરી સાથે મળીને પ્રથમ IAS (સ્પર્ધાત્મક પરીક્ષા)ની લાઈબ્રેરી બનાવી છે.

ખરેખર ગુજરાતીઓને આ ક્ષેત્રે આગળ લઈ જવા હોય અને સૌથી સારું પરિણામ લેવું હોય તો આપણે, ખાસ કરીને દિલ્હીમાં વ્યવસ્થા કરવી જોઈએ. ત્યાંજ રહીને તૈયારી કરાવવી જોઈએ. ચોક્કસ પરિણામ માટે આ એકજ માર્ગ છે. એક વાસ્તવિકતા એ છે કે ગુજરાતમાં પાટીદારો દ્વારા સૌથી વધુ IAS ટ્રેનિંગ સેન્ટર ચાલે છે. પરંતુ આવા સેન્ટરોમાં પાટીદારના દીકરા-દીકરીઓ તો કદાચ ૧૦થી ૧૨ ટકા જેટલી સંખ્યામાં જોડાય છે. મોટાભાગનાં તો રહેવા જમવાની સુવિધા માટે તાલીમ લેતા હોય છે તેવો અનુભવ છે. સેન્ટરો ભલે પાટીદારો ચલાવે, તાલીમ તો ગુજરાતના સૌ જ્ઞાતિના યુવાનો લઈ રહ્યાં છે. પરંતુ ગુજરાતમાં ચાલતા ૮૦ ટકા તાલીમ કેન્દ્રો માત્ર નામ માટે ચાલે છે. અહીં ભણાવતા ફેકલ્ટીઓ પાસે કોઈ મેથડ નથી. આવા કેન્દ્રો ચલાવનારા બધા પાસે પૈસા છે, જગ્યા છે, ભૌતિક સુવિધા છે. પરંતુ પાયાની સૈદ્ધાંતિક વ્યવસ્થા અને ઊંડાણનો અભાવ છે. માટે સૌએ ભેગા મળીને આ ઉણપને દૂર કરવાનો ઉપાય શોધવો જરૂરી છે. અને તેના માટે બધાં સેન્ટરોના મેનેજમેન્ટે ભેગા થઈ માત્ર યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં લઈને વિચારવું પડે. સાથે સાથે એ પણ વિચારવું જોઈએ કે માત્ર IAS જ શા માટે? સ્ટાફ સિલેક્શન, બેંક, PSI, GPSC, NDA, મામલતદાર, રેલવે જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે પણ ક્લાસીસ ચલાવવા જોઈએ. આ દેશને કે રાજ્યને તો સારા તલાટી, ક્લાર્ક, શિક્ષક, ટેકનિકલ ક્ષેત્રે કામ કરનાર તજજ્ઞોની પણ જરૂર છે. કાયદો ને વ્યવસ્થા માટે, દેશના રક્ષણ માટે PSI, PI, ફોરેસ્ટ ઓફિસર, લશ્કરી જવાનની પણ જરૂર છે. ઘણા આગેવાનો ઉત્સાહમાં આવી વર્ષે-બે વર્ષે ૧૦૦ IAS પેદા કરવાની વાતો કરે છે. અરે ભાઈ! પહેલા ચાર સારા માણસો તો પેદા કરીએ. પછી આપણે IAS, IPS, પેદા કરીશું. લાંબી દૃષ્ટિ કેળવવી જરૂરી છે. આ બાબત વિચારીને સૌ જ્ઞાતિ મંડળોએ તાલીમ કેન્દ્રો ચલાવવા જોઈએ. કોલેજકાળથી જ તૈયારી માટે વ્યવસ્થા કરાવવી જોઈએ. અને જ્યાં પણ તાલીમ કેન્દ્રો ચાલે છે ત્યાં તમામ પ્રકારની તૈયારી માટે વર્ગો ચલાવવા જોઈએ. કોઈપણ ક્ષેત્રે ઉત્તમ માણસ અને ઉત્તમ કર્મચારીની જરૂરિયાતને ધ્યાનમાં લેવી જરૂરી છે. ગુજરાતમાં અંડરગ્રેજ્યુએટને તાલીમ આપવાનો સૌપ્રથમ પ્રારંભ લોકસેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

*મો. : ૯૭૨૩૩ ૩૬૪૮૨*

## "મુંજી માતૃભૂમિ કે નમન"

### 'મા ભોમ'ના મહિમાની સચોટ અભિવ્યક્તિ

આય વલો અસાંજો વતન, મુંજી માતૃભૂમિ કે નમન!
કચ્છી અસાંજા કોડ મિંજા, કુલભાન કરીં તન-મન.

રતન ખણી જિત વિદેશ જા ને, મેરામણ ઉછરન,
મલ્લ જેડા માલમ મછવે સેં, સાગર પાર પૂજન.

વડિયું વિલાતું વિઝી માડુડા, કચ્છડે કે ઉકંઢન,
પેર ડીંધે ડે પચ્છમ ધરા તેં, અખડ્યુંય નીર વસન.

બાલ જોગણી સરસ્વતી પણ, જમાઈ જિત આસન,
જગડુશા, ખેંગાર, પીતાંબર, માડી જા મહાજન.

તેજવત્યું જલજ્યું લખમ્યું, જગમાલણ જીંય ઝુલન,
જિત કપૂરી હોથલ જેડ્યું, પદમણિયું પ્રગટન.

સિંધુડો સોણાઈ સુણી, રત મુડસેં જા ઉછરન,
જંગ જમેં જિત જોરાતા તિત, જાડેજા ઝુંઝન.

ઢોલક તેં નિત થાપ લગે ને, તંબુર વાયઝ પડન,
સુરતા જે જી લગી સાંઇ સેં, કાક્યું મિઠ્યું કુછન.

હેમારે વટપુગો 'નિરંજન', ધીણોધર સંભરન,
અસીં બાલુડા બુલબુલ ઈનજા, માડી અસાંજો ચમન.

*— કવિ નિરંજન*

સંકલન : કુ. કૃપા સાકરીયા - ભુજ

**૧.** સામાન્ય તાપમાને કઈ ધાતુ પ્રવાહી સ્વરૂપે મળે છે?
(A) સોડિયમ (B) ગેલિયમ
(C) ટીન (D) યુરેનિયમ

**૨.** ચક્રવાત જાપાનમાં કયા નામે ઓળખાય છે?
(A) ટોર્નેડો (B) વિલિયમ
(C) હરિકેન (D) ટાઇફુન

**3.** ગુજરાતના કયા મહાન રાજવીને દત્તક લેવામાં આવ્યા હતા?
(A) સયાજીરાવ ગાયકવાડ (B) દામાજીરાવ ગાયકવાડ
(C) ખંડેરાવ ગાયકવાડ (D) પિલાજીવરાવ ગાયકવાડ

**૪.** બદામીના ગુહો મંદિરો કયા રાજ્યમાં આવેલા છે?
(A) તેલંગાણા (B) કેરલ
(C) કર્ણાટક (D) ઓડીસા

**૫.** સદ્દામ હુસૈન કયા દેશના સરમુખત્યાર હતા?
(A) ઇરાન (B) ઇરાક
(C) જોર્ડન (D) અફઘાનિસ્તાન

**૬.** ચિકિત્સાના દેવતા કોને માનવામાં આવે છે?
(A) ચરક (B) અવન
(C) ધન્વંતરિ (D) સુશ્રુત

**૭.** ઓટિસ નામ શેની સાથે સંકળાયેલો છે?
(A) ટેલિફોન (B) સબમરીન
(C) કોમ્પ્યુટર (D) લિફ્ટ

**૮.** કઈ વાહન કંપનીએ ઓક્ટોબર ૨૦૧૬માં દેશની પહેલી ધુમાડા રહિત ઇલેક્ટ્રિક બસ રજૂ કરી?
(A) અશોક લેલેન્ડ (B) ટાટા મોટર્સ
(C) હિન્દુસ્તાન મોટર્સ (D) મહેન્દ્ર એન્ડ મહેન્દ્ર

**૯.** ઓક્ટોબર-૨૦૧૬ના મનાવવામાં આવેલા ભારતીય વાયુસેના દિવસે કયા યુધ્ધવિમાને પહેલીવાર ઉડ્ડયન કર્યું?
(A) મિરાજ (B) સુખોઇ
(C) તેજસ (D) ફાલ્કન

**૧૦.** કસ્તુરી મૃગ કયા રાષ્ટ્રીય ઉદ્યાન / અભયારણ્યમાં જોવા મળે છે?
(A) કાર્બેટ (B) કાઝીરંગા
(C) બાંદીપુર (D) દચીગામ

**૧૧.** ભારતમાં ૧૯૭૫માં લદાયેલી કટોકટીના કારણો અને પરિસ્થિતિઓની સમીક્ષા માટે જનતા પાર્ટીએ રચેલા આયોગનું નામ શું હતું?
(A) મુખરજી આયોગ (B) શાહ આયોગ
(C) વેંકટચેલૈયા આયોગ (D) ચંદ્રચુડ આયોગ

**૧૨.** ક્વાશિયરકર રોગ કયા પૌષ્ટીક તત્ત્વની ખામીથી થાય છે?
(A) ચરબી (B) પ્રોટીન
(C) વિટામિન (D) લોહતત્ત્વ

**૧૩.** કાર્બેટ નેશનલ પાર્કમાં થઈને કઈ નદી વહે છે?
(A) રામગંગા (B) બ્રહ્મપુત્રા
(C) ગંગા (D) કાવેરી

**૧૪.** કઇ સમિતિ ભારતમાં પંચાયતી રાજ સાથે સંકળાયેલી નથી?
(A) દિનેશ ગોસ્વામી સમિતિ (B) અશોક મહેતા સમિતિ
(C) સાદિકઅલી સમિતિ (D) એલ.એમ. સંઘવી સમિતિ

**૧૫.** કોની નિયુક્તિ રાજ્યપાલ કરતા નથી?
(A) મુખ્યમંત્રી (B) રાજ્ય લોકસેવા આયોગના સભ્ય
(C) હાઈકોર્ટના ન્યાયાધીશ (D) એડવોકેટ જનરલ

**૧૬.** એક જ લોકસભા મતદાર વિસ્તારમાંથી સતત આઠમી વખત ચૂંટણી જીતનાર મહિલા કોણ છે?
(A) સુષ્મા સ્વરાજ (B) સુમિત્રા મહાજન
(C) મેનકા ગાંધી (D) સાવિત્રી જિંદાલ

**૧૭.** મહાત્મા ગાંધી સાથે સંકળાયેલો સૌથી જૂનો આશ્રમ કયો છે?
(A) સાબરમતી (B) ફિનિક્સ
(C) વર્ધા (D) સદાકત

**૧૮.** અજીમુલ્લાખાં કોના સલાહકાર હતા?
(A) નાના સાહેબ (B) તાત્યા ટોપે
(C) રાણી લક્ષ્મીબાઈ (D) કુંવરસિંહ

**૧૯.** ભારતના કયા રાજ્યમાં બાજરાનું સૌથી વધારે ઉત્પાદન થાય છે?
(A) રાજસ્થાન (B) ઉત્તર પ્રદેશ
(C) મહારાષ્ટ્ર (D) ગુજરાત

**૨૦.** કઈ રચના કાલિદાસની નથી?
(A) કુમાર સંભવમ્ (B) લઘુજાતકમ્
(C) મેઘદૂતમ (D) રઘુવંશમ્

# દસસુત્રી સંપૂર્ણ ચાણક્યનીતિ

**(૧)**

***अत्यंतकोपः कटुका च वाणी दरिद्रता व स्वजनेषु वैरम ।***
***नीचप्रसंग कुलहीनसेवा चिहनानी देहे नरकस्थितानाम ॥***

*(નરકમાંથી સંસારમાં આવતા જીવનાં મુખ્ય લક્ષણ છે – ક્રોધી સ્વભાવ, કડવી વાણી, નિર્ધનતા અને પોતાના જ સ્વજનો સાથે દ્વેષભાવ, કુસંગ તથા અધમ મનુષ્યોની સેવા.)*

અત્યંત ક્રોધ, કટુવાણી, દરિદ્રતા, પોતાના જ સ્વજનો સાથે વેરવૃત્તિ, નીચ લોકોનો સાથ, કુળહીનોની સેવા - નરકમાં વસતા આત્માનાં લક્ષણો છે. પૃથ્વી ઉપર જ સ્વર્ગ અને નરક છે. મનુષ્ય પોતે જ પોતાની આસપાસ સ્વર્ગ કે નરકનું નિર્માણ કરે છે. જે વ્યક્તિનો સ્વભાવ ગુસ્સાવાળો હોય, જેની વાણીમાં કડવાશ જ હોય, જે દરિદ્ર હોય અને પોતાના જ સ્વજનોનો દ્વેષ રાખતો હોય તેને સુખ-શાંતિ ક્યાંથી મળે? સ્વર્ગ એટલે સુખ-શાંતિ અને નરક એટલે આધિ - વ્યાધિ - ઉપાધિ. જે દુર્જનોનો સંગ કરે તેની પાસે સજ્જનો ક્યારેય ફરકે નહીં અને તેનું તમામ સ્તરે પતન થઈ જાય છે. છેવટે તેને કુળહીન મનુષ્યોની સેવા કરવાનો વખત આવે છે.

**(૨)**

***आयुः कर्म च वितं च विद्या निधनमेव च।***
***पचैतानि हि सृज्यन्ते गर्भस्थस्यैव देहिनः ॥***

*(આયુષ્ય, કર્મ, ધન, વિદ્યા અને મૃત્યુ – આ પાંચ બાબતો જીવ જ્યારે માતાના ગર્ભમાં હોય છે ત્યારે જ નક્કી થઈ જાય છે.)*

જ્યારે જીવ તેની માતાના ગર્ભમાં આકાર લે છે ત્યારે જ વિધાતા તેનું આયુષ્ય, કર્મ, તેની ધન-સંપત્તિ, વિદ્યા અને તેનું મૃત્યુ નક્કી કરી નાખે છે. તેમાં પછી ક્યારેય કોઈ ફેરફાર કરી શકતું નથી. આ કારણે જન્મ પછી દરેક વ્યક્તિએ નિષ્કામ ભાવે કર્મ કરવું જોઈએ અને ફળની આશા ન રાખવી જોઈએ. તેને જે મળવાનું છે તે કોઈ રોકી શકશે નહીં. તેના નસીબમાં જે નહીં હોય તેનો શોક કરવો જોઈએ નહીં.

**(3)**

***धर्माऽऽख्याने श्मशाने च रोगिणां या मतिर्भवते ।***
***सा सर्वदैव तिष्ठेश्चेत को न मुच्येत बन्धनात ॥***

*(ધાર્મિક કથા સાંભળતી વખતે, સ્મશાનની ધરતી પર અને રોગિષ્ઠ વ્યક્તિના મનમાં જે સદ્‌વિચારો ઉત્પન્ન થાય છે તે વિચારો હંમેશાં માટે સ્થિત રહે તો મનુષ્ય સંસારની મોહમાયા અને બંધનમાંથી છૂટી શકે છે.)*

જ્યારે કોઈ વ્યક્તિ ધાર્મિક ઉપદેશ સાંભળે છે ત્યારે તેના મનમાં ઉત્તમ વિચારો ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે જ્યારે મનુષ્ય કોઈ મૃત્ય વ્યક્તિના અગ્નિ સંસ્કાર માટે સ્મશાન જાય છે તો તેને સમજાય છે કે જીવન કેટલું ક્ષણભંગુર હોય છે. તે સમયે તેના મનમાં પાપ મુક્ત થવાની ઇચ્છા જાગૃત થાય છે. તેવી જ રીતે બીમારીના સમયે વ્યક્તિ ભગવાનને યાદ કરે છે. ચાણક્યનું કહેવું છે કે જો વ્યક્તિ કાયમ માટે આવી રીતે વિચારો થઈ જાય તો સંસારના બધાં જ બંધનોમાંથી મુક્ત થઈ જાય છે.

**(૪)**

***अधमा धनमिच्छन्ति धनं मानं च मध्यमाः ।***
***उतमा मानमिच्छन्ति मानो हि महतां धनम् ॥***

*(અધમ પુરુષને ધનની ઈચ્છા હોય છે અને મધ્યમ પુરુષને ધન અને સન્માન બંનેની કામના હોય છે. જ્યારે ઉત્તમ પુરુષ માત્ર સન્માન ચાહે છે. મહાપુરુષોનું ધન માન-સન્માન જ હોય છે.)*

નીચ અને અધમ મનુષ્યોને માત્ર ધનની જ લાલસા હોય છે. તેઓ ધનને જ સર્વસ્વ માને છે. ધન મેળવવાથી આખી દુનિયા વશમાં કરી શકાય છે તેવી દુર્બુદ્ધિવાળા તે હોય છે. લોભ-લાલચ પાછળ તેઓ અંધ હોય છે. મધ્યમ પુરુષ અર્થાત્ સામાન્ય મનુષ્યને ધનની ઇચ્છા હોય છે, પણ સ્વમાનના ભોગે નહીં. તે પોતાની મહેનતનું ફળ માંગે છે. તેને અપમાન વેઠીને ધન લેવું ગમતું નથી. તે સન્માન સહિત ધનની ઈચ્છા રાકે છે. પરંતુ મહાપુરુષો તો માત્ર માન-સન્માનની ખેવના કરે છે. તેમને મન માન-સન્માન જ સાચું ધન હોય છે. તે સમાજમાં પૂજનીય, વંદનીય ગણાય છે. એમને મન ધન ધૂળ સમાન હોય છે.

**(૫)**

***पठन्ति चतुरो वेदान धर्मशास्त्राण्यनेकशः ।***
***आत्मानं नैव जानन्ति दर्वी पाकरसं यथा ॥***

*(જેઓ વેદશાસ્ત્રનો અભ્યાસ કરવા છતાંય આત્મા - પરમાત્માના સંબંધ વિશે કશું નથી જાણતા, તેઓ આત્મજ્ઞાન મેળવ્યા વિના રહી જાય છે. ચાણક્યે આવા લોકોને કડછી સાથે સરખાવ્યા છે. જેમ કડછી સ્વાદિષ્ટ શાકમાં ફરે છે પણ સ્વાદની મજા માણી શકતી નથી. તેવી જ પરિસ્થિતિ આ અજ્ઞાનીઓની હોય છે.)*

શાસ્ત્રોને વાંચી અને સમજી-વિચારી તેને જીવનમાં ઉતારવાથી તેનો અભ્યાસ અર્થપૂર્ણ નીવડે છે. જો શાસ્ત્રો વાંચ્યા પછી પણ માણસને આત્મજ્ઞાન ન લાધે તો તેનો શાસ્ત્રાભ્યાસ નિરર્થક સાબિત થાય છે.

**(૬)**

***न ध्यातं पदमीश्वरस्य विधिवत्संसारविच्छितये स्वर्गद्वारकपाटपाटनपटुधर्मोऽपि नोपार्जितः । नारीपीनपयोधरोरुयुगलं स्वप्नेऽपि नालिगितं मातुः केवलमेव यौवनवनच्छेदे कुठारा वयम् ॥***

*(જે વ્યક્તિએ સંસારરૂપી જાળને કાપવા માટે ભગવાનનું સ્મરણ નથી કર્યું અને સ્વર્ગના દ્વારે પહોંચવા માટે જેણે ધર્મરૂપી ધનનો સંગ્રહ નથી કર્યો, જેણે સ્વપ્નમાં પણ નારીને પ્રેમ નથી કર્યો, તેવી વ્યક્તિ યુવાનીમાં તેને જન્મ આપનાર માતાના યૌવનરૂપી વૃક્ષને કાપનાહ કુહાડો જ છે કે બીજું કંઈ?!)*

તમે પૃથ્વી ઉપર જન્મ લીધો છે. કંઈક નવું કરો, કંઈક સિદ્ધ કરો. જેથી જીવનમાં કંઈક મેળવ્યાનો આનંદ મળે. તમને પેદા કરનાર માતાએ તમારો નવ માસ સુધી ભાર વેઠ્યો છે તેને વ્યર્થ ન જવા દો. જ્યારે એક માતા બાળકને જન્મ આપે છે ત્યારે તે બાળક પાસે અનેક અપેક્ષા રાખે છે, તેના માટે ઘણાં સપનાં જુએ છે. તેને પૂરાં કરવા પ્રયત્ન કરો.

**(૭)**

***गुणाः सर्वत्र पूज्यन्ते न महत्योऽपि सम्पदः ।***
***पूर्णेन्दु किं तथा वन्धो निष्कलङ्को यथा कृशः ॥***

*(દરેક જગ્યાએ વ્યક્તિનો આદર-સત્કાર તેના ગુણોના કારણે જ થાય છે. દુર્ગુણોના ભંડાર સમાન વ્યક્તિ પાસે અખૂટ ધનસંપત્તિ હોવા છતાંય તેને આદર-સન્માન પ્રાપ્ત નથી થતાં. ડાઘ વિનાના, આછો પ્રકાશ આપનાર બીજના ચંદ્રની જે રીતે પૂજા થાય છે, તેવું તો પૂનમના ચંદ્રને પણ સન્માન નથી મળતું.)*

આનો ભાવાર્થ એ છે કે પૂનમના ચંદ્રમાં અનેક ધબ્બા દેખાય છે જ્યારે બીજનો ચંદ્ર એક પાતળી રેખા જેવો હોય છે. જેમાં કોઈ ડાઘ નથી હોતો. એટલે જ સંપૂર્ણ ચંદ્ર કરતાં તે વધુ સુંદર લાગે છે. આ ઉદાહરણ આપી ચાણક્ય કહે છે કે સાફ ચારિત્ર્યવાળી ગુણવાન વ્યક્તિની સહુ કોઈ પ્રશંસા કરે છે અને તે આદરને પાત્ર બને છે.

**(૮)**

***न निर्मितः केन न दृष्टपूर्वः न श्रूयते हेममय कुरङ्ः ।***
***तथाऽपि तृष्णा रघुनन्दनस्य विनाशकाले विपरीतबुद्धिः ॥***

*(આજ સુધી ન તો સોનાના મૃગ (હરણ)નું અસ્તિત્વ હોવાના પુરાવા મળ્યા છે કે ન તો કોઈએ તેને જોયું છે. તેમ છતાંય શ્રી રામચંદ્ર સોનાના મૃગ (હરણ)ને પકડવા તેની પાછળ દોડ્યા હતા. એક વાત છે કે જ્યારે વ્યક્તિનો ખરાબ સમય અથવા નિરાશાના દિવસો આવે છે ત્યારે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે.)*

ચાણક્ય આ શ્લોક દ્વારા સમજાવે છે કે પોતાના ખરાબ સમય દરમિયાન ભગવાન શ્રીરામચંદ્ર પણ સુઝબુઝ ગુમાવી સોનાના મૃગ પાછળ દોડ્યા હતા. તો આવા સંજોગોમાં કોઈ પણ સામાન્ય વ્યક્તિ અવિચારી પગલું ભરી જ શકે છે.

**(૯)**

***परोपकरणं येषां जागर्ति हृदये सताम ।***
***नश्यन्ति विपदस्तेषां सम्पदः स्युः पदे पदे ॥***

*(જેઓનાં મનમાં બીજાઓ માટે ઉપકાર કરવાની ભાવના રહેલી હોય છે તેઓની મુશ્કેલીઓ દૂર થઈ જાય છે અને તેઓને ડગલે ને પગલે ધનસંપત્તિ મળે છે.)*

ચાણક્ય કહે છે કે બીજા લોકોનું ઉત્તમ થાય તેવું ઈચ્છનારી વ્યક્તિનું તો કુદરત પણ કશું નથી બગાડતી. બીજા લોકોનું ખરાબ થવાની ઈચ્છા રાખનારને પોતે જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. બીજાને નુકસાન ન કરનારને કોઈ હેરાન નથી કરતું. દરેક તેને આદર જ આપે છે.

**(૧૦)**

***दुष्टा भार्या शठं मित्रं भृत्यश्चोतरदायकः ।***
***ससर्पे च गृहे वासा मृत्युरेव न संशयः ॥***

*(દુષ્ટ પત્ની, ઠગ મિત્ર, આજ્ઞામાં ન રહેતો સેવક અને સાપનો ઘરમાં વાસ – આ ચાર બાબતો મૃત્યુ સમાન છે.)*

પતિ અને પત્ની સંસારરૂપી રથનાં ચક્ર છે. તે બરોબર ન ચાલે તો સંસારમાં ડગલે ને પગલે વિઘ્ન ઊભાં થાય છે. દુષ્ટ પત્ની પોતાના પતિ માટે અભિશાપરૂપ હોય છે. તે સજ્જન પુરુષનું જીવવું હરામ કરી નાખે છે. દુષ્ટા પત્નીના સ્વાર્થના ધસમસતા પ્રવાહમાં ઘરની સુખ-શાંતિ તણાઈ જાય છે અને જે ઘરમાં શાંતિ ન હોય તેનું સમાજમાં કોઈ સ્થાન હોતું નથી. કહેવાય છે કે જેને સાચો મિત્ર મળે તે વ્યક્તિ ભાગ્યશાળી હોય છે. સાચા મિત્રો મળવા બહુ મુશ્કેલ છે. સુખમાં સાથી બનવા કોઈ તૈયાર થતું નથી? મને-કમને સુખમાં તો બધા ગુણગાન ગાય છે, પણ વ્યક્તિ મુશ્કેલીના મહાસાગરમાં ફસાઈ જાય ત્યારે તેનો હાથ પકડે તે જ સાચો મિત્ર. તાળીમિત્રો તો પવન ફરે તેમ પોતાનો સઢ ફેરવી લે છે અને ઊગતા સૂર્યને પૂજવા લાગે છે. સેવક આજ્ઞાકારી અને વફાદાર હોવો જોઈએ. તે સ્વામીના કહ્યામાં ન હોય તો કુટુંબ કે પેઢીના અન્ય સભ્યો પણ સ્વામીની અવગણના કરવાના. ઉધ્ધત સેવક સ્વામીની પ્રતિષ્ઠા ઉપર પાણી ફેરવી દે છે. સાપનો ઘરમાં વાસ હોય તો તે ગમે ત્યારે ડંખ મારે છે. તેનો વહેલી તકે ઘરમાંથી નિકાલ કરવો જોઈએ.

***(લોક વ્યવહાર અને રાજનીતિનાં રહસ્યોને સરળ ભાષામાં સમજાવતી વિશ્વપ્રસિદ્ધ કૃતિ 'ચાણક્ય નીતિ'ના પુસ્તક 'સંપૂર્ણ ચાણક્ય નીતિ'માંથી સાભાર.)***

ભઈ, કન્ડક્ટરભાઈ સાહેબ, આ મારી દીકરી બસમાં એકલી જ છે. એના મામાના ઘરે જઈ રહી છે. તમે જરા એનું ધ્યાન રાખજો... ને... વાસણા આવે એટલે ઉતારી દેજો! જો ઊંઘી ગઈ હોય તો જગાડજો!

પંદર વર્ષ પહેલાંની ઘટના. ઓગસ્ટનો મહિનો હતો. વરસાદના દિવસો હતો. ચરોતરના એક જાણીતા ગામનો સુખી અને સમૃધ્ધ પટેલ પિતા એની તેર-ચૌદ વર્ષની દીકરી જયશ્રીને અમદાવાદ આવતી એસ.ટી.ની બસમાં બેસાડતી વખતે કન્ડક્ટરને ભલામણ કરી રહ્યો હતો. છોકરીને જે સીટ ઉપર જગ્યા મળી, એ જ બેઠક ઉપર અમદાવાદના મૂકેશભાઈ પણ બેઠા હતા. અને ચૂપચાપ આ દશ્ય જોઈ - સાંભળી રહ્યા હતા.

જયશ્રીના પિતા રમણભાઈ પટેલ બસ ઉપડવાની થઈ ત્યાં સુધી ઊભા રહ્યા. બારીમાંથી જયશ્રીને શિખામણ પીરસતાં રહ્યા.

'બેટા, ખેતરનું કામ ન હોત તો હું તારી સાથે જ આવ્યો હોત. આમ તને સાવ એકલી તો મોકલું જ નહીં ને! તું પણ ભારે જીદ્દી નીકળી. મામાના ઘરે જવું છે... ભાઈને રાખડી બાંધવી જ છે! એક મહિનાથી આ બે જ વાક્યો સાંભળીને આખા ઘરનાં કાન પાકી ગયા. નહિંતર આજ દિન સુધી તને ક્યાંક એકલી જવા દીધી નથી.'

બાપની શિખામણ તો હજુયે ચાલુ જ હતી. "જયશ્રી બેટા! જાતનું ધ્યાન રાખજે. બારીમાંથી હાથ બહાર કાઢીશ નહીં અને આ કળિયુગ છે. કોઈનોય વિશ્વાસ કરતી નહીં. પુરુષથી તો ખાસ ચેતતી રહેજે. ચાલુ બસમાં કોઈ કંઈ ખાવા-પીવાનું આપે તો ના પાડી દેજે. વાસણા આવે એટલે કન્ડક્ટરને પૂછીને ખાતરી કરીને ઉતરી જજે. ત્યાં તો તારા મામા તને લેવા માટે આવી જ ગયેલા હશે. ઘરે પહોંચ્યા પછી મને ફોન કરી દેજે કે તું સહીસલામત પહોંચી ગઈ છે."

બસ ચાલુ થઈ. એના એન્જિનની ઘરઘરાટીમાં બાપના શબ્દો ડૂબી ગયા. જયશ્રીની બાજુમાં બેઠેલા ચાલીસ વર્ષના મૂકેશભાઈ મનોમન વિચારી રહ્યા, 'બિચારો બાપ! શું જમાનો આવ્યો છે! દીકરી નાની હોય કે મોટી, એનાં બાપને એની કેટલી બધી ફિકર હોય છે! આ બાપડી તો માંડ તેર-ચૌદ વર્ષની હશે. અંગ ઉપર હજુ તો જુવાની બેસવાને ચાર-પાંચ વર્ષની વાર છે તોયે એનાં બાપને દીકરી ક્યાંક ચૂંથાઈ ન જાય એની ચિંતા સતાવે છે. બાપની ફિકર પણ વ્યાજબી છે. શિકારીઓને તો શિકાર સાથે નિસબત છે. શિકારની ઉંમર સાથે એમને શી લેવાદેવા?'

ટિકિટ... ટિકિટ...! કરતો કન્ડક્ટર આખી બસમાં ફરી વળ્યો. જયશ્રીએ? વાસણાની ટિકિટ માંગી. કન્ડક્ટરે પૈસા લીધા. ટિકિટ ફાડી આપી. સાથે હૈયાધારણ પણ આપી, 'ગભરાતી નહીં હો બેટા! વાસણા આવે એટલે હું તને...'

જયશ્રી ગભરાતી રહી. બાજુમાં બેઠેલા મૂકેશભાઈને યાદ કરાવતી રહી. દર અડધા કલાકે પૂછતી રહી, 'વાસણા જતું તો નથી રહ્યું ને કાકા? મને તો ઊંઘ આવે છે, પણ તમે ધ્યાન રાખજો હોં ને! મને જગાડવાનું ભૂલી ન જતા.'

આમ જુઓ તો આખીય ઘટના સુખાંત સાથે પૂરી થઈ ગઈ હોત. પણ જીવનની સફર એટલી સરળ નથી હોતી. પાયામાં ધરબાયેલી સૌથી મોટી ગરબડ 'વાસણા' નામના કારણે સર્જાઈ ગઈ. ચરોતરમાં વાસણા નામનું એક સાવ નાનું ગામ છે એ વાતની ખબર કન્ડક્ટરને તો હતી જ, પણ અમદાવાદમાં રહેતા મૂકેશભાઈને ન હતી. કન્ડક્ટર છેક છેવાડાના ભાગે બારણાની બાજુમાં આવેલી એની બેઠકમાં બેઠો બેઠો ટિકિટનો વકરો ગણી રહ્યો હતો, ત્યાં વાસણા લખેલું પાટિયું ક્યારે પાછળ છૂટી ગયું એ વાતની કોઈને ખબર ન રહી. મૂકેશભાઈનું પોતાનું રહેવાનું અમદાવાદના જીવરાજ પાર્ક વિસ્તારમાં. એટલે એ તો એક જ 'વાસણા'ને ઓળખે. અને જ્યારે બસ અમદાવાદના વાસણા આગળ આવી પહોંચી ત્યારે મૂકેશભાઈએ જયશ્રીને જગાડી. 'બેટા, વાસણા આવી ગયું.'

જયશ્રી તો ડઘાઈ જ ગઈ. આવડું મોટું શહેર, આટલી બધી ઝાકમઝોળ, આટલાં બધાં વાહનો અને માણસોની ભીડ! બાપડી રડવા માંડી. 'મારે અહીં નથી ઉતરવું. મામાનું વાસણા તો સાવ નાનકડું છે.' બસના મુસાફરો ભેગા થઈને એને છાની રાખવા માંડ્યા. કન્ડક્ટરે રસ્તો ચીંધાડ્યો, 'બસ પોલીસ સ્ટેશને લઈ લઉં?'

છોકરીને પોલીસના હાથમાં સોંપી દઈએ. એ લોકો એને સહીસલામત રીતે એનાં મામાના ઘરે પહોંચાડી દેશે. 'પેસેન્જરોમાંથી એક પણને આ 'સહીસલામત'વાળી વાતમાં ભરોસો ન પડ્યો. જયશ્રીએ પણ છાપામાં પોલીસ સ્ટેશનમાં બનતી દુર્ઘટનાઓ વિશે વાંચેલ હતું. એટલે એનો ભેંકડો વધારે મોટો થઈ ગયો. છેવટે મૂકેશભાઈએ પૂછ્યું, 'બેટા, મારામાં વિશ્વાસ પડે છે? તો મારી સાથે ચાલ.'

જયશ્રીને મૂકેશભાઈની આંખોમાં સજ્જનતા દેખાણી. એણે રડતા રડતા હા પાડી દીધી. રીક્ષામાં મહેમાનને લઈને મૂકેશભાઈ ઘરે આવ્યા ત્યારે સાંજનો સૂરજ એના આખરી કિરણો ફેંકીને અમદાવાદને 'આવજો!' કરી રહ્યો હતો. ફ્લેટમાં પહોંચીને મૂકેશભાઈએ પત્નીના હાથમાં જયશ્રી સોંપી. 'પારકી થાપણ છે. આજની રાત આપણે સાચવવાની છે.'

પત્નીએ જયશ્રીને સોડમાં લીધી. બે નાના દીકરાઓ જયશ્રીને વીંટળાઈ વળ્યા. જયશ્રી માટે ગરમ ગરમ ભોજન પીરસાઈ ગયું. પણ જયશ્રીની હાલત કફોડી હતી. એક તરફ એના કાનમાં પિતાની શિખામણ ગુંજતી હતી, 'પારકા માણસોનો ભરોસો કરવો નહીં. કોઈ કશું ખાવાપીવાનું આપે તો લેવું નહીં.' એણે ભોજન કરવાની ના પાડી દીધી.

'બેટા તારી પાસે તારા ઘરનો કે મામાના ઘરનો ફોન

નંબર છે? તો હું વાત કરી લઉં.' મૂકેશભાઈએ રસ્તો કાઢ્યો. પણ જયશ્રી એટલી હદે ગભરાઈ ગઈ હતી કે એને કશું યાદ જ આવતું ન હતું. એણે તો એક જ વાતની રટ લીધી 'મને ગમે તેમ કરીને મારા મામાના ઘરે લઈ જાવ. અત્યારે ને અત્યારે જ.' ખૂબ સમજાવી ત્યારે જયશ્રીએ બે કોળિયા ખાધા. રાત્રે સાડા નવ વાગ્યે મૂકેશભાઈ એને લઈને પાછા એસ.ટી. સ્ટેશને પહોંચ્યા. વાસણા જવા માટે બસ ઉપડી.

રાત્રે અગિયાર વાગે જયશ્રીનાં મામાના ઘરે પહોંચ્યા. મામાના હાથમાં ભાણી સોંપી. બધી વાત કરી. ત્યાં સુધીમાં જયશ્રીનાં પિતાના ઘરે અને મામાના ઘરે રડારોળ જામી ચૂકેલી હતી. જયશ્રી ગુમ થવાની વાતથી ધરતીકંપ મચી ગયો હતો.

જયશ્રીને જીવતી જાગતી અને અખંડ હાલતમાં જોઈને બંને પરિવારોમાં હાશ વળી. રાત્રે વાસણાથી મૂકેશભાઈ જ્યારે પોતાના ઘરે પાછા ફર્યા ત્યારે ઘડિયાળમાં સાડા ત્રણ વાગ્યા હતા. પત્ની જાગતી સૂતી હતી. 'એ લોકોને શાંતિ થઈ હશે નહીં? તમારો આભાર માન્યો કે નહીં?' 'આપણે જે કર્યું એ માનવતા ખાતર કર્યું ને? કોઈ આભાર માને કે ન માને એનાથી આપણને શો ફરક પડવાનો?' મૂકેશભાઈના વાક્યોમાં રહેલી હતાશા સૂચક હતી. પણ એમને ખબર નહોતી કે એમણે જે દીકરી માટે સદ્કાર્ય કર્યું એ એક પટેલની દીકરી હતી અને ચરોતરના પટેલો આભાર વ્યક્ત કરવાની વાતે ભલે 'જાડા' હોય છે, પણ હોય છે જબરા.

આ વાતની સાબિતી બીજા દિવસે મળી ગઈ. ગાડીઓમાં ભરાઈને જયશ્રીનાં મા-બાપ અને મામા-મામી સપરિવાર આવી ચડ્યાં. ભેટ સોગાદો મૂકેશભાઈના દીકરાઓ માટે હતી અને આભાર મૂકેશભાઈ માટે હતો. જયશ્રીના પિતા રમણભાઈની આંખો ભીની હતી. 'જો તમે ન હોત તો મારી દીકરીનું શું થાત?' પછી એમણે દીકરીની દિશામાં ફરીને આદેશ આપ્યો, 'બેટા, તારા આ બે ભાઈઓના હાથ પર રાખડી બાંધ! આજથી આપણો નવો સંબંધ શરૂ થાય છે.' રાખડી, રૂપિયાની આપ-લે, ભોજન પછી ભાવભીની વિદાય. સંબંધના દાણાં આયખાના ખેતરમાં વવાઈ ચૂક્યા હતા. હવે પ્રતીક્ષા હતી ફસલ ઉગવાની. ફસલ ઊગી અને મબલખ ઊગી. વર્ષમાં બે વાર જ્યારે વેકેશન પડે ત્યારે રમણ પટેલ મૂકેશભાઈને સહકુટુંબ એમના ઘરે રજાઓ ગાળવા તેડાવે. બદલામાં રમણભાઈને તો વર્ષ દરમિયાન સોવાર અમદાવાદનો ફેરો ખાવાનો થાય. દર વખતે ઉતરવાનું તો મૂકેશભાઈના ઘરે જ હોય. અને દર રક્ષાબંધનના દિવસે જયશ્રી એકને બદલે બે 'વાસણા'ની મુલાકાત લેવાનું ચૂકે નહીં.

વર્ષો વીતતા ગયા. જયશ્રીએ કિશોરાવસ્થાની વાડ કૂદીને યૌવનના બગીચામાં પગ મૂક્યો. સારી તો હતી જ, હવે સુંદર પણ દેખાવા માંડી. એના માટે મુરતિયાની શોધ ચાલી. આખરે અમેરિકામાં વસતો સુખી ઘરનો ગ્રીનકાર્ડ હોલ્ડર જુવાન મળી ગયો. લગ્ન લેવાયા.

'આપણી જયશ્રી દીકરીનાં લગ્ન છે. કંઈ સૂઝે છે?' મૂકેશભાઈના પત્નીએ પૂછ્યું. 'એમાં વિચારવાનું શું? જયશ્રી મને મામા કહે છે તો મામેરું તો કરવું જ પડે ને?' મૂકેશભાઈ સાવ સાધારણ સ્થિતિના માણસ હતા, તો પણ ગજા ઉપરનું મોસાળું કરવા માટે જયશ્રીનાં માંડવે પહોંચી ગયા. લગ્ન પતી ગયા, હનીમુન પણ પતી ગયું. મુરતિયાનું પાછા અમેરિકા જવાનું ટાણું નજીક આવી ગયું. જયશ્રીના પણ ત્યાં જવાની વિધિ કરવાની જ હતી. એ માટે તો અમદાવાદ આવવું જ પડે. જયશ્રી એના વરને લઈને 'મામા'ના ઘરે આવી. અમેરિકન મુરતિયાની નવાઈનો પાર ન હતો. 'આપણે પટેલ... અને... મામા જૈન?' જવાબમાં નવી નવેલી દુલ્હને અતીતમાં બની ગયેલી વાસણા નામની શરતચૂક વિશે માંડીને વાત કરી.

પતિ બોલ્યો, 'વાઉ! જો આવી વાત હોય તો મામાનો સૌથી મોટો ઉપકાર તો મારા માથે કહેવાય! પૂછ કેવી રીતે?' 'કેવી રીતે?' એ રાતે જો મૂકેશમામાએ તને બચાવી ન હોત, તો તું અત્યારે ક્યાં હોત? મને પત્નીરૂપે તો ન જ મળી હોતને! મારે પણ આ સંબંધને યાદ રાખવો પડશે.' કહીને એણે રૂપાળી પત્નીને આલિંગનમાં લીધી. પતિ-પત્ની અમેરિકા પહોંચી ગયા.

એ પછી એક દિવસ જયશ્રીનાં વરનો મૂકેશભાઈ ઉપર ફોન આવ્યો. 'મામા, બે દિવસ હું તમારા ઘરે રહ્યો. એમાં હું તમારી આર્થિક તકલીફો અને ચિંતા વિશે ઘણું બધું જાણી ચૂક્યો છું. પણ હવે તમે મૂંઝાશો નહીં. તમારા બંને દીકરાઓને કોમ્પ્યુટરનું કે એમ.બી.એનું ભણાવો. હજુ તો બંને નાના છે. પણ જેવા એ બંને જુવાન થાય, એવા જ હું એમને અમેરિકા બોલાવી લઉં છું. ના, ઉપકાર કરતો હોઉં એ રીતે નહીં, પણ બા-કાયદા એકની સાથે મારી સગી બહેન પરણાવીને અને બીજા માટે મારા પરીચિતોમાંથી કોઈ યોગ્ય કન્યા શોધીને.'

સામો છેડો ચૂપ હતો. માત્ર મૂકેશભાઈનો ડૂમો સંભળાઈ રહ્યો હતો. જમાઈ બોલતો રહ્યો, 'મામા, તમે રડો છો શા માટે? આમાં મેં ક્યાં મોટો મીર માર્યો છે? અરે, આ તો તમે વાવેલો સંબંધ છે, જે હવે સોળ આની ફસલ સાથે ઊગી નીકળ્યો છે.'

એ રાત્રે મૂકેશભાઈ એમની પત્નીને કહી રહ્યા હતા, 'મને એ સમજાતું નથી કે બ્રહ્માંડનું સંચાલન કરતી જે અદૃષ્ટ શક્તિ છે એના મનમાં શું રહેલું હોય છે! જયશ્રી ભૂલી પડી, એ દુર્ઘટના હતી કે સુ-ઘટના? કે પછી મેં ખરે સમયે નિઃસ્વાર્થ બુદ્ધિથી મારી ફરજ સમજીને કરેલું કૃત્ય આપણને આ ચમત્કાર બતાવી રહ્યું છે? કે પછી લોકો કહે છે એ સાચું હશે કે ઈશ્વર સારા માણસોનું ધ્યાન હંમેશાં રાખતો જ હોય છે! બાકી આપણે ક્યાં આવી કોઈ અપેક્ષા રાખી હતી?'

# અસાંજે કાછે વેંધાસી

હંસરાજ કંસારા



કચ્છીઓ જેટલા કચ્છમાં રહે છે, તેનાથી વધુ કચ્છથી બહાર દેશ-વિદેશમાં વસે છે. પેઢીઓથી પરદેશ વસાવ્યું હોય તો પણ તેમની 'મા ભોમ' પ્રત્યેની મમતા મક્કમ રહે છે. કચ્છ સ્થિત તેમનાં આસ્થાનાં સ્થાનકોના દર્શને, ધાર્મિક વિધિ-વિધાનોના સંપન્ન માટે તેમજ સારા માઠા અવસરો ટાણે અને સગાવહાલાંના ખબર અંતર લેવા નિમિત્તે તેઓ પ્રસંગોપાત રૂબરૂ કચ્છ આવી, તેમનો કચ્છ સાથેનો તન-મનનો નાતો પેઢી દર પેઢી જાળવી રાખે છે.

કવિ શ્રી દુલેરાય કારાણીએ એમના 'હમ વતનીઓ'ની આ વતન પ્રીતિને સમજીને એને વ્યક્ત કરવા એક કચ્છી કાવ્ય રચ્યું છે.

આપણા સમાજના મોટાભાગના પરિવારોની માતૃભાષા ગુજરાતી છે. પરંતુ 'કચ્છી' આપણી 'ભૂ ભાષા' છે, જે આપણા માટે સમજવી સહેલી છે. તેમ છતાં વાચકો એનો આસ્વાદ સુપેરે માણી શકે તે માટે અહીં આ કાવ્ય સાથે ગુજરાતી ભાષામાં એની થોડી સમજુતી પણ આપી છે.

## "અસાંજે કાછે વેંધાસીં"

*(કચ્છના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં લોકો 'કચ્છ'નો 'કાછો' જેવો ઉચ્ચાર કરે છે.)*

*કચ્છ મિઠો વેરાણ, અસાંજે કાછે વેંધાસીં*
*વલો વતન ચિત્ત મેં તો ચૂણકે, હિતે ન રોંધાંસીં*

*ઉત્તર ઝણકે ઝોર મિંજા, પોય 'સી' મેં ઠરંધાંસીં*
*ધોમ ધુખેંનેં તપંધે તિડકે, પેરે બરંધાં સીં.*

*વિજે વરાકા વિજ ઈસાની, ચોમાસે જા ડીં*
*કાછે મેં કામાય લગંધે, મીં મેં ભિજંધાસીં.*

*કારા ભમ્મર કોડીલા ડુંગરડા ડિસધાંસીં*
*ડુગરડેંને જબલડેં જે કાછેં વેંધાસીં.*

*ઢોલક ને તંબૂરે ભેર્યું, કાફીયું કુછધાંસીં*
*ચંગા પિર જિયા ચોંધાંસીં ને સામા સુણધાંસીં.*

*કચ્છ મિઠલડો ને કોડીલો તેં કે વિસરોં કીં?*
*કાછેલા કુલભાન, ખિલંધે ખિકાંધે થીંધાસીં.*

*તવાર તનમેં લગી, વતન કચ્છડેજી કારાણી!*
*અસીં પંખીડા યાર, ઉડામી કાછેં વેંધાસીં.*

**– કારાણી કાવ્યકુંજ**

*"કચ્છ મિઠો મેરાણ..."*

કાવ્યના પ્રારંભે જ કવિ એના વહાલા વતન કચ્છને મીઠો (ખારો નહીં) મહેરામણ કહી બિરદાવે છે. અને કહે છે કે અમે કચ્છ જશું. અને એ કચ્છ અને એની આબોહવાની વાત કરતાં કહે છે કે, *'...ઉત્તર ઝણકે...'*

*'પોય 'સી' મેં ઠરંધાંસીં'* ઓતરાદા પવનના સુસવાટે અમે 'સી' એટલે કે 'ટાઢ'માં થરથરશું.

*'ધોમ ધુખેં... પેરે વરંધાંસીં'* અને ઉનાળાના ધોમધખતા તડકામાં અમારા પગ દઝાડશું.

*'વિજ ઈસાની, ચોમાસેં જા ડીં મીં મેં ભિજંધાંસીં.'*

ઈશાની ખૂણે વિજળીના ઝબકારે ચોમાસાના વરસાદમાં ભીંજાશું, કાળા ભમ્મર કોડીલા ડુંગરો જોશું, ઢોલક અને તંબુરાની સંગતે 'કાફી' ગાશું અને પિરોલીઓ લલકારશું.

('કાફી' કચ્છી લોકગીતનો એક પ્રકાર છે. પ્રત્યેક કચ્છીને હૈયે અને હોઠે વસેલું કચ્છી રાષ્ટ્રકવિ નિરંજનનું કાવ્ય 'મુંજી માતૃભૂમિ કે નમન' કચ્છના ખાસ રાગ 'કાફી'માં છે.)

આવા અમારા કોડીલા કચ્છની અમને ***"...તવાર તનમેં લગી..."*** લગની લાગી છે. એને અમે કેમ ભૂલીએ? અમે પંખી બની ઊડીને પણ કચ્છ તો જશું જ.

વતન પ્રીતિની આ ભાવના સ્વ. કારાણીએ જાત અનુભવે જાણી અને માણી છે. તેઓશ્રી તેમના જીવનની મધ્યાવધિએ સોનગઢ (સૌરાષ્ટ્ર) ગયા અને ત્યારબાદ અમદાવાદ સ્થાયી થયા. જોગાનુજોગ, આ માસ, કવિશ્રી દુલેરાયજીનો જન્મ તેમજ દેહવિલયનો માસ છે. (જન્મ : ૨૬ ફેબ્રુઆરી, ૧૮૯૬ ● અવસાન : ૨૬ ફેબ્રુઆરી, ૧૯૮૯). અતઃ ઉપરોક્ત કાવ્યના આલ્હાદક સાથે એમને સ્મરણાંજલી રૂપે, એમનો આછેરો પરિચય પણ અત્રે પ્રસ્તુત છે.

દુલેરાયજીનો જન્મ મુંદ્રા મુકામે થયો. તેઓશ્રી કચ્છના ગુંદિયાળી ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. ત્યારબાદ કચ્છ રાજ્ય એજ્યુકેશન ઈન્સ્પેક્ટર થયા. આ નોકરીમાં એમને શાળાઓની ચકાસણી હેતુ એમને કચ્છના ગામડાંઓમાં જવાનું થતું. 'સાહિત્ય જીવ' તો હતો જ. સાથે સાથે અધ્યાપકની જીજ્ઞાસુ અભ્યાસવૃત્તિ અને કર્તવ્યનિષ્ઠા પણ હતી. એમણે કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં જીવંત એવું સદીઓથી કંઠોપકંઠ વહેતું કચ્છી લોકસાહિત્ય આત્મસાત્ કરી, વર્ષોની જહેમતે એને કલમબધ્ધ કર્યું. ડૉ. હરિભાઈ ગોદાણીએ એમને "કચ્છના મેઘાણી" તરીકે બિરદાવ્યા છે.

***સોરઠે મેઘાણી નીપજ્યો, ને કચ્છે કારાણી***
***લોકસાહિત્ય ઉલેચ્યું, એની વાતું વંચાણી.***

કચ્છની લોકવાર્તાઓ સમાવતું એમનું પ્રથમ પુસ્તક 'રસ ઝરણા' ૧૯૨૮માં પ્રકાશિત થયું. ત્યારથી લઈને છેક ૧૯૮૯માં એમનું અવસાન થયું તે અરસા સુધી તેઓશ્રીએ સતત લોક સાહિત્ય સંશોધન, સંપાદન ઉપરાંત મબલખ મૌલિક સાહિત્ય સર્જન કર્યું છે.

# M/s. Jatubhai Velji & Sons

**Hospital Road, Bhuj-Kutch. Tel: 02832 - 221357, 227357, 226357**


# M/s. J. V. Jewellers

**Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 256077**

# M/s. Harshadkumar & Co.

**Kansara Bazar, Bhuj-Kutch. Tel: 02832 - 255888**

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00